## શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય

# ઈતિહાસ અને તવારીખ

-રતિલાલ મ. પટેલ



:: પ્રકાશક ::

શ્રી ઉમિયા માતાજી-ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ

વાંઢાય, પો. દેશલપર-કચ્છ.

## શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય

# ઈતિહાસ અને તવારીખ

-રતિલાલ મ. પટેલ



:: પ્રકાશક ::

**શ્રી ઉમિયા માતાજી-ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ**

વાંઢાય, પો. દેશલપર-કચ્છ.

## :: સને ૧૯૭૭ થી સને ૨૦૨૪ સુધીના ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયના પ્રમુખશ્રીઓ ::




**શ્રી પ્રેમજીભાઈ રામજી અમૃતિયા**
કલ્યાણપર



**ડો. વી. એચ. પટેલ**
લુડવા-ભુજ



**શ્રી નારણભાઈ રામજી પોકાર**
રાયણ મોટી-ભુજ



**શ્રી શિવદાસભાઈ ગોવિંદ છાભૈયા**
દરશડી-ભુજ



**શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા**
રાજપર-ભુજ



**શ્રી રવિલાલભાઈ કેશરા રામજીયાણી**
દેશલપર-મુંબઈ



**શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ**
દુર્ગાપુર-ભુજ

## ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય

# ઈતિહાસ અને તવારીખ

રતિલાલ મ. પટેલ

—: પ્રકાશક :—

શ્રી ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ

મું. વાંઢાય, પો. દેશલપર તા. ભુજ-કચ્છ.

**ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય**
ઈતિહાસ અને તવારીખ

**લેખક :** રતિલાલ મ. પટેલ



**પ્રથમ આવૃતિ** : એપ્રિલ ૨૦૧૭
**બીજી આવૃતિ** : માર્ચ ૨૦૨૩
**પ્રત** : ૨૦૦૦
**મૂલ્ય** : રૂ. ૫૦/–

**પ્રકાશક :**
શ્રી ઉમિયા માતાજી ઈશ્વરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ,
મુ. વાંઢાય, પો. દેશલપર, તા. ભુજ જિ. કચ્છ
પીન : ૩૭૦૦૪૦

**પ્રાપ્તિ સ્થાન :**
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
મું. વાંઢાય, પો. દેશલપર તા. ભુજ–કચ્છ.
ફોનઃ૦૨૮૩૨–૨૭૬૨૩૨

**ટાઈપસેટિંગ અને મુદ્રણ :**
શ્રીજી ઓફસેટ
સ્ટેશન રોડ, ભુજ--કચ્છ.
ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭





# પ્રકાશક સંસ્થાનું નિવેદન

આ વર્ષે ઉમિયા માતાજી મંદિરનો અમૃત મહોત્સવ ઉજવાઇ રહ્યો છે ત્યારે આ પાવન પ્રસંગની સ્મૃતિમાં ઉમિયા માતાજીના મંદિરની ઐતિહાસિક તવારીખ દર્શાવતા પુસ્તકને આપ સૌ વાચકોના હાથમાં મૂકતાં અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ.

જે ગામમાં પાટીદારોનું એક પણ કુટુંબ રહેતું નથી એવા નાનકડા ગામ વાંઢાયમાં કુળદેવી મા ઉમિયાનું મંદિરનું નિર્માણ કયા ઉદ્દેશથી કરાયું હશે એ જાણવાની જિજ્ઞાસા સૌને હોય એ સ્વાભાવિક છે. સંતોની તપોભૂમિ પર આ મંદિર કયા સંજોગોમાં બંધાયું? તેના પાછળ કયા પરિબળો હતા અને તેના નિર્માણ પાછળ કોણે પોતાનું યોગદાન આપ્યું આ બધી વાસ્તવિક હકીકતોને ઉજાગર કરવાના ઉમદા આશયથી આ પુસ્તક પ્રકાશિત કરાયું છે.

આમ તો આ બધી હકીકતો ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા પ્રકાશિત થયેલ સ્મૃતિગ્રંથમાં લખવામાં આવી જ છે, પરંતુ એ દળદાર ગ્રંથને વાંચવાનું આ ઝડપી યુગમાં કદાચ ઓછું સંભવ બને તેથી બધી ઐતિહાસિક વિગતોને સંક્ષિપ્તમાં આ પુસ્તકમાં સમાવી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ અગાઉ આ સંસ્થાએ 'ઉમિયા માતાજી મંદિરનો ઈતિહાસ અને તવારીખ' નામે પુસ્તિકા પ્રકાશિત કરી હતી તેની જ આ સુધારા-વધારા સાથેની આવૃત્તિ પ્રકાશિત કરી રહ્યા છીએ, જે નવી પેઢીને વાંઢાયના ઉમિયા માતાજી મંદિરને ઉમિયા માતાજી સંસ્થાનની વિકાસની તવારીખ જાણવામાં ઉપયોગી બની રહેશે એવો અમને વિશ્વાસ છે.

કુળદેવી મા ઉમિયાનો મહિમા વધે અને તેમના યશોગાન ગવાતા થાય એ હેતુથી કુળદેવીના મૂળ સ્થાન ઊંઝાથી જ્યોત લાવીને મા ઉમિયાને કચ્છની ધરા પર બિરાજમાન કરવામાં આવેલ છે. આજે આ મંદિર કચ્છના કડવા પાટીદારોની આસ્થાનું કેન્દ્ર બની ગયું છે.

આ પુસ્તકનું લેખન અને સંપાદન કરવા બદલ 'ઉમા દર્પણ'ના તંત્રી રતિભાઇ પોકારને ધન્યવાદ આપવા ઘટે. મા ઉમિયાના આશીર્વાદ આપ સૌ પર સદા સર્વદા વરસતા રહે એ જ અભ્યર્થના સહ...

તા. ૧/૩/૨૦૨૩

હંસરાજભાઇ દેવજી ધોળુ
પ્રમુખ,
ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ





# લેખકની કેફિયત

કોઈ પણ પવિત્ર તીર્થસ્થાન અને ધર્મસ્થાનનો ઈતિહાસ જાણવાની સૌને ઉત્કંઠા રહેતી હોય છે. એ પાવનધામનો મહિમા જાણ્યા પછી તેના પ્રત્યેનો અહોભાવ વધી જતો હોય છે. સંતોની તપોભૂમિ વાંઢાયમાં આવેલું ઉમિયા માતાજી મંદિર પણ આવું જ એક તીર્થધામ છે. ૭૯ વર્ષ અગાઉ બંધાયેલા આ મંદિરનો ઈતિહાસ આજની પેઢી જાણે અને કુળદેવી મા ઉમિયામાં તેની શ્રદ્ધા દૃઢ બને તે ઉદ્દેશથી આ પુસ્તક લખવાનો ઉપક્રમ રહ્યો છે. મુખ્ય ત્રણ કારણોસર આ સ્થાનનો મહિમા રહ્યો છે. એક તો આ સ્થાન કચ્છમાં કડવા પાટીદારોના કુળદેવીનું મુખ્ય સ્થાન છે. બીજું આ સંતોની પ્રેરણાથી તેનું નિર્માણ થયેલું છે અને ત્રીજું કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ચાલતી ધર્મજાગૃતિની મોહિમને બળ આપવા તેનું સ્થાપન કરાયું છે.

ઉમિયા માતાજીનું મંદિર કયા સંજોગોમાં બંધાયું, તેના પાયામાં કોણે યોગદાન આપ્યું અને તે સંસ્થાની વિકાસયાત્રામાં કેવા ચડાવ-ઉતાર આવ્યા એ બધી ઐતિહાસિક હકીકતોને આ પુસ્તકમાં ઉજાગર કરવામાં આવી છે. આ મંદિરના નિર્માણ પહેલાંની પૂર્વભૂમિકા સમજવા કચ્છ કડવા પાટીદારોના ઈતિહાસનું પણ વિહંગાવલોકન કરવાનો પ્રયાસ પણ આ પુસ્તકમાં કરાયો છે. તેની સાથે કચ્છ કડવા પાટીદારોના ધર્મજાગૃતિ અભિયાનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ વાંઢાયની હરિહર પરંપરાના સંતોનું બહુમૂલ્ય યોગદાન રહ્યું છે એ સંતોની સંક્ષિપ્ત જીવની પણ આ પુસ્તકમાં કંડારવામાં આવી છે.

વર્તમાનમાં ઉમિયા માતાજી સંસ્થાન-વાંઢાય દ્વારા ચાલતી વિવિધ ધાર્મિક-સામાજિક અને માનવસેવાની પ્રવૃત્તિઓનું આલેખન કરી અતીતને વર્તમાન સાથે જોડવાનો નમ્ર પ્રયાસ કરાયો છે.

આ પુસ્તકનું આલેખન કરવામાં ઉમિયા માતાજી સંસ્થા વાંઢાય દ્વારા પ્રકાશિત સ્મૃતિગ્રંથ, ઈશ્વર આશ્રમ દ્વારા પ્રકાશિત 'ઈશ્વરીય વિહારી વિલાસ', કેન્દ્રીય સમાજ દ્વારા પ્રકાશિત 'કચ્છ કડવા પાટીદારોનો ઈતિહાસ' વગેરે પુસ્તકો તેમજ દેવશીભાઈ ગોગારી દ્વારા લખાયેલ 'ઉમિયા માતાજી મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠાનો આંખેદેખ્યો અહેવાલ'નો આધાર લેવામાં આવ્યો છે. આ પુસ્તકનું લેખન અને સંપાદન કરવાની મને સંસ્થા દ્વારા તક આપવામાં આવી એ માટે ઉમિયા માતાજી સંસ્થાન -વાંઢાયનો આભારી છું. અપેક્ષા છે કે આ પુસ્તક આવનારી ભાવિ પેઢીને ઉમિયા માતાજી મંદિર વિશેની ઐતિહાસિક હકીકતો જાણવામાં ઉપયુક્ત બની રહેશે.

તા. ૨૮/૨/૨૦૨૩

રતિલાલ મ. પટેલ
તંત્રી, ઉમા દર્પણ

# અનુક્રમણિકા

# કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઈતિહાસનું વિહંગવાલોકન

ઘણા યુવાનોને એ પ્રશ્ન થતો પણ હશે કે જે ગામમાં પાટીદારોનું એક પણ કુટુંબ વસતું નથી એ ગામ વાંઢાયમાં કડવા પાટીદારોની કૂળદેવી ઉમિયા માતાજીનું મંદિર કેમ બાંધવામાં આવ્યું હશે ? તે જાણવા કડવા પાટીદારના ઈતિહાસની પૂર્વ ભૂમિકા સમજવું પડશે.

એ ઈતિહાસ પ્રસિદ્ધ હકીકત છે કે પાટીદારો મૂળે કૂર્મિ ક્ષત્રિયો છે અને આર્યના વંશજો છે. વર્ષો પહેલાં તેઓ પંજાબમાં રહેતા. જરૂર પડે ત્યારે પ્રદેશના રક્ષણ માટે યુદ્ધ કરતા અને શાંતિના સમયમાં ખેતી અને પશુપાલન કરતા. સમયાંતરે તેમની વસ્તીમાં વૃદ્ધિ થતાં ને જમીન ઓછી પડતા તેઓ ભારતના જુદા જુદા વિસ્તારોમાં ફેલાયા. તેમાંના કેટલાક કૂર્મિ ક્ષત્રિયો રાજસ્થાનમાં થઈને ગુજરાતમાં આવ્યા. પંજાબના કરડ પ્રાંતમાંથી આવેલા કડવા અને લેહ પ્રાંતમાંથી આવેલા લેવા પાટીદારો તરીકે ઓળખાયા.

ઈ.સ. ૨૧૨માં ઉમાપુર હાલનું ઊંઝા નગરમાં તે સમયના રાજા વૃજપાલજીએ ઉમિયા માતાજીનું ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું અને આસપાસ વસતા પોતાના કૂળદેવી ઉમિયા માતાજીને આસ્થાથી પૂજવા લાગ્યા. ગુજરાતમાં ઘણા ગામડાઓમાં કૂર્મિઓને મુખી પણું મળતા તેઓ પટેલ તરીકે ઓળખાતા થયા અને ત્યાર પછી તેમના પરિવારોએ પણ કડવા પાટીદાર અટક ધારણ કરી. મોટા ભાગના કૂર્મિઓ ખેતીની જમીન (પાટી) ધરાવતા હોવાથી તેઓની જ્ઞાતિ પાટીદાર જ્ઞાતિ તરીકે પ્રસ્થાપિત થઈ.

ઈ.સ. ૧૪૪૯માં ઈરાનથી ગુજરાતમાં આવેલા મુસ્લિમ ગુરૂ ઈમામશાના પ્રભાવમાં કેટલાક પાટીદાર કુટુંબો આવ્યા અને તેમના શિષ્યો બન્યા. જાણીતા ઈતિહાસ કાર ગોકળદાસ પટેલ તેમના પુસ્તક "પાટીદારોનો ઈતિહાસ" માં નોંધે છે કે ગુજરાતના જે પાટીદાર પરિવારોએ પીરનો પંથ એટલે કે પીરાણા પંથ સ્વીકાર્યો તેને કારણે તેમના ભાઈઓમાં કલહ ન થાય એ ઉદ્દેશ્યથી તેમણે ગુજરાત છોડ્યું અને કચ્છમાં આવી વસ્યા. પ્રારંભમાં કેટલાક કુટુંબો વાગડમાં આવેલા શિકરા ગામે વસ્યા અને ત્યાર પછી ક્રમે ક્રમે કચ્છના વીસ ગામમાં વસવાટ કર્યો જેમાં માનકૂવા, ભડલી, વિરાણી, અંગીયા, કોટડા, નખત્રાણા, નેત્રા, વિથોણ, કુરબાઈ, મથલ, ઘડાણી, ખોંભડી, મંગવાણા, દરશડી મુખ્ય હતા.

૧૫૦ થી ૨૦૦ વર્ષ લગી ગુજરાતમાંથી કચ્છમાં કડવા પાટીદારોનો આવવાનો પ્રવાહ વહેતો રહ્યો અને તેઓ પશ્ચિમ કચ્છના છેક લખપત તાલુકા સુધી અને દક્ષિણમાં માંડવી તાલુકા સુધી ફેલાઈ ગયા. પણ તેમની મુખ્ય વસ્તી તો નખત્રાણા તાલુકામાં જ

રહી. ખેતીનો અનુભવ ધરાવતી પ્રામાણિક અને પરિશ્રમી જ્ઞાતિ હોવાથી કચ્છના રાજા તેમજ જાગીરદારોએ પણ તેમને ખેતી માટેની જમીનો આપી અને તેમને વસવાટ કરવામાં સંપૂર્ણ સહયોગ આપ્યો. કેટલાક ગામના તોરણ પણ પાટીદારોએ બાંધ્યા.

સનાતન ધર્મનો ત્યાગ કરીને પિરાણા પંથ સ્વીકારનાર એ સમયના કચ્છ કડવા પાટીદારો પોતાના કૂળદેવી મા વિશસરી ગયા હતા અને અન્ય દેવી-દેવતાઓની ઉપાસના પણ છોડી દીધી હતી. પરંતુ તેમણે શ્રીકૃષ્ણને નહોતા છોડ્યા. તેઓ નિયત કરેલ સ્થાન 'જગ્યા' માં જઈ પિરાણા પંથમાં સૂચવ્યા મુજબ નિયમિત પૂજા પાઠ કરતા પણ દર વર્ષે કૃષ્ણ જન્મ ઉજવવાનું ચુકતા નહિ. જ્ઞાતિની મહિલાઓ પણ અષાઢ અને શ્રાવણ માસમાં કૃષ્ણ-ગોપીના ગીતો ગાતી અને રાસ રમતી. એ રીતે જોઈએ તો કાનૂડાએ કડવા પાટીદારોનો ધર્મ ભ્રષ્ટ થતા બચાવ્યા એ નોંધપાત્ર હકીકત છે.

અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાતી પાટીદાર જ્ઞાતિને ૨૫૦ વર્ષ અગાઉ એક આશાનું કિરણ સાંપડ્યું. નેત્રા ગામે તેજાભાઈ સાંખલાના ઘેર એક નરવીરનો જન્મ થયો. એ હતા કેશરા મુખી સાંખલા. તેમના મનમાં પણ પિરાણા પંથ વિશે સતત મથામણ ચાલતી. તેવામાં નેત્રા ગામે સ્વામિનારાયણ સંપ્રદાયના બે સંતો સ્વામી મુક્તાનંદજી અને સ્વામી સ્વરૂપાનંદજી પધાર્યા અને યુવાન કેશરાભાઈએ સ્વામીજીના ચરણોમાં બેસીને પોતાની મનોવ્યથા ઠાલવી અને આ કલ્પિત પિરાણા પંથમાંથી છૂટવાનો માર્ગ બતાવવા પ્રાર્થના કરી. સ્વામીજીએ તેમને સનાતન ધર્મમાં પાછા આવી જવા સમજાવ્યા અને કેશરામુખી અને તેમના પરિવારે પિરાણા પંથને તિલાંજલિ આપી ઈ.સ. ૧૮૦૫ માં સ્વામિનારાયણ સંપ્રદાયમાં આવી ગયા. એટલા માત્રથી સંતોષ માનીને બેસી ન રહેતા તેમણે જ્ઞાતિના અન્ય ભાઈઓમાં પણ જાગૃતિ લાવવાનો પ્રયત્ન આરંભી દીધો અને તે કાર્યમાં તેમને સફળતા પણ મળી. એ સમય નાતના ગેઢેરાઓનો વિરોધ હોવા છતાં કેશરા મુખી પોતાના ધ્યેયમાંથી વિચલિત ન થયા. તે સમય તેમણે બે હજાર જ્ઞાતિજનોને પિરાણા પંથ છોડાવી સ્વામીનારાયણ સંપ્રદાયમાં આણ્યા. ઈ.સ. ૧૮૫૩માં સત્પંથીઓના વિરોધ વચ્ચે કેરા મુખીએ નેત્રામાં સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરાવ્યું. તેમના પગલે ચાલીને સ્વામિનારાયણ સંપ્રદાય અંગિકાર કરનાર ૬ ગામોના પાટીદારોએ પણ તેમના ગામોમાં ક્રમે ક્રમે સ્વામિનારાયણના મંદિરો બંધાવ્યા તેમાં દયાપર-દૌલતપર-રવાપર-ઘડાણી-આમારા-અંગીયા હતા. કેશરા મુખીના અથાગ પ્રયાસોથી કડવા પાટીદાર જ્ઞાતિમાં સૌ પ્રથમ સનાતની જ્યોત પ્રજ્વલિત થઈ.

કેશરામુખીને કરેલા ધર્મ જાગૃતિના આ કાર્યથી પ્રેરાઈને લોકો તેમને કેશરા પરમેશ્વરાનું બિરૂદ આપ્યું હતું. કેશરાબાપાના ઈ.સ. ૧૮૭૮માં થયેલા અવસાન પછી બરાબર પાંચ વર્ષે ઈ.સ.. ૧૮૮૩ના વિરાણી મોટીમાં એક જ્ઞાતિ રત્નનો જન્મ થયો.તેમનું નામ હતું નારાયણજી રામજી લીંબાણી. તેમને જ્યારે સમજાયું કે શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સનાતન ધર્મની રાહથી ભટકી ગઈ છે ત્યારે તેમણે જ્ઞાતિજનોને

સત્ય સમજાવવા. ગામે ગામ ફરીને લોકોમાં જાગૃતિ લાવવા નિષ્ઠાપૂર્વકના પ્રયાસો આદર્યા. તેના ભાગરૂપે નારાયણજી ભાઈએ ઈ.સ. ૧૯૨૦માં કરાચીમાં જ્ઞાતિની પ્રથમ પરીષદ યોજી અને તેમાં તેમણે જ્ઞાતિજનોને અર્ધદગ્ધ પિરાણા પંથ છોડીને વૈદિક સનાતન ધર્મની રાહપર આવી જવા આહવાન કર્યું. પરિષદમાં ઉપસ્થિત સભ્યોએ તેમની આ વાતને વધાવી લીધી પરંતુ નાતના ગેઢેરાઓના આતંકના ભયના કારણે આ પરિષદમાં નિયત ઠરાવો થઈ શક્યા નહિ. પરંતુ નારાયણજીભાઈ નાસિપાસ થાય તેવા કાચી માટીના નહોતા. ઈ.સ. ૧૯૨૨ના કરાચીમાં જ બીજી પરિષદ યોજવામાં આવી જેમાં આ ઠરાવોને પારિત કરવામાં તેમણે સફળતા મળી ત્યાર પછી તેમણે ઘણા લોકોને તેમની આ વાત ગળે ઉતારીને દેહશુદ્ધિ કરાવીને પીરાણાપંથને તિલાંજલિ આપી સનાતન ધર્મમાં લાવવામાં સફળ થયા. ઈ.સ. ૧૯૨૪માં મુંબઈમાં વસતા જ્ઞાતિજનોના સહયોગથી ઘાટકોપરમાં જ્ઞાતિની ત્રીજી પરિષદ યોજીને સમજદાર જ્ઞાતિજનોને દેહશુદ્ધિ કરી સનાતન ધર્મમાં પાછળ વાળવા સમજાવ્યા.

પીરાણા પંથમાં જે ધાર્મિક વિધીને ક્રિયા કર્મ કરવામાં આવે છે તે હિન્દુ સનાતન ધર્મના શાસ્ત્રો મુજબ નથી પણ અર્ધદગ્ધ છે એ હકીકતને ખુલ્લી કરવા નારાયણજી ભાઈએ સત્પંથ પિરાણાની પોલ'' નામે એક દળદાર પુસ્તક લખ્યું તે વાંચતા તે સમયના જ્ઞાતિજનોની આંખો ખુલી ગઈ અને જ્ઞાતિજનોમાં જાગૃતિનો પ્રચંડ જુવાળ પ્રગટ્યો.

આટલી પૂર્વભૂમિકા પછી હવે જે ભૂમિપર ઉમિયા માતાજી મંદિર નિર્માણ થયું તે સંતોની તપોભૂમિ વાંઢાયમાં થઈ ગયેલ હરિહર પરંપરાની વાત કરવી છે. હાલમાં જ્યાં માં ઉમિયાનું મંદિર છે એ સંતોના જુના દ્વારાનો આરંભ કરી સાધના કરનાર સંત હતા વિહારી સાહેબ. તેમના શિષ્ય ક્ષેમસાગરજી એ તેમની આ પરંપરાને આગળ ધપાવી. તેમના શિષ્ય થયા મહાન તત્ત્વેતા અને ભજનાનંદી મહંત ઈશ્વર રામજી, તેઓશ્રીએ આ ભૂમિપર એકાંતમાં રહીને તપ કર્યું અને પ્રભુ ભક્તિ કરી તેની સાક્ષી પૂરતો ઈશ્વર રામજી મહારાજનો ઢોલિયો આજે પણ આ સ્થાન પર દર્શનાર્થે રખાયો છે. સંત શ્રી ઈશ્વરરામજીના પટ શિષ્યા થયા લાલરામજી મહારાજ. તેઓ પણ આત્મજ્ઞાની અને તત્ત્વવેતા હતા. તેમનું શરીર પાટીદારનું હતું એટલે કચ્છના પાટીદારો સનાતન ધર્મની રાહેથી વિચલિત થઈ ગયા છે તેનું તેમને ભારોભાર દુઃખ હતું. જ્ઞાતિજનોને સનાતન ધર્મની રાહ પર વાળવા પ્રયાસો કરવા જોઈએ એવી એને ઊંડે ઊંડે ઈચ્છા હતી પણ સંજોગોને કારણે તેઓ તે કરી શક્યા ન હતા તેમની તેમણે વ્યથા પણ હતી જે અંત સમયે તેમને તેમના પટશિષ્ય ઓધવદાસ આગળ વ્યક્ત પણ કરી.

નારાયણજી બાપાના એક સમયના સાથી રતનશીભાઈ ખીમજી ખેતાણી અને તેમના સાથીદારોએ સંત શ્રી ઓધવરામજીને સાથે રાખીને ગામે ગામ ભગવાનશ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બાંધવાની ઝુબેશ ચલાવી. સને ઈ.સ.૧૯૩૮માં રતનશીભાઈ ખેતાણીના પ્રમુખ સ્થાને કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજની સ્થાપના પણ કરાઈ અને તેમના મંત્રીપદે નથુભાઈ નાનજી કેશરાણી હતા.

# શ્રી ઉમિયા માતાજી મંદિર વાંઢાયનો ઈતિહાસ

સંતોની તપોભૂમિ વાંઢાય તીર્થમાં મા ઉમિયાનું મંદિરનું નિર્માણ કયા સંજોગોમાં થયું અને તેમાં કોનું કોનું વિશેષ યોગદાન હતું. આ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કેવો ભક્તિભાવપૂર્વક અને જાજરમાન રીતે ઉજવાયો તેમાં કોની ઉપસ્થિતિ હતી આ બધી અલભ્ય ઐતિહાસિક માહિતી ''શ્રી કડવા પાટીદાર કુળ વર્ધિની ઉમિયાજી માતાના નૂતન મંદિરનો ટુંક અહેવાલ''માંથી ઉપલ્બધ થઈ છે. ઉમિયા માતાજી પ્રાણ પ્રતિષ્ઠાના પાવન પ્રસંગને નજરે નિહાળનાર શ્રી દેવશીભાઈ રામજી ગોગારી, ગ્વાલીયર સ્ટેટ પોસ્ટ સેરાઈ જીલ્લો ગુના મુ. ચકખીરીઆ દ્વારા આ અહેવાલ સંતશ્રી દયાલદાસજીની આજ્ઞાથી વિક્રમ સંવત ૨૦૦૧ મહા સુદ પુર્ણિમાના રોજ તૈયાર કરવામાં આવ્યો હતો. જેને પાછળથી પુસ્તિકા રૂપે પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ ઐતિહાસિક ઘટનાની દુર્લભ માહિતી સચવાયેલી રહે એ ઉદ્દેશથી શ્રી દેવશીભાઈ રામજી ગોગારી લિખીત અહેવાલ પુસ્તિકાને શબ્દશ અહીં પ્રકાશિત કરી છે.

**શ્રી ઉમા સ્તવન**

''શ્રી ઉમા શરણમસ્તુ જન્માંતરેષ્વપિ''
''કડવા કુલવર્ધિની શ્રી ઉમા વિજયતેતરામ્''
''યામ્બા ખડગ ત્રિશુલ બાણ નિવહં દિવયૈર્ભુજે ષડ્ભુજા''
''દુષ્ટોનાં ભયસૂચકં, સુરદ્વિષો મુંડં વહત્યનંદા''
''ભક્તાનામ ભયંકરી સુખરી ત્રેલોક્ય તાપાપહા''
''સા દેવી વૃષ વાહના સૂફલદા નિશ્રેય સાયા સ્તુવઃ''
''કડવાક્ષેત્રિ ત્રાણાર્થ પ્રાદુર્ભુતાં ઉમાપુરે''
''ઉમિયા મિશ્વરી ભક્ત્યા પ્રણયામી મૂર્હુ મુહુઃ''

**ગુજરાત વાસી સનાતન ભાઈઓની માતાજી પ્રત્યેની પૂજ્ય ભાવના :**

સંવત ૨૦૦૦ના કારતક વદી ૧૪ ના દિવસે ''શ્રી વિજય મંડળ''ના અનુયાયી ભાઈઓ એક જનરલ સભારૂપે માલપુર તાંબાના રામપુરા કંપામાં શ્રીમાન હંસરાજભાઈ નારાયણભાઈ પોકારના અધ્યક્ષપણા નીચે એકત્ર થયા, જેમાં સુધારક ભાઈઓએ હાજરી આપી સનાતનધર્મના આદેશ પૂરતા યથાઘટિત ઠરાવો નક્કી કર્યા. સમાજના ઘણા ભાઈઓએ તેમજ ઈશ્વરનગર ઉર્ધ્વ આશ્રમ તરફથી સાધુ દયાળદાસજી એ અનેક ધાર્મિક પ્રવચનો આપી સનાતની તરીકેની ફરજોનું દિગ્દર્શન કરાવ્યું. ત્યાર પછી ટૂંક સમયમાં જ એટલે કે આઠ દિવસ બાદ આંબલીઆરા તાબેના બોરડી ટીંબા મુકામે વળી, પાછું સનાતન ભાઈઓનું એક જાહેર સંમેલન ભરાયું, તેમાં અનેક ધાર્મિક તેમજ સામાજિક બાબતો ચર્ચવામાં આવી.

આવા જાગૃતિકાળના સુઅવસરને જોઈ મોતીસરીકંપા નિવાસી શ્રીમાન હરિભાઈ કરમશીભાઈના ભક્તિભર્યા હૃદયને ઓળખી શ્રી ઉમિયાજી માતાજીએ તેમના ભાવભીના મનમંદિરમાં અલૌકિક પ્રેરણા કરી. જેના અખંડ ઉમળકા વડે તેઓ શ્રીમાને શ્રી ઉમિયાજી માતાના મંદિરની સ્થાપના થવાની શુભ ઈચ્છા દર્શાવતાની સાથે સાથે તે પૂજ્ય ભાવનાના પ્રકાશ રૂપે રૂપિયા એક હજારને એક અર્પવાનું મંગળાચરણ કર્યું. માતાજી પ્રત્યેના આ પૂજ્ય પ્રસ્તાવને સહર્ષ વધાવી લેતાં સમાજના શુભેચ્છક બંધુઓએ તે પ્રસંગને એક અનુપમ કર્તવ્ય રૂપે અપનાવ્યો, અને બોરડી ટીંબા નિવાસી ભાઈઓ સમસ્ત તરફથી રૂ. ૧૦૧ તેમજ માધવકંપા નિવાસી શ્રીમાન મુરબી વાલજીભાઈ ભાણજીભાઈ વાડિયા તરફથી રૂ. ૧૫૧ તથા અન્ય કંપાઓમાંથી આવેલ ભાઈઓએ મળી તે જ સ્થળે કુલ રૂ. ૧૪૮૯ એકત્ર કર્યા.

પારમાર્થિક અને ધાર્મિક પ્રવૃત્તિઓનો મૂળ આધાર આવા ભાવિકજનોના સહર્ષ અનુશીલન ઉપર રહેલો હોય છે. હંમેશા દેવી સંપત્તિનો ઉપયોગ દેવાર્થે જ કરતા રહેવું એ મનુષ્યતાનું ચિન્હ છે. તે સિવાય તો -

દાનં ભોમો નાશસ્તિસ્ત્રે ગતયો ભવતિ વિતસ્ય ।
યોન દદાતિ ન ભુક્તાં તસ્ય તૃતિયા ગતિ ર્ભવતિ ॥ ૪૧ ॥
ભર્તુહરિ નિતિશતક

''ધનની ત્રણ ગતિ હોય છે : દાન, ભોગ અને નાશ. જેણે ધન દાનમાં ખર્ચ્યું નહિ, ભોગમાં વ્યય કર્યો નહિ, તેવા ધનની ત્રીજી ગતિનો નાશ નિશ્ચય થાય છે.''

શ્રી માતાજીની કૃપાદ્રષ્ટિ વડે શ્રીમાન હરિભાઈએ પ્રફુલ્લિત થઈને સ્થળ વિચાર કરતાં જણાવ્યું કે, આપણા કેન્દ્ર સ્થાન અને જન્મસ્થાન કચ્છ દેશમાં

આવેલ પવિત્ર ભૂમિ ઉદ્ધવ આશ્રમ - ઈશ્વરનગરમાં પ્રતિષ્ઠાસ્થાન રહેવું જોઈએ. તેમના આ વિચારોનું સમર્થન સભાના કેટલાંક ભાઈઓએ પૂરતી રીતે કર્યું. ઉપરાંત આ કાર્યની રચનાત્મક પદ્ધતિનો ઉલ્લેખ ચર્ચવામાં આવતાં સભામાં બિરાજેલા પૂજ્ય દયાળદાસજી ગુરુ ઉદ્ધવ રામજીને તેની કાર્યદક્ષતાનો ભાર વિનીત કરવામાં આવ્યો. મહારાજશ્રીએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો.

આ સ્થળે શ્રીમાન હરિભાઈ કરમશીભાઈનો ટૂંક પરિચય જણાવવાનું અસ્થાને નહિ જ ગણાય, કારણ કે સમાજમાં આવા ધર્મજ્ઞ પુરુષોના જીવનનો કેટલોક અંશ આદર્શ નાગરિકતાનાં સૂત્રો શીખવતો થાય છે.

શ્રીમાન હરિભાઈ કરમશીનો ટૂંક પરિચય.

શ્રીયુત હરિભાઈ કચ્છ તાબાના ગામ શ્રી મથલના રહેવાસી છે. તેઓએ પોતાના જન્મકાળથી લઈને આજ દિવસ પર્યંત અનેક વહેવારી બાબતોની જીવન-સમસ્યાઓને એકધારી વિશાળતા વડે સચોટ રીતે ઉકેલી પોતાના વ્યક્તિગત તેમજ સામાજિક જીવનને બહુ જ આદર્શ બનાવ્યું છે. તેમને સંતાનસંપત્તિમાં ચાર પુત્રો પૈકી ચિ. ડાહ્યાભાઈ, મેઘજીભાઈ, ભાઈલાલભાઈ તથા ખુશાલભાઈ છે. તેઓ પણ પિતાના આદર્શને ગ્રહણ કરી કુળવાન તેમજ આજ્ઞાકારી હોવાથી શ્રીમાન હરિભાઈને પોતાના જીવનમાં અનેરો સાથ મળે છે. તે કુટુંબની ધાર્મિક પ્રવૃત્તિ તેમજ સમાજ હિતસ્વી કારકિર્દી ખરેખર પ્રશંશનીય છે. શ્રી કુળદેવી ઉમિયા માતા પ્રત્યેનો અગાધ વિશ્વાસ એ એમના જીવનકાળમાંથી આપણને સહેજે સમજી શકાય તેમ છે.

ઉપરોક્ત બોરડી ટીંબાકંપાની સભામાં માતાજીના મંદિર થવાના પ્રસ્તાવની સાથે સાથે ઈશ્વરનગર (વાંઢાય) ઉદ્ધવ આશ્રમમાં રહેલા કેટલાક પાટીદાર ભાઈઓના અપંગ બાલ વિદ્યાર્થીના પોષણાર્થે યથાશક્તિ દાન કરવા માટે પૂજ્ય મહારાજ શ્રી દયાળદાસજીએ આદેશ સભામાં સંભળાવ્યો હતો. જેના પરિણામમાં ઉદાર ગૃહસ્થોએ રૂ. ૪૦૮ સંસ્થાને અર્પણ કર્યા હતા.

ત્યાર બાદ માતાજીના મંદિરનું કામકાજ સત્વરે ચાલુ થવાના બહુમતી ઠરાવ ઉપરથી મહારાજશ્રી દયાળદાસજી ચાર દિવસના ટૂંક સમયમાં કેટલુંક પ્રચારકાર્ય કરીને તરતમાં જ આશ્રમસ્થળે એટલે કે કચ્છ દેશમાં ગયા હતા.

પૂજ્ય ગુરુમહારાજ શ્રી ઉદ્ધવ રામજીની અનુમતી :

ગુજરાતના ઉત્સાહી વાતાવરણમાંથી કચ્છ ઉદ્ધવ આશ્રમમાં પધારી મહારાજશ્રી દયાળદાસજી પાટીદાર ભાઈઓની પ્રશંશનીય વિચારોનો ઉલ્લેખ ગુરુમહારાજ પાસે રજૂ કર્યો આ આનંદદાય પ્રકરણને સાંભળતાં મહારાજશ્રીને પાટીદાર ભાઈઓનાં પ્રચલિત ધાર્મિક લાગણીઓ પ્રત્યે ખરેખર એક અપૂર્વ આનંદ

થયો. તેઓશ્રીએ પાટીદાર જ્ઞાતિની વિશાળતાનો અનુભવ આપતાં આ કાર્યને મહત્ત્વનું ગણી આશ્રમમાં સ્થળવિષયક સૂચના આપીને રચનાપ્રણાલીનો યથાર્થ અનુભવ કરાવ્યો.

**કચ્છ નિવાસી સનાતન ધર્મપ્રેમી ભાઈઓની ભાવના :**

આશ્રમમાં ગુરુમહારાજના અનુમોદન બાદ પૂજ્યશ્રી દયાળદાસજી મહારાજે કચ્છ નિવાસી પાટીદાર જ્ઞાતિના સનાતન ભાઈઓની મુલાકાત લેતાં તેઓશ્રીએ નખત્રાણા, વિરાણી, કોટડા, મથલ, વેસલપર, લુડવા વગેરે ગામોની મુલાકાત લીધી, ત્યાં વસતા સનાતન ભાઈઓએ મહારાજશ્રીના આ ધાર્મિક આદેશને બનતો સાથ આપવાની ધગશ જણાવી. ત્યાર બાદ મહારાજશ્રીએ ગઢશીશા નિવાસી ભાઈશ્રી રામજીભાઈ લાલજીભાઈ રામજીયાણીની આ વિષયમાં મુલાકાત લીધી. તે ભાઈએ મંદિરના બાંધકામ વિષય પૂરતો સાથ છેવટ સુધી પોતાની હાર્દિક ભાવના વડે આપવાની સંમતિ આપી અને તે જ પ્રમાણે છેવટ સુધી પૂરતો સાથ આપ્યો છે તે માટે તેમનો અત્રે આભાર માનવામાં આવે છે.

**મંદિરનું ખાત મુહૂર્ત :**

કચ્છના ટૂંકા પ્રવાસમાંથી આવીને મહારાજશ્રી દયાળદાસજીએ ખાતમુહૂર્ત વિષે નક્કી કરેલ દિવસ સંવત ૨૦૦૦ ના મહા સુદી ૫ વસંતપંચમીના મંગળમય દિવસે શ્રીમાન રતનશીભાઈ ખીમજીભાઈ વિરાણી, રાજારામ શામજી-માનકૂવા, કરશનભાઈ ઉકેડા-દેશલપર, કાનજીભાઈ ગોપાલ-વેસલપુર, વીરજીભાઈ પરબત પટેલ-મથલ, જીવરાજભાઈ વસ્તાભાઈ માનકૂવા, જીવરાજ હીરજી ઉકાણી-માનકૂવા, વગેરે ભાઈઓએ પધારી મહારાજ શ્રી ગુરૂ ઉદ્ધવ રામજીના સાનિધ્યમાં પોતાના વરદ હસ્તે ખાત મુહૂર્ત ક્રિયા કરેલી હતી.

ત્યાર પછી કાર્યક્રમને વિચારતાં શ્રી દયાળદાસજીએ બાંધકામમાં જોઈતી સામગ્રી જેવી કે પથ્થર, સિમેન્ટ, ચૂનો, રેતી વગેરે સાધનોની ગોઠવણી કરી મેળવ્યાં હતાં. સાધનના ઉત્પાદનમાં જ એકત્ર થયેલી રકમ રૂ. ૧૪૮૯ લગભગ ખર્ચાઈ ગયેલા જણાયા. જેના ખર્ચખાતાનો હિસાબ ગુજરાત મોતીસરી કંપાના શ્રીમાન હરિભાઈને મોકલવામાં આવ્યો. પરિસ્થિતિને સમજતાં તરત જ સંયોગવશ મોતીસરી મુકામે આવેલી નાટક કંપનીના મેનેજર શ્રીમાન હરગોવિંદદાસ નાગરદાશ વ્યાસની સાથે મંત્રણા કરી એક ધાર્મિક નાટ્યપ્રયોગ તે જ સ્થળે ગોઠવવામાં આવ્યો, જેના પરિણામમાં લાગતા-વળગતા કંપાઓમાંથી કેટલાક સજ્જન ભાઈઓએ પધારી ધાર્મિક આવકને સારો સહયોગ આપ્યો હતો, જેની કુલ ઊપજનો આંકડો રૂ. ૮૨૪ થયો હતો. કંપનીના ચાલુ ખર્ચ ઉપરાંત રૂ. ૩૦ ની અલ્પ ભેટ સ્વીકારી લઈને બાકીની આવકને ધાર્મિક કાર્યમાં વ્યય થવાની

ઈચ્છા રાખનાર તે કંપનીના મેનેજર તથા તેમના સ્ટાફનો આભાર માનવામાં આવેલ સાથે સાથે શ્રીમાન હરિભાઈની ધાર્મિક ધગશ અને ખેલમાં પધારેલા પ્રેક્ષકભાઈઓની લાગણીને ધન્યવાદ ઘટે છે.



શ્રીમાન હરિભાઈ મારફતે ઉપરોક્ત બાબતનો સંકેત મળતાં બાંધકામની શરૂઆત થવી યોગ્ય જણાઈ ત્યાર પછીના સમયમાં શ્રીમાન રામજીભાઈ લાલજીના અનુભવસિદ્ધ ગઢશીશા નિવાસી સલાટ ભાઈશ્રી વાલજીભાઈ રામજી અને તેમની સલાહ મુજબ સર્વ કારીગર વર્ગને એકત્ર કરી બાંધકામની શરૂઆત કરવામાં આવી. તે દરમિયાન પૂજ્ય મહારાજશ્રી ઉદ્ધવ રામજી ચાલતા કામનું અવલોકન કરવા દરરોજ પધારતા હતા.

સંયોગવશ લગભગ વીસેક દિવસ બાદ શ્રીમાન મનજીભાઈ જેરામ મિસ્ત્રી ગામ માધાપર નિવાસી, પૂજ્ય મહારાજશ્રીના દર્શનાર્થે આવેલા હતા. તેમણે પણ મંદિરના બાંધકામને જોઈ સારો ઉત્સાહ જણાવ્યો, એટલું જ નહિ, પરંતુ આ સદ્કાર્યને યથાવિધિ પૂર્ણ કરવામાં પોતાના તરફથી પણ બનતી સહાયતા આપવા જણાવ્યું હતું.

મંદિરના બાંધકામ સંબંધમાં શ્રી રામજીભાઈ તથા સલાટ વાલજી રામજી અને કાર્યકર્તા દરેક ભાઈઓના ઉત્સાહને લીધે છેવટે ફાગણ વદી ૦))/- અમાસ એટલે કે આશરે બે મહિનાની ટૂંકી મુદ્દતમાં આ કાર્ય પૂર્ણ કર્યું, તે સર્વ કામકર્તા ભાઈઓને આભારી છે.

પરિણામે માતાજીની પ્રતિષ્ઠા માટે સંવત ૨૦૦૦ના ચૈત્ર સુદી નવમી રામનવમીના મંગલમય પવિત્ર દિવસે સવારના દસ વાગ્યાનું મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું. ગઢશીશાવાસી પંડિત શ્રી ગોવિંદ મહારાજને તેમની બ્રહ્મમંડળી સહિત બોલાવવામાં આવ્યા તથા પંડિત શ્રી કાશીરામ મહારાજ આસંબિયાવાળાને પણ બોલાવવામાં આવ્યા. દરેક સ્થળે આમંત્રણ-પત્રિકાઓ પાઠવવામાં આવી અને તે મુજબ ચૈત્ર સુદીથી ભાવિકજનો આવવા લાગ્યાં. આમ, ચૈત્ર સુદી ૮ ની પુનિત પ્રભાતે સનાતન માનવમેદનીનું અનુપમ દ્રષ્ય જોતાં શ્રી માતાજીની અસીમ કૃપા અને ભક્તિભાવના વડે ઉદ્ધવ આશ્રમની શોભા સોનામાં સુંગધ આવ્યાની પેઠે અનુપમ જણાતાં તીર્થધામ સમું આશ્રમ દીપવા લાગ્યો. કીર્તનધ્વનિ તેમજ માનવકિલ્લોલની પ્રચંડ પાંખો દ્વારા અસંખ્ય માનવમુમુક્ષો સંતદર્શનના અભિલાષ આવેગમાં ઉડીઉડીને શ્રી માતાજીના નૂતન મંદિર ઉદ્યાનમાં વિરામવા લાગ્યાં. આમ કરતાં સાંજે છ વાગ્યે તમામ જનસમુદાય ''શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ''ની સભારૂપે એકત્ર થયો.

સંવત ૨૦૦૦ના ચૈત્ર સુદી ૮ ની જનરલ સભા ૧ લીનો ટૂંક કાર્યક્રમ:

પદ્ધતિસરનું કાર્ય કરતાં શ્રીમાન હરિભાઈ કરમશી કચ્છ મથલ ગામના હાલ રહેવાસી ગુજરાત મોતીસરી કંપાવાળાની પ્રમુખ સ્થાન માટે બહુમતીથી વરણી કરવામાં આવી હતી. સેક્રેટરી તરીકે શ્રીમાન નથુભાઈ નાનજી ગામ નખત્રાણાવાળાની નિમણૂંક કરવામાં આવેલ.

મે. પ્રમુખ સાહેબ હરિભાઈ કરમશીનું ભાષણ :

પૂજ્ય મહારાજશ્રી તેમજ પધારેલા સુજ્ઞબંધુઓ -

આજના અપૂર્વ આનંદને જોઈ હું આપણી પાટીદાર જ્ઞાતિનું અહોભાગ્ય માનું છું. કેટલાંક સમયથી આપણી પાટીદાર જ્ઞાતિને આવા સનાતન ધર્મધ્વજ તળે એકત્ર થઈ ઉન્નતિદાયક માર્ગનું અનુકરણ કરતી રહે, આ પ્રકારની મારી મનોભાવનાને પૂજ્ય ઉમિયા માતાજીએ આજે પૂર્ણ કરી છે.

આજે જ આપણે કૃપાળુ કુળદેવીના ખરા કૃપાપાત્ર સુપુત્ર તરીકેની ફરજનું કંઈક અંશે પાલન કર્યું ગણાય. ભાઈઓ ! આજના શુભ દિનને માતૃશ્રીના પ્રતિષ્ઠા દિન તરીકે ઉજવીએ. આ પવિત્ર તીર્થધામ ઉદ્ધવ આશ્રમમાં પ્રતિ વર્ષે પધારવા સૌ પાટીદાર ભાઈઓને હું અરજ કરું છું. જ્ઞાતિના શુભેચ્છક ભાઈઓએ હંમેશાં આવા શુભાવસરો અને શુભ કાર્યોને તન, મન અને ધન વડે કરી યથાશક્તિ સહાયતા આપવી જોઈએ.

પૂજ્ય મહારાજશ્રી દયાળદાસજીને જે પાટીદાર જ્ઞાતિના ઉન્નતિપ્રદ માર્ગનું પ્રચારકાર્ય અપનાવી પોતાનું કર્તવ્ય બજાવી રહ્યા છે, તે માટે હું તેમનો હાર્દિક આભાર માનું છું.

શ્રી ગુરુ ઉદ્ધવરામ મહારાજનો અણમોલ ઉપદેશ આપણે જીવનમાં ઓતપ્રોત ઉતારવો જોઈએ અને ત્યારે જ આપણી ખરી ઉન્નતિ થશે, અત્રે પધારેલા સર્વ મહાનુભાવોનો હું આભાર માનું છું. ત્યાર બાદ પૂજ્ય મહારાજશ્રી ઉદ્ધવ રામજીએ સનાતનધર્મના મહત્ત્વને સમજાવી ધર્મપરાયણ થવા આદેશ આપ્યો હતો. તેઓશ્રીએ ધર્મ સાથે આપણા વ્યક્તિગત, સામાજિક તેમજ પારમાર્થિક પ્રત્યેક બાબતોનો ગાઢ સંબંધ બતાવ્યો હતો.

ત્યાર બાદ શ્રીમાન રતનશીભાઈ ખીમજીભાઈ વિરાણીવાળાએ સનાતન સંસ્કાર તેમજ સદાચાર વિષે સારું એવું સ્પષ્ટીકરણ કર્યું હતું. તેમના કથન મુજબ સદાચારથી જ ધર્મ જાળવી શકાય અને સદ્ સંસ્કાર વિનાનો મનુષ્ય એ ખરેખર માનવાકૃતિ પશુ સમાન છે, એમ બતાવ્યું હતું.

ત્યાર બાદ સેક્રેટરી નથ્થુભાઈ નાનજીએ બહારથી આવેલા નિવેદનપત્રો સભા સમક્ષ વાંચી સંભળાવ્યા હતા, જે નીચે મુજબ હતા.

શ્રીમાન શિવદાસભાઈ કાનજી તથા રાજારામ શામજીનું નિવેદન :

પરમપૂજ્ય મહારાજ દયાળદાસજી ગુરુ ઓધવરામજીની પવિત્ર સેવામાં

સ્વસ્થાન ઈશ્વરનગર (વાંઢાય)

તમારો પોસ્ટકાર્ડ મળ્યો, વાંચીને ઘણો આનંદ થયો છે. તમો અમારી જ્ઞાતિને ઊંચા સંસ્કાર આપી નિર્લજ, પાખંડ પંથમાંથી છોડાવી અસલ પોતાના સનાતનધર્મ ઉપર જવા આપ જે જહેમત ઉઠાવી રહ્યા છો તેના માટે તમોને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો જ ગણાય.

ઉમિયામાતાનું મંદિર બાંધી તમોએ મહેનત અને ઉજાગરા કરી આ પાટીદાર જ્ઞાતિને વધારે ઋણી બનાવી છે.

વિશેષમાં અમોએ તમોને રૂ. ૧૦૨ નું મનીઓર્ડર મોકલ્યો છે, તેમાં રૂ. ૫૧ પટેલ રાજારામ શામજી માનકૂવાવાળાનું છે તથા રૂ. ૫૧ તે પટેલ કાનજી વીરજી વિરાણીવાળાના નામથી લખશો અને હસ્તે શિવદાસ કાનજી કરશો.

મહારાજ દયાળદાસજીએ આપણી પાટીદાર જ્ઞાતિ માટે કચ્છ અને ગુજરાતમાં રાતદિવસ નહિ જોતાં, ટાઢતડકા નહિ ગણતાં જ્ઞાતિને ઉજ્જ્વળ બનાવવા માટે જે મહેનત કરી છે, તે માટે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે, અને હજુ પણ પ્રભુ તેમને બળ, બુદ્ધિ અને આયુષ્યવાન બનાવે. જેથી પાટીદાર જ્ઞાતિને વધારે સંસ્કારવાન બનાવે, તેવી અમારી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના છે. એજ.

લિ. પટેલ શિવદાસ કાનજી તથા રાજારામ શામજીના પાયલાગણ વાંચશો.
દા. શિવદાસ કાનજી.

શ્રીમાન કાનજીભાઈ નથ્થુભાઈ વેસલપુરવાળા (હાલ મુંબઈ)નું નિવેદન

પરમકૃપાળુ પૂજ્ય વડીલો, માતાઓ, બહેનો તથા સદ્ગૃહસ્થો. મારા લખવામાં કાંઈ ભૂલ જણાય તો આપ પરમ- કૃપાળુઓ માફ કરશો.

વિશેષમાં હું આજે આપણી જ્ઞાતિને ધન્યવાદ આપું છું. જે ભાઈઓએ પોતાના ખરા અંતઃકરણથી તન, મન અને ધન અર્પણ કર્યા છે તેમને ધન્યવાદ છે અને પરમકૃપાળુ ઈશ્વર આવી સદ્બુદ્ધિ આવાં શુભ કાર્ય કરવાને હંમેશાં શક્તિ આપે અને આપણી જ્ઞાતિ માટે પૂજ્ય મહારાજશ્રીએ જે તકલીફ લીધી છે અને જે સત્ય માર્ગ બતાવ્યો છે, તેને માટે હું વર્ણન લખી શકતો નથી. આવા સજ્જન મહાપુરુષો આ કાર્ય વિષે અને સનાતન ધર્મને માટે મહેનત કરી રહ્યા છે, અને હજુ પણ કરવા પરમાત્મા તેને લાંબુ આયુષ્ય બક્ષે.

આ શુભ પ્રસંગે શ્રી માતાજીના ચરણમાં અલ્પ ભેટ રૂ. ૨૬૮ મોકલ્યા છે, તે સ્વીકારવા કૃપા કરશો. પરમકૃપાળુ પરમાત્મા, પૂજ્ય મહારાજશ્રી તથા જ્ઞાતિના સદ્ગૃહસ્થો તેમજ માતાઓ, હું હાથ જોડી નમસ્કાર કરી, મારું લખવું

પૂરું કરું છું. મારી જે કાંઈ ભૂલ હોય તે આપ સૌ માફ કરશો.


ૐ શ્રી અંબિકામાતાની જય હો. પૂજ્યકૃપાળુ પરમાત્માની જય હો. પૂજ્ય મહારાજશ્રી ઓધવરામની જય હો. પૂજ્ય મહારાજશ્રી દયાળદાસની જય હો. કડવા પાટીદારની ઉન્નતિ હો. સનાતનધર્મની જય હો.

લિ. કાનજીભાઈ નથ્થુભાઈ ગામે વેસલપુરવાળાના હરીૐ

ગુજરાતમાં રામસી ફાર્મ નિવાસી ભાઈઓ સમસ્તનો આવેલો પત્ર :-

પૂજ્ય મહારાજશ્રી, આપશ્રીએ કચ્છ દેશમાં ઈશ્વરનગરમાં માતાજીની સ્થાપના કરી, ખરેખર પાટીદાર જ્ઞાતિને ઉજ્જ્વળ કરી છે. આ માંગલિક પ્રસંગમાં અમારાથી આવી ન શકાયું તે માટે ક્ષમા આપશો. તેમજ પૂજ્ય માતાજીનાં ચરણે અમારી સર્વ ભાઈઓની અલ્પભેટ રૂ. ૧૦૦ પોસ્ટ મારફતે મોકલ્યા છે, તે સ્વીકારશોજી.

લિ. ગામ સમસ્તના ભાઈઓ વતી જેઠાભાઈ હરિભાઈના હરિૐ

ગુજરાતમાં નવાનગર (દેરોલકંપા)ના ભાઈઓ સમસ્ત તરફથી આવેલ પત્ર -

પરમપૂજય મહારાજશ્રી ઓધવરામજી તથા પૂજય મહારાજશ્રી દયાળદાસજીની પવિત્ર સેવામાં ઈશ્વરનગર (વાંઢાય)

વી. વી. સાથે લખવાનું જે, શ્રી ઉમિયા માતાના પ્રતિષ્ઠા- મહોત્સવની આમંત્રણ-પત્રિકા મળી, વાંચી અનેરો આનંદ થયો. પરંતુ કામના રોકાણના લીધે અમારાથી શ્રી માતાજીના દર્શનનો અમૂલ્ય લાભ લેવાયો નથી, તો ક્ષમા કરશો. આજરોજ રૂ. ૫૦ નો મનીઓર્ડર નીચે મુજબ નામવાર મોકલેલ છે, તે શ્રી માતાજીના ચરણકમળમાં ભેટ ધરી કૃપાપાત્ર બનાવશો.

આપશ્રીએ અમારી જ્ઞાતિને પડતીના પાતાળેથી ઉન્નતિના શિખરે બિરાજમાન કરવા ભગીરથ પ્રયાસ આદરી સનાતનધર્મનો વિજયધ્વજ ફરકાવ્યો છે. તે બદલ અમો આપનો અનહદ આભાર માનીએ છીએ. ઉત્સવનું ટૂંક વર્ણન લખી કૃપા કરશો એ જ ચૈત્ર સુદી ૩ દા. માસ્તર નાથાલાલ મોહનલાલના સ્નેહવંદન સ્વીકારશો.

મુંબઈથી ગઢશીશા નિવાસી ભાઈઓ તરફથી આવેલો પત્ર -

સર્વ ઉપમાજોગ પૂજ્ય દયાળદાસજી ગુરુ ઓધવરામજીની પવિત્ર સેવામાં એતાનશ્રી મુંબઈથી ગઢશીશાના ભાઈઓ તરફથી પા. હીરજી લાલજી તથા શામજી રતના તથા વિશ્રામ હંસરાજ વગેરે યુવક ભાઈઓના હરિહર વાંચશોજી.

વિશેષમાં આપ આવા કઠિન વખતમાં પણ કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર કરી પ્રતિષ્ઠા કરી રહ્યા છો તે માટે તમને ધન્યવાદ છે. અમારી જ્ઞાતિના

જે-જે ભાઈઓએ ગુજરાત તેમજ કચ્છમાંથી આ મંદિર માટે તન, મન અને ધનથી ટેકો આપ્યો છે, તેને અમે ધન્યવાદ આપીએ છીએ. આ પ્રતિષ્ઠાનો રિપોર્ટ બહાર પડે તે કૃપા કરી અમને જરૂર મોકલશોજી, અમો ભાઈઓ મળીને રૂ. ૫૦ મનીઓર્ડરથી મોકલ્યા છે તે ફૂલને ઠેકાણે પાંખડી સ્વીકારશોજી એજ.

દા. વિશ્રામ હંસરાજના હરિહર વાંચશો.

ઘાટકોપર યુવકમંડળના ભાઈઓ તરફથી આવેલો પત્ર

પૂજ્ય મહારાજશ્રીં દયાળદાસજી ગુરુ ઓધવરામજીની પવિત્ર સેવામાં મુ. ઈશ્વરનગર (વાંઢાય)

ઘાટકોપરથી લિ. પાટીદાર યુવકમંડળના સર્વ ભાઈઓના હરીૐ સ્વીકારશોજી. વી. વી. સાથે લખવાનું જે પૂજ્ય માતાજી શ્રી ઉમિયાદેવીની પ્રતિષ્ઠા પ્રસંગમાં સર્વ ભાઈઓ તરફથી ભેટના રૂ. ૧૪૦ નાં મનીઓર્ડર મોકલેલ છે તે સ્વીકારશોજી. કારણવશ ન અવાયું તે માટે ક્ષમા આપશોજી.

લિ. પાટીદાર યુવકમંડળ - ઘાટકોપર દા. ભીમજી મેઘજીના પ્રણામ.

ઉપરોક્ત નિવેદનો વંચાયા બાદ વોલંટિયર ભાઈઓની નિમણુંકનું કાર્ય કરવામાં આવ્યું હતું અને સેવાકાર્ય માટે ગુજરાત નિવાસી યુવક ભાઈઓએ પધારી કચ્છવાસી પાટીદાર યુવક સાથે મળી આ પવિત્ર કાર્યમાં તન, મન અને ધનથી પૂરતો સાથ આપવા વિનંતી કરી હતી જે ધન્યવાદ સાથે સ્વીકારવામાં આવી હતી.

શ્રીમાન શિવગણભાઈ લાલજી પટેલ વિરાણીવાળા કે જેઓએ વોલંટિયર વર્ગનું સંચાલન કરવાનું સ્વીકાર્યું હતું. સર્વ યુવક ભાઈઓના ઉત્સાહને ખરેખર ધન્યવાદ ઘટે છે.

સભામાં સુજ્ઞ ભાઈઓનાં કેટલાંક પ્રવચનો બાદ સેક્રેટરી શ્રીમાન નથ્થુભાઈ નાનજી નખત્રાણાવાળાએ રાષ્ટ્રીય કેળવણી વિષય પર રસમય વાણીમાં ટૂંકું પણ અસરકારક ભાષણ કરેલું હતું. આખરે તાળીઓના હર્ષનાદ વચ્ચે અને પૂજ્ય ગુરુ મહારાજશ્રીના આનંદ આશીર્વાદ સાથે સભા વિસર્જન થઈ હતી.

સભા ૨-જીનો કાર્યક્રમ -

આજની સભાના પ્રમુખ તરીકે શ્રીમાન પરબતભાઈ લખુભાઈ પટેલ ગામ મથલવાળાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખસાહેબે પોતાનું આસન લીધા બાદ કામકાજ ચાલુ કરવામાં આવ્યું.

શ્રીમાન પરબત લખુભાઈ પટેલનું પ્રવચન -

મારા પ્રિય બંધુઓ અને માતાઓ -

આજે આપણે ઈશ્વરનગરની પવિત્ર ભૂમિ ઉપર ભેગા થયા છીએ અને

આપણી કુળદેવી ઉમિયા માતાજીની સ્થાપના (પધરામણી) કરવા માટે અત્રે આવ્યા છીએ, તેનો આભાર માનું છું.

આપણી જ્ઞાતિમાં અજ્ઞાનતાને લીધે ઊંચી કોટીના હિંદુઓને ન છાજે તેવા રિવાજો ઘૂસી ગયા છે, તેને કાઢી સનાતની બનવાને આપણા મુરબ્બી ધર્મવીરોએ આપણા માટે પ્રગતિ સાધી છે. એટલું જ નહિ પણ ધર્મધુરંધર પૂજ્ય મહારાજ શ્રી ઓધવરામજીએ પોતાના શિષ્ય દયાળદાસજીને આપણી જ્ઞાતિમાં પ્રચાર કરવા માટે આપણને અર્પણ કરેલ છે. જેમણે કચ્છ તેમજ ગુજરાતમાં ગામોગામ ફરી ખૂબ પ્રચાર કરી, આપણે મૂળ જાતિ કોણ ? તેનું પુરેપુરું આપણને ભાન કરાવ્યું છે. જેથી આપણામાં ખૂબ જાગૃતિ આવી છે. તેમનો હું આભાર માનું છું.

ગામ મથલવાળા હરિભાઈ કરમશી હાલ મોતીસરી કંપામાં વસે છે. તેમણે જ્ઞાતિ માટે લાગણી ધરાવી કુળદેવીનું મંદિર બનાવવાને મોટો ફાળો આપી તન, મન અને ધનથી મહેનત કરી રહ્યા છે, તેનો પણ હું આભાર માનું છું. સર્વ ભાઈઓ આ કાર્યમાં છેવટ સુધી પૂરેપૂરો સાથ આપશે એવી હું આશા રાખું છું. તેમજ સર્વ ભાઈબહેનો સનાતનધર્મ પાળતાં રહેશે એવી વિનંતી કરું છું. સાથે સાથે શ્રીમાન રતનશીભાઈ ખીમજીભાઈ બે બોલ સંભળાવશે એવી હું આશા રાખું છું.

શ્રીમાન રતનશીભાઈ ખીમજીભાઈનું ભાષણ -

મહેરબાન પ્રમુખસાહેબ પૂજ્ય મહારાજશ્રી તથા સુજ્ઞ બંધુઓ !

આપણી જ્ઞાતિમાંથી સનાતન તરીકેના આપણાં ચારીત્રોને ડાઘ લગાડતા એવા આસુરી રિવાજોનો સત્વરથી નાશ કરવો જોઈએ. જીવનવિરોધી બાળલગ્નની અનિચ્છનીયતાથી આપણી જ્ઞાતિની જે અધોગતિ થઈ રહી છે, જેનો સાભાર લેતાં હૃદય કંપી ઊઠે છે. બાળલગ્નના રૂઢિ રાક્ષસ વડે આપણા સમાજમાં ગૃહસ્થાશ્રમ ઉપર તેમજ બ્રહ્મચર્યાશ્રમ ઉપર એક પ્રચંડ વિધ્વંશ થઈ રહ્યો છે.

છૂટાછેડાનો કારમો ક્લેશાધાર જનતાને પતિત બનાવી રહ્યો છે, માટે આ નાશકારક પ્રથાથી આપણે સચેત થવું જોઈએ.

વિશેષમાં આ સંસ્થાને આપણાથી બનતી દરેક પ્રકારની સહાયતા કરવી તે આપણી ફરજ છે. કચ્છ દેશમાં આ પવિત્ર સ્થાન આપણું કેન્દ્રસ્થાન છે. આ તપોભૂમિના તપેશ્વરીનાં તેજ કિરણો આપણા અજ્ઞાન રૂપી તિમીરને દૂર કરી આપણને ઉજ્જ્વળ કરશે માટે આ ઉદ્ધવ આશ્રમમાં પ્રતિવર્ષ પધારી શ્રી માતાજીના દર્શન કરી તીર્થયાત્રા કરવી એ આપણી સૌની ફરજ છે.

અત્રે સભામાં પધારેલા મહેરબાન માસ્તરસાહેબ મગનલાલભાઈ તથા શ્રીયુત રસિકલાલભાઈ પોતાની વિદ્વત્તાથી અમૃતમય વાણીથી બે બોલ સંભળાવવા કૃપા કરશે એવી હું આશા રાખું છું.

શ્રીયુત મગનલાલ માસ્તર સરસ્વતી સદનવાળાનું પ્રવચન -

ભાઈઓ અને બહેનો,

આપણે આજે જે ભૂમિ પર એકઠા થયા છીએ એ ભૂમિ મહાપ્રતાપી છે, અને પ્રતાપી હોવાના કારણે જ પરમપૂજ્ય મહારાજશ્રી ઈશ્વર રામજીએ આ ભૂમિને પોતાની તપોભૂમિ માની છે. જે સ્થાન વેરાન અને ઉજ્જડ હતું, ત્યાં આજે જે પરિવર્તન થઈ રહ્યું છે તે તમે સૌ જોઈ શકો છો. એ તપસ્વી પુરુષના તપના પ્રતાપે આજે આ સ્થાન યાત્રાનું ધામ બન્યું છે અને તેથી જ આજે આપણે સૌ મનનો મેલ દૂર કરવા અને આત્માની ઉન્નતિ કાજે એકઠા થયા છીએ.

મહારાજશ્રીએ સરસ્વતીસદનની સ્થાપના પોતાના વરદ્ હસ્તે કરી ઉન્નતિકાર્યમાં પોતાનો ફાળો નોંધાવ્યો છે. ગુરુકુળની સ્થાપના કરી આર્યધર્મના ઉન્નતિકાર્યમાં કમર કસી છે. આજે પરોક્ષ રીતે પોતાના શિષ્ય દયાળદાસજીના પ્રયાસથી સનાતનધર્મનો પ્રચાર કરી રહ્યા છે. પરિણામમાં આજે આપણે સૌ ઉમિયા માતાના ધામનું નવસર્જન કરવા એકઠા થયા છીએ. ધર્મ, શિક્ષણ અને રાષ્ટ્ર ઉન્નતિરૂપી ગંગાનો ત્રિવેણીસંગમ આજે મહારાજ શ્રી ઈશ્વર રામજીની પવિત્ર ભૂમિમાં વહેવા લાગ્યો છે.

તમે જગતના તાત છો, કારણ કે પૃથ્વી પરનો ઉત્તમ ધંધો તમારા હાથમાં છે. તમારી તોલે જગતમાં કોઈ શ્રેષ્ઠ નથી. તમારા વિના આ દેશની ઉન્નતિ શક્ય નથી જ.

બધી પ્રવૃત્તિઓમાંથી મુક્તિ મેળવી બેઠેલા મહારાજશ્રી ઉદ્ધવરામજી પોતાના પરનો વહેવારી બોજો દૂર કરી બેઠા છે. પણ આવી પ્રવૃત્તિઓ તો તેમનો આત્મા છે. આવી પ્રવૃત્તિઓને આગળ વધારવી એ જ એમનો જીવનમંત્ર છે. એ જ એમનું પ્રભુ ભજન છે. તમારા માટે તેઓશ્રીએ કમર કસી છે, તે માટે સૌ ભાઈઓ તેમના ઋણી છે.

શિક્ષણ લીધા વિના ધારણ કરેલા ધર્મથી કશો ફાયદો નથી. કેળવણી પામ્યા વિનાનો મનુષ્ય પશુસમાન છે. એટલે શિક્ષણ સૌથી પહેલાં લેવાની જરૂર છે. શિક્ષણ કોને કહેવાય ? અને તે કેવા પ્રકારનું જોઈએ ? એ પ્રશ્ન બહુ મોટો છે, તેથી બીજી વખતે ચર્ચીશું, અત્યારે તો હું એક વિનંતી કરું છું કે, આપ શાળાઓ ઊભી કરો, તેમાં છોકરાંને ગોંધી ન રાખતા તેમના ચિત્તની શાંતિ થાય, મનની મોકળાશ થાય અને હૃદયને આનંદ આપે તેવા સ્થાનને પસંદ કરી

ઉચ્ચ પ્રકારની વ્યવસ્થા કરવી જોઈએ. શિક્ષણનો વિચાર કરતાં તમે આટલું વિચારશો, આવું વાતાવરણ જોશો તોપણ બસ થશે - બોલો ઉમિયાજી માત કી જય.

ત્યાર પછી શ્રીમાન રસિકલાલ જોશી માજી નિયામક ઈશ્વરરામ ગુરુકુળ વાંઢાયવાળાએ વિદ્યા, સામાજિક એકતા વડે રાષ્ટ્રીય ઉન્નતિ તેમજ પૂજ્ય મહારાજશ્રીના તે માટેના પ્રશંસનીય પ્રયત્નો ઉપર બહુ જ અણમોલ પ્રવચન આપ્યું હતું. તેઓશ્રીના કહેવા મુજબ જનસમાજની વાસ્તવિક ઉન્નિતનો મૂળ આધાર કેળવણી ઉપર છે. કેળવણીના ઉચ્ચ આદર્શોને સમાજનાં બાળકો તેમજ સ્ત્રી, પુરૂષ દ્વારા ગ્રાહ્ય કરવામાં આવે તો જ નાગરિકતાના શીર્ષક હેઠળ સામાજિક તેમજ રાષ્ટ્રીય ઉન્નતિ થઈ શકે છે. ઉન્નતિના સર્વપ્રથમ પગથિયારૂપે સમાજમાં ઊગતી પ્રજાની કુમળી જીવનક્યારીઓમાં આદર્શ કેળવણીના અમૃતનું સિંચન થાય તો ભવિષ્યમાં તેમાંના પ્રફુલ્લિત રોપાઓમાંથી નૂતન નાગરિક વૃક્ષ થશે, જેના ફળ સ્વરૂપ પ્રેમ, પુરુષાર્થ અને પાખંડનાશની વૃદ્ધિ થઈ ઉન્નતિના આદર્શને મેળવી શકાશે. ઉપર મુજબના વિદ્વત્તાભર્યા અત્યંત રહસ્યથી ભરેલા વ્યાખ્યાન બાદ તેઓશ્રીએ પોતાનું સ્થાન લીધું હતું.

ત્યાર બાદ પૂજ્ય મહારાજશ્રીનું ધાર્મિક વ્યાખ્યાન થયા બાદ શ્રીમાન નથ્થુભાઈ નાનજીભાઈ તથા અન્ય વક્તાઓએ કેળવણી વિષયક પ્રવચનો કર્યા હતાં ને મોડી રાત્રે સભા વિસર્જન થઈ હતી.

શ્રી માતાજીની પ્રતિષ્ઠા

સંવત ૨૦૦૦ની રામનવમીનું નૂતન પ્રભાત એ હિંદુ જનતાનો એક અકથનીય આનંદવર્ધક પ્રસંગ માનવામાં આવે છે. મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીના સ્વરૂપ સૌરભનાં દિવ્ય કિરણો સનાતન જીવનક્ષેત્રને, આજના માંગલિક પ્રભાતથી જ પ્રકાશયુક્ત બનાવે છે. તે જ અનુપમ સંયોગોમાં જગજનની શ્રી ઉમિયા દેવી પ્રત્યેની પૂજ્ય ભાવના આશ્રમ ઉપસ્થિત સજ્જન સમાજમાં જળહળવા લાગી. માતાજીના કૃપાકટાક્ષ વડે આજની માનવમેદની ઉદયાંચળ અવસ્થાને પામી, પ્રેમભક્તિના સનાતન શિખરો વચ્ચેથી લગન લાલિમાના સોનેરી રંગોથી રંગાયેલી જોવામાં આવી.

વિધિસરનું કાર્ય કરતાં પંડિત શ્રી ગોવિંદજી મહારાજ તેમજ તેમની બ્રહ્મમંડળી દ્વારા વેદોક્ત મંત્રોચ્ચાર વચ્ચે માતાજીના આવાહન માટે હોમવિધિ વખતે વેદધ્વનિથી યજ્ઞ મંડપ ગર્જી રહ્યો, અનેકવિધની સાત્ત્વિક સામગ્રીથી શ્રીમાન હરિભાઈ કરમશીના ચિ. ડાહ્યાભાઈ તથા મેઘજીભાઈના શુભ હસ્તે યજ્ઞકુંડમાં આહુતિઓ આપવામાં આવી અને ષોડસોપચારે શ્રી માતાજીની

પૂજાઅર્ચના કરી. છેવટે હવનની પૂર્ણાહુતિ થયા બાદ શ્રી માતાજીની પધરામણી માટેની પદ્ધતિસર ક્રિયાઓ કરવામાં આવી, અને ત્યાં જ સભા ભરવામાં આવી, આજની સભાના પ્રમુખ તરીકે મુરબ્બી રવજીભાઈ લાલજીભાઈ પટેલ, ગામ લુડવાવાળાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી, જે તેઓશ્રીએ સાભાર સ્વીકારી સભાકાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં સર્વપ્રથમ કળશ (શિખર) સ્થાપનનું શુભકાર્ય શ્રીમાન હરિભાઈ કરમશીના શુભ હસ્તે કરાવતાં તેઓશ્રીએ રૂ. ૨૫ શ્રી માતાજીના ચરણે ભેટ આપી હતી.



ત્યાર બાદ ધજા આરોહણની માંગલિક ક્રિયા શ્રીમાન રતનશીભાઈ ખીમજીભાઈના શુભ હસ્તે થતાં તેઓશ્રીએ કોરી ૪૦૧ માતાજીના શુભ ચરણે ભેટ ધરાવી તથા સાથે સાથે પૂજ્ય માતાજીની મૂર્તિ-પ્રતિષ્ઠિત કરવાનો અજોડ ક્રિયાપ્રસંગ પણ તેમના જ વરદ હસ્તને પ્રાપ્ત થતાં તેમણે તે બાબત ફરીથી કોરી ૬૦૧ શ્રી માતાજીના ચરણે અર્પી, પાટીદાર જ્ઞાતિમાં માતૃભક્ત વ્યક્તિત્વને મેળવ્યું છે. તેમની સેવાભાવી સ્ફુરણાઓને માતાજી પ્રતિદિન વિકસિત રાખો !

ત્યાર બાદ શ્રી માતાજીને પુષ્પમાળ આરોપણ ક્રિયા થતાં ક્રમવાર ત્રણ ફૂલહાર ચડાવતાં -

૧. રામજીભાઈ જેઠાભાઈ નખત્રાણાવાળાએ પૂષ્પમાળા આરોપણ કરતા કોરી ૩૫૧ ભેટ રાખી હતી,

૨. વેલજીભાઈ ભાણજીભાઈ ભગત બોરડીટીંબા કંપાવાળાએ પુષ્પમાળા આરોપણ કરતાં કોરી ૧૦૧ ભેટ રાખી હતી,

૩. સૌ. મેઘબાઈ તે શ્રીમાન રતનશીભાઈ ખીમજીભાઈનાં ધર્મ પત્ની તરફથી ચડાવતાં તેમણે કોરી ૨૦૧ ભેટ રાખી હતી,

શ્રી માતાજીની પૂજનવિધિમાં આરતી અનુક્રમે ત્રણ વખત ઉતારતાં,

૧. શ્રીમાન મનજીભાઈ જેરાભાઈ મીસ્ત્રી, મુ. માધાપુર (કચ્છ) વાળા તરફથી ઉતારવામાં આવતાં તેમણે કોરી ૮૨૫ ભેટ ધરી.

૨. શ્રીમાન હરિભાઈ કરમશીના શુભહસ્તે ઉતારવામાં આવતાં તેમણે કોરી ૩૦૧ ભેટ ધરી.

૩. શ્રીમાન વેલજીભાઈ ભાણજી તથા શ્રીમાન માવજીભાઈ પ્રેમજી બોરડીટીંબાવાળા તરફથી ઉતારવામાં આવતાં કોરી ૧૧૦ ભેટ ધરી.

ચમ્મર ઢળાવવાની શુભ ક્રિયા શ્રીમાન જશાભાઈ કાનજી પાંચાણી મુ. નખત્રાણાવાળા તરફથી થતાં તેમણે કોરી ૧૨૫ ભેટ ધરી.

નૈવેદમાં ભોગ ધરાવવાની ક્રિયા તે શ્રીમાન મનજીભાઈ જેરામનાં ધર્મપત્ની તરફથી કરવામાં આવતાં તેમણે કોરી ૨૦૧ ભેટ ધરાવી હતી.

આ માંગલિક પ્રસંગે પધારેલા કચ્છ તેમજ ગુજરાત નિવાસી સજ્જનો તરફથી જે સહર્ષ ભેટો માતાજીના ચરણે ધરાવવામાં આવી હતી, તે ઉપરોક્ત પ્રસંગોની નોંધ લેવામાં આવી હતી. માતાજીના પ્રતિષ્ઠાપ્રસંગના ઉજ્જ્વળ ક્રિયાકાંડને પૂર્ણાહુતિ આપતા સર્વ સજ્જનોએ અલ્પ ફલાહાર કર્યો હતો અને ત્યાર બાદ લગભગ બે વાગ્યે સભાના રૂપમાં સૌ ભાઈ-બહેનોએ હાજરી આપવાના પ્રસ્તાવ સાથે જયનાદો વચ્ચે સૌ વિર્જન થયાં હતાં.

જનરલ સભા ૪-થીનો કાર્યક્રમ,

સંકેત મુજબ સર્વ સજ્જનોના સભારૂપે એકત્ર થયા પછી શરૂઆતમાં આશ્રમ નિવાસી સાધુ પ્રભુદાસજીએ કુળદેવી ઉમિયાજીનું સ્તવન સંગીત દ્વારા કર્યું હતું. શ્રીમાન રતનશીભાઈ ખીમજીભાઈને સભાપતિ સ્થાને બિરાજવા સર્વાનુમતે આગ્રહ થતાં તેઓશ્રીએ પોતાની સ્થાન શોભાવ્યું હતું, અને લાગણીસ્પદ પ્રવચન કર્યું હતું.

પૂજ્ય મહારાજ શ્રી તેમજ વહાલા સ્વજ્ઞાતિ બંધુઓ, તથા અન્ય પધારેલા સદગૃહસ્થો અને પૂજ્ય માતાઓ,

પૂજ્ય માતાજીની પરમ કૃપા વડે આજે આપણે સૌ અહીં એકત્ર થયા છીએ, પૂર્વે પણ આજ માંગલિક દિવસે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીએ પોતાની અવતારવિષયક લીલાઓની શરૂઆત કરેલી છે, તો તે શુભ અવસરને જોઈ પરમ કૃપાળુ કુળદેવી શ્રી ઉમિયા માતાજીએ આપણા હૃદયમાં વાસ કર્યો છે. પરિણામમાં આપણી જ્ઞાતિમાં પડી ભાંગેલી સુધારક પ્રવૃત્તિઓને આજ ખરેખર પુનઃર્જીવન આપ્યું છે. તેના પ્રત્યક્ષ પ્રમાણ તરીકે આપણે સૌ આજે કચ્છ દેશના આંગણે ઉદ્ધવ આશ્રમમાં માતાજીની પ્રતિષ્ઠા-મહોત્સવ જોઈ રહ્યા છીએ. તે જોઈને મને ઘણો આનંદ થાય છે. આ ઉપરથી હું આશા રાખું છું કે હવે આપણી જ્ઞાતિમાં સનાતન પ્રકાશ વડે પાખંડી પંથોનો અંધકાર વધારે ટકી શકે તેમ નથી, માટે બંધુઓ આપણી જ્ઞાતિની ઉન્નતિ ચાહતા હો તો સુધારાની પવિત્ર વેદીમાં જંપલાવો અને વૈદિક સનાતનધર્મનો પ્રચાર તન, મન, ધનથી કરવાને કટિબદ્ધ થાઓ, આપણી સનાતન સંસ્કૃતિને પવિત્ર રાખવા અસંખ્ય વીરોએ બલિદાનો આપેલાં છે, વીર, ક્ષત્રાણીઓએ જોહરવ્રત કર્યાં છે. ગુરૂ ગોવિંદસિંહનાં કુમળાં બાળકો સદેહે દીવાલમાં ચણાયા છે, પણ સ્વધર્મને છોડ્યો નથી. માટે બંધુઓ, આપણે પણ હવે કેશરિયાં કરી આસૂરી અંધકારનો નાશ કરવો જરૂરી છે. એવી મારી જ્ઞાતિના નવયુવકોને હાકલ છે.

નીતિકારોએ કહ્યું છે કે,

પરિવર્તની આ સંસારે મૃતકો વાન જાયતે

સજાતો યેન જાતને જ્ઞાતિવંશ સમોતીમ



ભાવાર્થ - આ સંસારમાં ઘણાએ જીવો જન્મ ધારણ કરી મૃત્યને પામે છે, પરંતુ બધાના વિશે ખરો જન્મ લેનાર તેને જ ગણી શકાય જે જન્મીને જ્ઞાતિસેવા વડે કરી તેની ઉન્નતિ સાધે છે.

આજના સનાતન પર્વ રામનવમીના રહસ્યને ખરેખર આપણે જો ઊજવતા હોઈએ તો મર્યાદાપુરૂષોત્તમ શ્રી રામચંદ્રજીના પિતૃભક્તિ, ભ્રાતૃભાવ, ગૃહસ્થધર્મ, એક પત્નીવૃત, ક્ષમા, શીલ વગેરે આદર્શોને આપણા જીવનમાં કંઈક ને કંઈક ઉતારવાં જોઈએ તેમજ મારી માતાઓએ પણ આ સમયે શ્રી સીતામાતાના પવિત્ર પતિવ્રત ધર્મના રહસ્યને જરૂર ગ્રહણ કરવું જોઈએ. આજના અમૂલ્ય અવસરથી જ આપણી જ્ઞાતિ ઉન્નતિના સેવાકાર્યને જીવનનો મંત્ર બનાવવો જોઈએ.

મારા જીવન દરમિયાન જ્ઞાતિબંધુઓની જે યદ્કિંચિત સેવા હું કરી શક્યો છું તેને મારું પરમ કર્તવ્ય સમજીને તેમાં મેં સદા આનંદ માન્યો છે. હજુ પણ જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં મારા તન, મન અને ધનનો જ્ઞાતિ હિતાર્થે સદ્ઉપયોગ કરવાનો સુયોગ પ્રાપ્ત થશે, તેમાં હું મારું અહોભાગ્ય સમજી લેશમાત્ર પણ પાછો નહિ ફરૂં. મારી આ પૂજ્યભાવનાને માતાજી અમર રાખો.

આ સ્થળે મારે યાદ આપવું જોઈએ કે પાટીદાર જ્ઞાતિના ઉન્નતિપ્રદ ભવિષ્ય માટે મહારાજશ્રી ઓધવરામજીની જે સતત ભાવના છે, તે ખરેખર આપણને ઋણી બનાવે છે. તેમની આવા પ્રકારની જનસમાજ કલ્યાણકારી ધગશ તેમને શોભે તેવી જ છે. મારા પાટીદાર ભાઈઓએ તેમના અતુલનીય ઉપકારની યાદ ખાતર તેમના આનંદદાયક આદર્શને હંમેશાં ઝીલવો જોઈએ.

તેમણે પાટીદાર જ્ઞાતિની ઉન્નતિમાં, કેવળ મનથી નહિ પરંતુ પોતે જગેજગે પગપાળા ચાલીને, શારીરિક કષ્ટો વેઠીને સદ ઉપદેશો દ્વારા એક જબ્બર ફાળો આપ્યો છે. તે જ આપણા ઉજ્જ્વળ ભવિષ્યના પુરાવારૂપ છે. તેમણે પોતાના શિષ્ય સાધુ દયાળદાસને પણ પાટીદાર જ્ઞાતિની ઉન્નતિ અર્થે ખાસ રોકેલ છે. આમ, પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપનાર તેઓશ્રીના પણ આપણે ઋણી છીએ.

ભાઈઓ ! આ જાગૃતિસમય માત્ર નીચ ઉન્નતિ સાધવાનો નથી, પરંતુ સનાતન સંદેશને સાંભળી સામાજિક ઉન્નતિની સાથે જ વ્યક્તિગત શ્રેય સમાયેલું સમજીને સંગઠન શક્તિ વધારવાનો છે. સંઘબળ માટે પૂજ્ય મહારાજશ્રીજીએ આપણને વારંવાર ઉપદેશ કરેલો છે. અને આજ પણ તેઓ પોતાની અમૃતમય વાણીનો લાભ આપણને આપશે એવી મારી વિનંતી છે.

 પૂજ્ય મહારાજશ્રી ઉદ્ધવરામજીનું પ્રવચન (જયનાદ સાથે)

વહાલા પાટીદાર ભાઈઓ,

પાટીદાર જ્ઞાતિમાં કુળદેવી ઉમિયા માતા પ્રત્યેની પૂજ્ય ભાવનાને જોઈને મને આનંદ થાય છે. આજનો શુભ દિવસ તે (રામનવમી) ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મ દિવસ છે. આજનું નૂતન પ્રભાત તેમનાં આદર્શ જીવનકિરણોથી ખીલેલું હોય છે. તેમાંય વળી શ્રી માતાજીના નૂતન મંદિરની પ્રતિષ્ઠા એક અનેરો પ્રકાશ પાડે છે. ભાઈઓ આજના ઉજ્જ્વળ આવરણોથી પ્રકાશયુક્ત થયેલું તમારૂં હૃદય યોગમ અજ્ઞાનરૂપી અંધારાથી અળગું રહી, સદા ઉન્નતિ સાધતું રહો. સનાતનધર્મના દિવ્ય પ્રકાશના આધારે પાટીદાર જ્ઞાતિ દિનપ્રતિદિન પોતાના દૈનિક સંસ્કારોને અપનાવતી રહે એવી સર્વેશ્વરી તમને શક્તિ અર્પો.

સજ્જનો! સાચી ઉન્નતિનો મૂળ આધાર સાત્ત્વિક વિદ્યા ઉપર છે, કારણ કે વિદ્યા વડે જ સત્યાસત્યનો નિર્ણય કરી શકાય. અને ત્યાર પછી જ સર્વગ્રાહી સનાતન માર્ગે અનુસરી ને સાચી ઐક્યતા એટલે કે સંગઠનશક્તિ કેળવી શકાય. જ્યાં સુધી ઉપર્યુક્ત સનાતન સિદ્ધાંત વગરની આપણે સ્વાર્થીય સંગઠનશક્તિ કરીશું ત્યાં સુધી તે ટકવાની નથી. હા પરંતુ એટલું ખરું કે નિખાલસતા અને ભાવનાના આધારે પણ સંઘબળ થઈ શકે છે. પાટીદાર જ્ઞાતિમાં પ્રાચીન સંઘશક્તિનું મૂળ રહસ્ય આ બન્ને સદ્‌ગુણો ઉપર અવલંબેલું હતું. પરંતુ કાળાંતરે જ્યારે આ દૈવી ભાવોની સમાજમાં ન્યૂનતા આવી ત્યારે જ વિદ્યાવિહીનતાના કારણે અધોગતિ થઈ. કેટલાક સમયથી પાટીદાર જ્ઞાતિમાં વિદ્યાપ્રચારનો આદેશ સારો જોવામાં આવે છે. પરંતુ ભાઈઓ, વર્તમાન સમયને જોતાં હજુ પાટીદાર જ્ઞાતિ એ વિષયમાં પછાત કહી શકાય, તો જ્ઞાતિનાં બાળકોના વિદ્યાભ્યાસ માટે મારી સર્વ ભાઈઓને ચેલેંજ છે. વિદ્યાવૃદ્ધિની સાથે સાથે જ્ઞાતિની આદી ભાવના પ્રણાલીને બહુ જ ઘાટ કરવાની જરૂરિયાત છે. સંઘઠનશક્તિનો મૂળ મંત્ર આ જ છે.

સંસારમાં અન્ય જાતિઓ જ્યારે વિદ્યાવૃદ્ધિ કરી પોતપોતાના સુખસંચાલન માટે કટીબદ્ધ થઈ રહી છે. ત્યારે પાટીદાર જ્ઞાતિ પોતાના આંતરિક ક્લેશોમાં સંડોવાઈ, પક્ષા પક્ષના વીતંડાવાદમાં સમય ગુમાવી રહી છે. ભાઈઓ, આ જોઈ મને અત્યંત ખેદ થાય છે. પક્ષપાતી સંમેલનો ભરી સુધારક, પ્રચારક વિગેરે મનકલ્પીત ઈલકાબો મેળવીને સુધારાનાં બણગાં ફૂંકવા કરતાં દરેક વ્યક્તિ પોતાના નિજ જીવનમાં સનાતન આદર્શના શ્રીગણેશ આદરે તો જ્ઞાતિનું સત્વરથી હિત થશે. સંયોગવશ પ્રાપ્ત થયેલા જનસમાજના નેતૃત્વ વ્યક્તિત્વની કિંમત, 

જનસમુદાયની સેવા કરી ઉન્નતિ પરથી અંકાય છે. નહિ કે પોતાના માનમર્તબા, અંગત સ્વાર્થાંધતા પર. ભાઈઓ, ખરો જ્ઞાતિ સેવક તો તે જ મનુષ્ય હોઈ શકે જેણે નિખાલસતાનો પોશાક પહેરેલો હોય, ક્ષમાનો સાફો બાંધેલો હોય, કરણી રૂપી કનિષ્ટકા લઈ સ્વાર્થત્યાગની સોનેરી સૂરવાલ પહેરેલી હોય તેમજ પ્રેમરૂપી પટ્ટો ધારણ કરેલો હોય આવા જ્ઞાતિસેવકો જ્યારે વધારે પ્રમાણમાં પાટીદાર જ્ઞાતિમાં જળહળશે ત્યારે જ્ઞાતિ ઉન્નતિના શિખરે પહોંચવામાં કોઈ શંકા રહેશે જ નહિ.



સમાજોન્નતિનું એક મુખ્ય અંગ તે સ્ત્રી-કેળવણી પણ ગણી શકાય. કારણ કે ઊગતા બાળસમાજની માતાએ એક જન્મસિદ્ધ સંસ્કારશાળા છે. આદર્શ માતૃશાળાની જગત વ્યાપક પુસ્તિકાનાં પાનાંઓ વાંચીવાંચીને સૃષ્ટિમાં અનેક રણશૂરો, ભક્ત-શિરોમણીઓ અને પ્રગલ્ભ દાનદાતાઓ પાસ થયા છે, જેઓની અમર નામાવલી પણ સમાજને માર્ગદર્શક હોય છે.

હવે પછી જ્ઞાતિના યુવક ભાઈઓને ઉદ્દેશી મારે કહેવું જોઈએ કે, વૈભવવિલાસની સ્વચ્છંદ મનોકામનાના વંટોળીએ ચઢી કર્તવ્યપથિક તરીકેની પોતાની ફરજો ભુલાતી જવાય છે. કુળધર્મ, માનવધર્મ, ગૃહસ્થધર્મ વગેરે મહત્ત્વના મહોત્સવોને મૂકી હલકી હોળીમાં હોમાવા માટે આ મનુષ્યતા મળી નથી. પરંતુ સાવધાન ! યુવાનો, તમારે તો પોતાના કુળ, ધર્મ, જાતિ, ગામ, દેશ વગેરેના ઉન્નતિપ્રદ વિષયો ઉપર, આદર્શતા આયુધો લઈ, આ વીસમી સદીના વિષાંગણમાં વિલાસવાસના સામે પડકાર પાડવો જોઈએ.

સજ્જનો! મારી આ ટુંકી-ટુંકી વાતોને શુભાશિષ દોરમાં પરોવી પાટીદાર જ્ઞાતિના વિશાળ કંઠમાં અર્પણ કરું છું તેના સુવાસિત રહસ્યને જાળવી જીવન ઉજ્જવળ કરતા રહો. અસ્તુ.

સેક્રેટરી શ્રીમાન નથ્થુભાઈ નાનજી નખત્રાણા વાળાનું ભાષણ.

પૂજ્ય મહારાજશ્રી ઉદ્ધવરામજી, માન્યવર પ્રમુખસાહેબ તેમજ સ્વજ્ઞાતિ બંધુઓ અને માતાઓ.

સનાતનધર્મના અનુયાયીઓ તરીકે સર્વપ્રથમ આપણે બાળકોના શિક્ષણનો વિષય લેવો જોઈએ. તે બાબતમાં વિદ્યા વૃદ્ધિ ખાતર સ્થળવાર સુશિક્ષિત શિક્ષકોને રોકી બાળકોનાં કુમળાં હૃદયમાં સંસ્કારવાળા ધાર્મિક શિક્ષણને ઉતારવું જોઈએ.

તેમજ યોગ્ય પ્રચારકામ કરી જ્ઞાતિની સાચી ઉન્નતિ કરવી જોઈએ. આપણી પાટીદાર જ્ઞાતિને એક સુવ્યવસ્થિત કેન્દ્રને નક્કી કરી, સનાતનધર્મ ધ્વજ હેઠળ એકત્ર કરી, પધ્ધતિસર કાર્ય કમિટિઓ નીમી ઉપરોક્ત કાર્ય

સત્વરથી કરવાની ખાસ જરૂરિયાત છે. સનાતન આદર્શોને અનુસરી ઉન્નતિપ્રદ સુધારાવધારા કરી, તેનું પાલન કરી સંગઠનશક્તિ વિકસાવવી જોઈએ. મારા વ્હાલા યુવક ભાઈઓએ ખરા ખંતથી આ કાર્ય જરૂર હાથમાં લેવાનું છે. માત્ર ભાષણો કર્યાથી કે મંદિરો બાંધી બેસી રહેવાથી કશું વળવાનું નથી. પરંતુ પોતાની ઊપજમાં જેમ બને તેમ વધારે ફાળો ધાર્મિક પ્રણાલિકા હેઠળ એકત્ર કરી તેમાંથી વિદ્યાપ્રચાર, અનાથાઆશ્રમ વગેરે સમાજની મહત્ત્વપૂર્ણ બાબતોમાં આશ્રય આપવાનો છે. વિધર્મીઓના પાખંડને સનાતન આદર્શના ધર્મધ્વજ હેઠળ સંગઠિત થઈ સદંતર નાબૂદ કરવાં જોઈએ, એવી મારી અભિલાષા છે.

ત્યાર બાદ અન્ય વક્તાઓએ ધાર્મિક, સામાજિક તથા કેળવણીવિષયક પ્રવચનો કર્યા હતાં, જેની શ્રોતાવર્ગ ઉપર સારી અસર થવા પામી હતી. વચ્ચે વચ્ચે તાળીઓના હર્ષનાદથી સભામંડપ ગર્જી રહ્યો હતો. શ્રી માતાજીના જયનાદોથી વાતાવરણ ગાજી રહ્યું હતું.

મહારાજશ્રી દયાળદાસજીનું આભારદર્શક વિવેચન

પૂજ્ય ગુરુ મહારાજશ્રી તેમજ પધારેલા સજ્જનો :

પૂજ્ય માતાજીના પ્રતિષ્ઠા-ઉત્સવમાં પધારી આશ્રમની શોભામાં વૃદ્ધિ કરનાર સર્વ સજ્જનોનો આભાર માનવામાં આવે છે.

પૂજ્ય મહારાજશ્રીની અસીમ કૃપા હેઠળ માતૃભક્ત શ્રીયુત્ હરિભાઈ કરમશીની ધાર્મિક પ્રવૃત્તિ શ્રીમાન રતનશીભાઈ ખીમજીભાઈની તન, મન અને ધનથી જ્ઞાતિ ઉન્નતિ સાધવાની સાચી ધગશ, શ્રીમાન મનજીભાઈ જેરામની સનાતન સહાયક નીતિ, શ્રીમાન નથ્થુભાઈ નાનજીની કેળવણીકારક લાગણી ગઢશીશા નિવાસી શ્રીમાન રામજીભાઈ લાલજી તથા લાલજીભાઈ કરશન અને ભીમજીભાઈ વસ્તા દેશલપરવાળાની કાર્યપ્રણાલી, પૂજ્ય માતાજીનું મંદિરનું બાંધકામ કરનાર કારીગરવર્ગ સર્વના પરિશ્રમી પુરુષાર્થ, શ્રીમાન રસીકલાલ જોશીની સુઘડ સલાહકારિતા પટેલ રવજીભાઈ લાલજી લુડવાવાળા અને પરબતભાઈ મથલવાળાની સુધારક તમન્ના, કચ્છ તેમજ ગુજરાતવાસી વોલંટિયર ભાઈઓના સહ સેવાકાર્ય તેમજ સંયોગવશ પધારેલા અને નહિ પધારેલા દેશવિદેશવાસી ધર્મજ્ઞ દાનવીરોના આંતરિક ઉલ્લાસ અને છેવટમાં સનાતન આદર્શને શોભાવનાર દરેક ભાઈબહેનોનો અત્રે પ્રેમપૂર્વક આભાર માનીએ છીએ અને પૂજ્ય મહારાજ શ્રીના આશીર્વાદથી સૌ સજ્જનો સનાતનધર્મને શોભાવતા રહે એવી આશા રાખીએ છીએ.

પાટીદાર જ્ઞાતિની સનાતન સંસ્કૃતિને ફૂલતીફાલતી જોઈ મને આજે બહુ આનંદ થાય છે. માતાજી આજના ધર્મધગશનાં અંકુરોને સૌમાં વિકસાવતાં

રહે એવી મારી હૃદયવાંછના છે.

ભાઈઓ! પૂજ્ય મહારાજશ્રીએ પાટીદાર જ્ઞાતિની કેટલીક ધાર્મિક સમસ્યાઓને નિહાળી, તેઓએ આ સનાતન પ્રશ્નને એક જન કલ્યાણકારી પ્રવૃત્તિમાં પ્રકાશ કર્યો છે. એટલું જ નહિ પરંતુ પોતાના વિરક્ત જીવનમાંથી કેટલીક અમૂલ્ય પળો આ સત્કાર્યમાં વ્યતિત કરતાં કરતાં મને પણ આ પરપુરૂષાર્થનું સૂચન કરી કર્તવ્યપાલન માટે આજ્ઞા આપી. પૂજ્ય મહારાજશ્રીની એ આજ્ઞાને મેં મારો જીવનમંત્ર બનાવ્યો છે. હવે એ આજ્ઞામાં મારું વ્યક્તિગત શ્રેય છે કે કેમ ? તે માટે મને લેશ માત્ર પણ શંકા નથી, કારણ કે મારા નિજ અનુભવમાં મેં ગુરુવચન વિશ્વાસમાં જ સર્વ પ્રકારે હિત માની લીધું છે. આજ ધ્યેયથી હું પાટીદાર જ્ઞાતિના સ્વધર્મ પાલનાર્થે જે જે પ્રવૃત્તિઓ કરતો હોઈશ તે કેવળ મારા કર્તવ્યની આછી રૂપરેખા છે. કર્તવ્યપરાયણતાના પંથે ચાલતાં જે જે અલ્પ અગવડો જનતાને જણાતી હશે તે માટે તો સાધુત્વના શ્રેયદાયક શરણમાં શ્રી ગુરુ મહારાજના આજ્ઞા અસ્ત્ર આગળ સઘળો વીટંબના વેગ અટકી પડે છે.

કેટલાએ ભાઈઓ જ્ઞાતિ-ઉન્નતિનો વિષય વિશાળ રીતે ચર્ચી ગયા છે. તેમ પૂજ્ય મહારાજશ્રી પણ પોતાનો અમૂલ્ય ઉપદેશ જનતા સમક્ષ આપી ચૂક્યા છે. તો મારે કહેવા જેવું રહ્યું નથી. તેમ છતાં મારે કહેવાના અનેક અવસરો આવશે, જેથી આજના અણમોલ વાતાવરણને સર્વ સુજ્ઞજનો સ્મરણશક્તિમાં રાખે એવી સર્વેશ્વરી સૌને શક્તિ આપો એ જ પ્રાર્થના. અસ્તુ. ત્યાર બાદ શ્રી ઉમિયામાતાની જયની ગગનભેદી ગર્જનાઓ સાથે સભા વિસર્જન પામી હતી.

ત્યાર બાદ સંધ્યા સમયે સૌ સજ્જનોએ માતાજીની સંધ્યા આરતી સમયે દર્શનાર્થે હાજરી આપી હતી. અને તે પછી અલ્પ ફળાહાર લઈને ''શ્રી ઈશ્વર રામજી ગુરુકુળ વિદ્યાલય''માં વિદ્યાર્થીઓ તરફથી યોજવામાં આવેલા 'ગુરુ ગોવિંદસિંહ'' સંવાદ સાંભળવા ગયા હતા. કેટલાક સજ્જનો તેમજ આશ્રમવાસી સાધુઓએ મળી અખંડ રાત્રિ કીર્તન કર્યું હતું.

ચૈત્ર સુદી ૧૦ના સવારમાં સૌ કોઈ પોતાના ઘેર ગયા હતા.

# ઉમિયા માતાજી સંસ્થાન વિકાસની તવારીખ

સંતોની તપોભૂમિ વાંઢાયમાં આવેલો જૂનો દ્વારો કે ઠાકર દ્વારો જે ઉદ્ધવ આશ્રમને નામે પણ ઓળખાય છે. ત્યાં ઈ.સ. ૧૯૪૪માં કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના આગેવાનોના સહકારથી ઉમિયા માતાજીનું મંદિર બાંધવામાં આવ્યું હતું. આ દ્વારાની માલિકી ઈશ્વર આશ્રમની હતી.

ઈશ્વર આશ્રમના તત્કાલીન મહંત શ્રી શાંતિદાસજી મહારાજ ગુરુ દયાલદાસજી મહારાજે ઈ.સ. ૧૯૬૪માં ઉમિયા માતાજી મંદિર સહિત એ ઠાકર દ્વારો વિધિવત્ રીતે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સુપ્રત કર્યો.

એ સમયે જ્ઞાતિના આગેવાનો સર્વશ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી (મથલ), પરબતભાઈ લખુ પોકાર (મથલ), ડાયાભાઈ હરિભાઈ ભાવાણી (મોતીસરીકંપા), રવજીભાઈ વેલાણી (લુડવા), કાનજીભાઈ ગોપાલ ભીમાણી (વેરસલપર), કરસનભાઈ ઉકેડા રૂડાણી (દેશલપર) વગેરેએ સંતશ્રીના આ પ્રસ્તાવનો સહર્ષ સ્વીકાર કર્યો હતો અને ત્યાર પછી દ્વારો અને મંદિરની સમગ્ર વ્યવસ્થા સંભાળવાની અને યોગ્ય વિકાસ કરવાની ખાત્રી આપી હતી.

અગાઉ જ્યાં ઉમિયા માતાજીનું મંદિર હતું, ત્યાં તે સમયે મૂળ જૂનો દ્વારો હતો. સંત શ્રી વિહારીસાહેબ, શ્રી ઈશ્વરરામજી, શ્રી લાલરામજી અને શ્રી ઓધવરામજી જેવા સંતોએ ત્યાં તપશ્ચર્યા કરી હતી. સંતો અને પાટીદાર જ્ઞાતિના વડીલોએ વાવેલું એ બીજ આજે વટવૃક્ષ બની ચૂક્યું છે, પરંતુ પ્રારંભિક તબક્કામાં આ સ્થાનમાં ઉમિયા માતાજીનું નાનકડું મંદિર હતું અને થોડાક ઓરડા માત્ર બંધાયા હતા.

વિકાસના પ્રથમ તબક્કામાં ઉમિયા માતાજી મંદિરના પરિસરમાં પાયાની સુવિધાઓ ઊભી કરવામાં આવી, જેમાં પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવા દેશલપરથી પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવામાં આવ્યું. જેમાં લાલજીભાઈ ભાણજી પોકાર ટોડિયાવાળાનું મુખ્ય યોગદાન હતું અને ઈ.સ. ૧૯૭૧માં સંસ્થામાં વીજળીકરણ પણ થયું. આ સમયગાળા દરમ્યાન સંસ્થાએ ગૌશાળાનો પ્રારંભ કર્યો જેના નામકરણના દાતા શ્રી મેઘજીભાઈ જેઠા રામજિયાણી, ભેરૈયાવાળા રહ્યા હતા અને અલાયદી જમીન મેળવી ઉમિયાબાગની યોજના હાથ ધરી.

ઈ.સ. ૧૯૭૪માં ઉમિયા માતાજી મંદિરના પટાંગણમાં ઓધવરામ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું. આ બધી યોજનાઓને કાર્યાન્વિત કરવા કચ્છ અને કચ્છ બહારના દાતાઓનો ઉલ્લેખનીય સહયોગ સંસ્થાને સાંપડ્યો હતો.

પ.પૂ. સંતશ્રી વાલરામજી મહારાજની પ્રેરણા અને સહયોગથી ઈ.સ. ૧૯૭૮માં ઉમાદેવી અને ઈશ્વરરામજી અન્નક્ષેત્રનો શુભ આરંભ થયો, જે આજે પણ વર્ષે હજારો યાત્રાળુઓને ભોજનની સેવા અવિરતપણે પૂરું પાડતું રહ્યું છે.

વિકાસના બીજા તબક્કામાં ચાર દાયકામાં ઉમિયા માતાજી સંકુલનો નોંધપાત્ર વિકાસ થયો. માતાજીના મંદિરની આસપાસની જમીન સંપાદન કરી પરિસરનો વિસ્તાર કરવામાં આવ્યો. આજે પરિસરમાં જે ભવનો નજરે પડે છે તે અદ્યતન સુવિધાયુક્ત પાંચે વિશાળ ભવનોનું નિર્માણ આ સમયગાળા દરમ્યાન જ કરવામાં આવ્યું, જે યાત્રાળુઓ માટે આવાસની ઉત્તમ સગવડ પૂરી પાડે છે.

આ અરસામાં જ મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. અન્નક્ષેત્ર માટે વિશાળ ભોજનખંડ, રસોઈઘર બાંધવામાં આવ્યાં. ઉમિયા માતાજી મંદિરના પ્રાંગણમાં આ પવિત્ર સ્થાન પર સાધના કરનાર બ્રહ્મનિષ્ઠ સંત શ્રી ઈશ્વરરામજી મહારાજનો ખંડ અને તેમાં તેમનો ઢોલિયો દર્શનાર્થે મૂકવામાં આવ્યો છે અને ઉમિયા માતાજી મંદિર નિર્માણના પ્રેરણાદાતા પ.પૂ. સંતશ્રી ઓધવરામજી મહારાજ અને તેમની સાથે તેમના ગુરુ લાલરામજી મહારાજનું દર્શનમંદિર બનાવી પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું છે. સુંદર પ્રવેશદ્વારથી સુશોભિત ઉમિયા માતાજી સંસ્થાન પરિસરનું વિશાળ પ્રાંગણ છે અને નાનામોટા સભાખંડો પણ છે. લીલાંછમ વૃક્ષોથી આચ્છાદિત સમગ્ર સંકુલ રમણીય ભાસે છે.

સંતશ્રી વાલરામજી મહારાજની પ્રેરણાથી હરિદ્વાર ખાતે એક કથા-પારાયણનું આયોજન કરાયું હતું એ નિમિત્તે એકત્ર થયેલ ફંડમાંથી સંતશ્રીએ રૂા. ૫૧,૦૦૦ ઉમિયા માતાજી મંદિરે અન્નક્ષેત્ર શરૂ કરવા માટે અર્પણ કરવાની ભાવના વ્યક્ત કરી, એ સમયના પાટીદાર સમાજના આગેવાનોએ સંતશ્રી વાલરામજી મહારાજના આ વિચારને વધાવી લીધો અને તા. ૨૮-૩-૧૯૭૭ના રોજ ઉમિયાદેવી અને ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટની રચના કરવામાં આવી, જેના પ્રથમ પ્રમુખશ્રી પ્રેમજી રામજી અમૃતિયા વરાયા અને ઉમિયા માતાજીના મંદિરે દર્શન કરવા આવતા તમામ યાત્રાળુઓ માટે અન્નક્ષેત્ર ખુલ્લું મૂકવામાં આવ્યું.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ૧૯૭૭માં યોજાયેલ દ્વિતીય અધિવેશનમાં જ્ઞાતિમાં સમૂહલગ્નો યોજવા અંગેનો ઠરાવ કરાયો હતો અને એ બાબત ઉપર વિશેષ ભાર પણ મૂકાયો હતો. સમાજના આ અભિગમને મૂર્ત સ્વરૂપ આપવાનો ઉમિયા માતાજી ટ્રસ્ટે તા. ૨-૧૧-૧૯૮૦ની કારોબારીમાં નિર્ણય કર્યો અને રૂપિયા ૨૫૧ની રકમ લઈને કોઈ પણ વિસ્તારના જ્ઞાતિજન સમૂહલગ્નમાં જોડાઈ શકશે એવો પણ નિર્ણય કરાયો અને ઈ.સ. ૧૯૮૦થી જલતી કરાયેલી આ સમૂહલગ્નરૂપી જ્યોત ૪૦ વર્ષથી અવિરતપણે ચાલુ છે અને ઉમિયા માતાજી સંસ્થાનમાં અક્ષયતૃતીયા અને વસંતપંચમી એમ વર્ષમાં બે દિવસોએ સમૂહલગ્નો યોજાતાં રહ્યાં છે.

ઈ.સ. ૨૦૦૯માં દેશલપરની આસપાસના ૨૦ ગામોની સમૂહલગ્ન સમિતિએ

 આ કાર્યની જવાબદારી ઉઠાવી લેતાં આ કાર્યમાં વેગ આવ્યો છે. વાંઢાયની આસપાસના ૨૦ ગામનાં તેમજ અન્ય વિસ્તારના યુગલો ઉમિયા માતાજી સંસ્થાન ખાતે આ સમિતિ દ્વારા યોજાતા સમૂહલગ્નમાં જોડાઇને મા ઉમિયાના આશિષ મેળવે છે.

સને ૧૯૮૨માં ઉમિયા માતાજી ટ્રસ્ટના પ્રમુખપદે ડો. વી.એચ. પટેલની વરણી કરવામાં આવી. ઉમિયા માતાજી સંસ્થાનમાં જરૂરી બાંધકામ અને વિકાસની જવાબદારી આ ટ્રસ્ટે સંભાળી ત્યારે અન્નક્ષેત્ર અને ભોજનાલયની જવાબદારી ઉમિયા દેવી અને ઇશ્વરરામજી ટ્રસ્ટના શિરે રહી.

સને ૧૯૮૩માં યાત્રાળુઓને ઊતરવા માટે ત્રણ માળનું વિશ્રાંતિગૃહનું બાંધકામ શરૂ કરાયું. તેમાં કુલ્લે ૧૫ રૂમો બંધાયા. વિશ્રાંતિગૃહનું નામકરણ શ્રી રવિલાલભાઇ કેશરા રામજિયાણીએ તેમના પિતાશ્રી કેશરાભાઇ રામજિયાણીના સ્મરણાર્થે રૂા. ૫૧,૦૦૦ આપીને કરાવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન ૧૯૮૪માં સંતશ્રી વાલદાસજી મહારાજના હસ્તે કરાયું હતું. આ વર્ષે મંદિરનું આધુનિકીકરણ કરવામાં આવ્યું અને સંસ્થાના વિકાસ માટે બે પ્લોટોની ખરીદી કરવામાં આવી.

તા. ૧૭-૪-૧૯૮૬ના યોજાયેલ ઉમિયા માતાજી ટ્રસ્ટના પ્રમુખપદે શ્રી નારાણભાઇ રામજી પોકારની અને મંત્રી પદે છગનલાલ પ્રેમજી અમૃતિયાની વરણી થઇ, આ કાર્યભાર તેમણે સતત આઠ વર્ષ લગી સંભાળેલો હતો. તેમના સમયગાળામાં માતુશ્રી રતનબાઇ વિશ્રામ પોકાર પથિકાશ્રમનું નિર્માણ થયું તેમ અન્નપૂર્ણાભવનનું બાંધકામ પણ તેમના સમયમાં જ પરિપૂર્ણ થયું. જેનું નામકરણ માતુશ્રી લાછબાઇ શિવદાસ કાનજી માવાણી રખાયું છે.

૧૯૮૬માં શિક્ષણ સમિતિની રચના કરવામાં આવી હતી, જેના પ્રમુખ તરીકે ડો. વી.એચ. પટેલ નિયુક્ત થયા હતા અને જ્ઞાનપ્રચાર સમિતિની રચના કરવામાં આવી હતી. જેના પ્રમુખ તરીકે શ્રી પ્રેમજી રામજી અમૃતિયા નિયુક્ત થયા હતા.

સને ૧૯૯૧થી ૧૯૯૪ દરમ્યાન ઉમિયાદેવી તથા શ્રી ઇશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટના પ્રમુખપદે શ્રી શિવદાસભાઇ ગોવિંદ છાભૈયા અને મંત્રીપદે શ્રી નારાણભાઇ વિશ્રામ ભગતે સેવા આપી હતી.

૧૯૮૭માં ગોવિંદભાઇ મેઘજી મદનપુરાવાળા તરફથી ઉમિયા માતાજી પરિસરમાં પશ્ચિમના પ્રવેશદ્વાર બંધાવી આપવામાં આવ્યું.

૧૯૮૯માં ઉમિયા માતાજી સંકુલમાં પ્રેરણામૂર્તિ સંતશ્રી ઓધવરામજી મહારાજની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરવામાં આવી.

દેશલપરથી વાંઢાય તરફનો અને ભુજ તરફનો એમ બે ગેઇટ માતુશ્રી ભચીબેન રતનશી છાભૈયાના સ્મરણાર્થે નારણભાઇ રતનશી છાભૈયા, રાજપર તરફથી બંધાવી આપવામાં આવ્યા, અને લુડવાથી વાંઢાય તરફનું પ્રવેશદ્વાર શ્રી લધાભાઇ વિશ્રામ પોકાર તરફથી બાંધી આપવામાં આવ્યું.

આ સંસ્થા વિકાસના બીજા તબક્કામાં સંસ્થામાં જે ભવનોના બાંધકામ થયા 

તેમાં પ્રારંભમાં કોટડા (જ)વાળા શ્રી સામજીભાઇ જીવરાજ લીંબાણીએ પોતાની નિઃસ્વાર્થભાવે સેવા આપી હતી અને ત્યારબાદ શ્રી જેઠાભાઇ લાલજી ચોપડા (રાજપર), શ્રી ધનજીભાઇ પૂંજા લીંબાણી (દરશડી) અને શ્રી દેવજીભાઇ વાલજી ચૌહાણ (આણંદસર)ના માર્ગદર્શન હેઠળ નિર્માણકાર્ય થયા. તેમાં તેમને વર્ષો સુધી નિરપેક્ષ ભાવે સેવાઓ આપી.

સને ૧૯૯૪થી ૧૯૯૯ દરમ્યાન ઉમિયા માતાજી ટ્રસ્ટના પ્રમુખપદે જેઠાભાઇ લાલજી ચોપડા અને મંત્રીપદે કરસનભાઇ પચાણ ચૌહાણે સેવાઓ આપી હતી. આ સમયગાળામાં અન્નપૂર્ણા ભવનને અડીને ઉમિયા ભવનનું નિર્માણ કરવામાં આવ્યું. ત્યારબાદ દાતાઓના સહયોગથી જમીન સંપાદિત કરી ભોજનાલય તેમજ ઉપરના ભાગમાં ગેસ્ટહાઉસનાં રૂમો બાંધવામાં આવ્યા, જેનું નામ દાતાશ્રી માતુશ્રી રતનબેન વિશ્રામ પોકાર લાલરામ ભવન રાખવામાં આવ્યું. જેનું ઉદ્‌ઘાટન ૧૯૯૭માં કરાયું અને ઉમા મહેશ્વર ભોજનાલય હોલનું ઉદ્‌ઘાટન શ્રી મનજીભાઇ વાલજી સાંખલા ઉખેડાવાળા અને શ્રી મણિલાલ પૂંજા રામાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

Laxminarayan Dharm Prachar Samiti was formed on 1996-02-04

તા. ૪/૨/૧૯૯૬ મહા સુદ-૧૫ના શુભ દિવસે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પ્રચાર સમિતિની વિધિવત સ્થાપના કરવામાં આવી અને ઉમિયા માતાજી સંસ્થાનના પટાંગણમાં સંતોની નિશ્રામાં વિરાટ ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છના ગામેગામથી હજારો લોકો સહભાગી બન્યા હતા અને તે જ દિવસે વાંઢાયથી આદ્યસુધારક શ્રી નારણજીબાપાની જન્મભૂમિ વિરાણી મોટી સુધીની વિરાટ ધર્મયાત્રાનું આયોજન પણ કરાયું હતું. આ સમિતિના પ્રથમ પ્રમુખ પદ પર કેન્દ્રીય સમાના માજી પ્રમુખશ્રી પ્રેમજીભાઇ પૂંજા વાસાણી વરાયા હતા.

કચ્છ અને કચ્છ બહારના લક્ષ્મીનારાયણ મંદિરોને એકસૂત્રે બાંધવા અને સનાતન ધર્મના પ્રચાર પ્રસાર કરવાના ઉદ્દેશથી ૧૯૯૬માં શરૂ થયેલ શ્રી લક્ષ્મીનારાણ ધર્મપ્રચાર સમિતિએ ૨૦૦૩ સુધી ઉમિયા માતાજી સંસ્થાનમાં જ પોતાનું કાર્યાલય રાખીને તમામ પ્રવૃત્તિઓ કરી હતી. જ્યાં સુધી હાલનું લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન, સંસ્કારધામ અસ્તિત્વમાં નહોતું આવ્યું ત્યાં સુધી આ સંસ્થાનું કેન્દ્ર ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય જ રહ્યું હતું. અહીં જ ધર્મ પ્રચાર સમિતિની સભાઓ અને મિટિંગો યોજાતી હતી.

ડો. વી.એચ. પટેલ ૧૯૯૪થી ૧૯૯૯ દરમ્યાન ઉમિયા દેવી અને ઈશ્વરરામજી અન્નક્ષેત્રના પ્રમુખપદે સેવા આપીને નિવૃત્ત થયા.

સને ૧૯૯૬માં ઉમિયા માતાજી ટ્રસ્ટે તેનું મુખપત્ર 'ઉમા દર્પણ'નું પ્રકાશન શરૂ કર્યું, જેના પ્રકાશન સમિતિના પ્રમુખ નારણ રામજી પોકાર અને માનદ્ તંત્રીપદે શ્રી રતિલાલ મનજી પટેલ નિયુક્ત થયા.

સને ૧૯૯૮માં ઉમિયા માતાજી મંદિરનો સુવર્ણ જયંતી મહોત્સવ ખૂબ જ શાનદાર રીતે ઉજવવામાં આવ્યો.

 ૧૯૯૯માં ઉમિયા દેવી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ અને ઉમિયા માતાજી ટ્રસ્ટનું વિલીનીકરણ કરવામાં આવ્યું અને એક જ ટ્રસ્ટ શ્રી ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ રાખવામાં આવ્યું અને મર્જ કરેલ ટ્રસ્ટના સને ૧૯૯૯થી ૨૦૦૮ દરમ્યાન ઉમિયા માતાજી ટ્રસ્ટના પ્રમુખપદે શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુએ તેમની બહુમૂલ્ય સેવાઓ આપી. ૧૯૯૯થી ૨૦૦૦ દરમ્યાન શ્રી માધવજીભાઈ પ્રેમજી અમૃતિયા મંત્રીપદે રહ્યા હતા. ૨૦૦૨થી ૨૦૦૮ દરમ્યાન શ્રી શિવજીભાઈ નાનજી કાનાણીએ મંત્રીપદે રહીને તેમની સેવાઓ આપી હતી.

સને ૨૦૦૧માં કચ્છમાં વિનાશક ભૂકંપ આવતાં કચ્છનાં ગામોમાં ઘણાં મકાનો ધ્વંસ થઈ જતાં તાત્કાલિક સહાયની આવશ્યકતા ઊભી થઈ, એ સમયે ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ અસરગ્રસ્તોની વહારે થયું અને કચ્છના કડવા પાટીદારોની વસ્તીવાળાં ગામોમાં ભૂકંપગ્રસ્તોનાં મકાન બાંધવા તદ્દન રાહત ભાવે ૮૦ હજાર થેલી સિમેન્ટનું વિતરણ કર્યું. આ કાર્ય માટે દાતાઓ તરફથી તેમજ ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા તરફથી સંસ્થાને દાન પણ મળ્યું હતું.

તા. ૧૭-૪-૨૦૦૫માં સંતશ્રી ઓધવરામજી મહારાજની બાજુમાં તેમના ગુરુ બ્રહ્મલીન સંતશ્રી લાલરામજી મહારાજની પ્રતિમાનું સ્થાપન કરાયું અને જ્ઞાતિનાં આર્થિક રીતે નબળા કુટુંબોને તબીબી સહાય કરવા આરોગ્યનિધિની પણ શરૂઆત કરવામાં આવી. ભુજમાં ઉમા દર્પણ માટે કાર્યાલય તેમજ અન્ય સામાજિક પ્રવૃત્તિઓ માટે ઉમા હોલ સંસ્થા દ્વારા ખરીદવામાં આવ્યો અને તેનું ઉદ્ઘાટન દાતાશ્રી વાલજીભાઈ જીવરાજ દિવાણી (સાગર) અને લધાભાઈ વિશ્રામ પોકાર (મુંબઈ)ના હસ્તે કરવામાં આવ્યું.

તા. ૧૩-૨-૨૦૦૬ના ભૂકંપમાં જર્જરિત થઈ ગયેલ ઉમિયા માતાજી મંદિરના સામેના પટાંગણમાં નવા ઉમિયા માતાજી મંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો. મંદિરની જમીન ભૂમિદાનમાં વાંઢાયના દરબાર ભાઈઓ પાસેથી મળી. જેના મુખ્ય દાતા રામભરોસે હસ્તે દેવજીભાઈ ભાવાણી (રસલિયા-સુરત) રહ્યા હતા.

ઈ.સ. ૨૦૦૧માં કચ્છમાં ત્રાટકેલા વિનાશક ભૂકંપમાં ઉમિયા માતાજીનું મંદિર પણ ક્ષતિગ્રસ્ત થઈ ગયું હતું. તેથી એ મંદિરની સામેના પ્રાંગણમાં શિલ્પકલાથી સુશોભિત મા ઉમિયાના ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું.

સને ૨૦૦૧થી ૨૦૦૮ દરમ્યાન સંસ્થા દ્વારા થયેલ તમામ પ્રવૃત્તિઓ તેમજ ઉમિયા માતાજી મંદિરનું મોટાભાગનું નિર્માણકાર્ય તત્કાલીન પ્રમુખશ્રી હંસરાભાઈ દેવજી ધોળુના વડપણ હેઠળ કરાયું હતું.

સને ૨૦૦૮થી ૨૦૧૪ સુધી ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટના પ્રમુખપદે શ્રી રવિલાલભાઈ કેસરા રામજિયાણી અને મંત્રીપદે શ્રી જયેશભાઈ સોમજી છાભૈયા કાર્યરત હતા. ૨૦૦૯માં ઉમિયા માતાજીનું શિલ્પકળાથી સુશોભિત મંદિર તૈયાર થઈ જતાં તેમાં ઉમિયા માતાજી મૂર્તિ પુનઃપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો હતો. જેમાં મૂર્તિપ્રાણપ્રતિષ્ઠાના દાતાશ્રી જીવાબેન દેવજીભાઈ ધોળુ પરિવાર 

હ. હંસરાજભાઈ, દુર્ગાપુર-ભુજ, કળશ સ્થાપનના દાતાશ્રી શ્રીમતી સવિતાબેન શીવગણભાઈ નાનજી ધોળુ પરિવાર, હ. હિરાલાલભાઈ દુર્ગાપુર-ભુજ, ધજારોહણના દાતાશ્રી કુંવરબેન નારણ નાકરાણી- રત્નાપર-મુંબઈ અને નાનબાઈ નારણ સેંઘાણી-રાજપર-મુંબઈ રહ્યા હતા. ૨૦૦૯માં ઉમિયા માતાજી મંદિરની બાજુમાં ગંગારામભાઈ રામાણીના સહકારથી જમીન સંપાદિત કરી શિવમંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો, જેનું નિર્માણકાર્ય પૂરું થતાં વર્ષ ૨૦૧૨ના રામનવમીના પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. જેમાં શિવલિંગની પ્રાણપ્રતિષ્ઠા શ્રી રમેશભાઈ કરમશી વાસાણી, દેશલપર(ભુજ), શ્રી શાંતિલાલ ધીરુભાઈ માકાણી, દેશલપર (ભુજ), સ્વ. રવજીભાઈ લાલજી રંગાણી, આણંદસર (ભુજ) રહ્યા હતા.

સને ૨૦૧૪થી શ્રી ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટના પ્રમુખપદે શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ અને મંત્રીપદે શ્રી બાબુભાઈ સામજી ચોપડા કાર્યરત છે.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સનાતન ધર્મના માર્ગે વાળવાની પ્રેરણા આપનાર સંતશ્રી લાલરામજી મહારાજની વિ.સં. ૨૦૭૧માં ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા નિર્વાણ શતાબ્દી ઉજવવામાં આવી હતી. જેમાં ભુજ લેવા પટેલ હોસ્પિટલને આઈ.સી.યુ.ની સુવિધા સાથેની એમ્બ્યુલન્સ ભેટ આપવામાં આવી હતી. વર્ષ દરમ્યાન તબીબી સારવાર કેમ્પો યોજવામાં આવ્યા હતા. આરોગ્યનિધિ સાથે સંતશ્રી લાલરામજીનું નામ જોડવામાં આવ્યું અને દાતાઓની નોંધણી કરવામાં આવી હતી. વર્ષ દરમ્યાન વૃદ્ધ, અપંગ, અશક્ત અને નિરાધાર લોકોને અન્ન-વસ્ત્રનું દાન કરવામાં આવ્યું હતું.

સને ૧૯૨૦થી ૧૯૨૨ દરમ્યાન દેશમાં કોરોનાકાળ હોવાથી ઉમિયા માતાજી મંદિરે યાત્રાળુઓની અવરજવર નહીવત હોતાં ઉમિયા માતાજી સંસ્થાન પરિસરમાં આવેલા તમામ ભવનોનું રિનોવેશન કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખશ્રી હંસરાજભાઈ ધોળુના સીધા માર્ગદર્શન હેઠળ દાતાશ્રી દિવ્યાબેન રવિલાલ રંગાણી (ગઢશીશા) સુવિધા ભવન, દાતાશ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી (વિરાણી મોટી), લોન્ડ્રી હાઉસ, દાતાશ્રી ગુણવંતીબેન ઈશ્વરભાઈ માવજી માવાણી (લક્ષ્મીપર-નાસિક) પ્રસાદઘર, દાતાશ્રી દેવજીભાઈ નાનજી ધોળુ (દુર્ગાપુર-ભુજ) હાઈવે પરના પ્રવેશદ્વાર દાતાશ્રી દિયા ભરતભાઈ હંસરાજ ધોળુ શિશુ સંભાળ કક્ષ અને પરિષર પ્રવેશદ્વારના દાતા શ્રી બાબભાઈ શિવજી ચૌહાણ, આણંદસર-મુંબઈ રહ્યા હતા. કાર્યાલયનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ તમામ ભવનોના રૂમોને અદ્યતન સુવિધાથી સુસજ્જ કરવામાં આવ્યા છે.

# ઉમિયા માતાજી સંસ્થાનની પ્રવૃત્તિઓ

**ઉમિયા માતાજી મંદિરનું સંચાલન :**

**માતાજીના મંદિરમાં નિયમિત પૂજા-અર્ચન થાય છે. તેના ગૌરવને છાજે તે રીતે તેના ઉત્સવો ઉજવાય છે. એટલું જ નહિ પણ વખતોવખત મંદિરમાં જરૂરી સુધારા-વધારા કરવાની જવાબદારી આ સંસ્થા નિભાવે છે.**

**કાયમી અન્નક્ષેત્ર :**

**ઈ.સ. ૧૯૭૮થી સંસ્થાન દ્વારા યાત્રાળુઓ તેમજ સાધુસંતોના ભોજન માટે કાયમી અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે, જેમાં કોઈ પણ જાતના ભેદભાવ વિના સૌ કોઈને કોઈ પણ જાતના ચાર્જ વિના જમાડવામાં આવે છે. પ્રતિ વર્ષ અંદાજે એક લાખ યાત્રાળુઓ આ અન્નક્ષેત્રનો લાભ લે છે.**

**યાત્રાળુઓને ઊતરવા પથિકાશ્રમની સુવિધા :**

**મા ઉમિયાના દર્શને આવતા ભાવિક યાત્રાળુઓને ઊતરવા અને રાતવાસો કરવા માટે પૂરતી સુવિધા આપવામાં આવે છે. સંસ્થાનના પરિસરમાં પાંચ વિશાળ ઈમારતોમાં કુલ મળીને ૯૫ જેટલા નાનામોટા રૂમ છે, જેમાં મોટા ભાગના રૂમ ટોયલેટ-બાથ એટેચ રૂમો છે. જેનો દૂરદૂરથી આવતા હજારો યાત્રિકો લાભ લઈ રહ્યા છે.**

**સમૂહલગ્ન :**

**મા ઉમિયાની સન્મુખ વર્ષમાં બે દિવસોએ વસંત પંચમી અને અક્ષયતૃતીયાનાં સમૂહલગ્નોનું આયોજન કરવામાં આવે છે, જેમાં કચ્છ અને કચ્છ બહારનાં, ઘણાં કડવા પાટીદાર યુગલો જોડાય છે. સંસ્થાન દ્વારા દાતાઓના સહયોગથી મા માટલું અને અન્ય ચીજવસ્તુઓની ભેટ આપવામાં આવે છે. આ ઉપરાંત કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ દ્વારા અન્ય ગામોમાં યોજાતાં સમૂહલગ્નોમાં પણ મા ઉમિયાના પ્રસાદરૂપે કુમકુમ અને પાનેતર મોકલવામાં આવે છે. સંસ્થાએ નિયત કરેલા ચાર્જ ભરીને વસંતપંચમી અને અક્ષય વૃતીયા સિવાયની તિથિઓએ સંસ્થા દ્વારા છૂટક લગ્ન કરી આપવામાં આવે છે.**

**વર્ષ ૨૦૦૯થી અખાત્રીજના વાંઢાય ખાતે યોજાતા સમૂહલગ્નનું આયોજન વાંઢાયની આસપાસના ૨૦ ગામના ભાઈઓ સુંદર રીતે સંભાળી રહ્યા છે.**

**ગૌસેવા પ્રવૃત્તિ :**

**સંસ્થાન દ્વારા કાયમી ગૌશાળા ચલાવવામાં આવે છે. તેમજ દુષ્કાળના કપરા દિવસોમાં ગૌસેવાના કાર્યમાં સંસ્થા દ્વારા સહાય પણ કરવામાં આવે છે.**

**ઉત્સવો :**



સંસ્થા દ્વારા રામનવમીના શ્રી ઉમિયા માતાજીનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવાય છે. આ બે દિવસના ઉત્સવમાં કચ્છ અને કચ્છ બહારથી વીસથી પચ્ચીસ હજાર ભાઈ-બહેનો ભાગ લે છે, જેમાં સંતો તેમજ સામાજિક આગેવાનોની સભાઓ પણ યોજાય છે. આ ઉપરાંત નવરાત્રિનો પર્વ પણ ઉલ્લાસભેર ઉજવાય છે.

**પદયાત્રા :**

શ્રી ઉમિયા માતાજીના વાર્ષિકદિન રામનવમીના કાર્યક્રમમાં ભાગ લેવા કચ્છના લખપત, નખત્રાણા તેમજ માંડવી અને ખેડોઈ એમ ચાર વિસ્તારમાંથી પદયાત્રીઓ આવે છે.

**''ઉમાદર્પણ'' માસિક :**

આ સંસ્થાએ સપ્ટેમ્બર '૯૬થી પોતાનું મુખપત્ર ''ઉમા દર્પણ'' માસિક શરૂ કરેલ છે, જેના દ્વારા ધાર્મિક જાગૃતિ, સામાજિક સંગઠન અને સંસ્કારઘડતર તેમજ ભારતભરમાં વસતા પાટીદારોને સમાચારો પહોંચતા કરવાનું પ્રશંસનીય કાર્ય થઈ રહ્યું છે.

**સામાજિક કાર્ય :**

શ્રી ઉમિયા માતાજીના વાર્ષિકોત્સવ પ્રસંગે દાતાઓનાં સન્માન અને સામાજિક આગેવાનોનાં સમાજોપયોગી વિષય પર વક્તવ્યો અપાય છે. આ સિવાય પણ અવારનવાર સંસ્થાનમાં સામાજિક સંગઠન અને ઉત્કર્ષ અંગે ચર્ચા કરવા સભાઓ યોજાય છે.

**આર્થિક સહાય :**

સમાજના આર્થિક સ્થિતિનાં જરૂરિયાતમંદ કુટુંબોને આર્થિક સહાય સંસ્થા દ્વારા આપવામાં આવે છે.

**રોગનિદાન અને સારવાર કેમ્પ :**

આ સંસ્થાન દ્વારા જરૂરિયાત ઊભી થાય ત્યારે રોગનિદાન કેમ્પ જેવી માનવસેવાની પ્રવૃત્તિ પણ યોજવામાં આવે છે.

**આરોગ્યનિધિ :**

જ્ઞાતિના આર્થિક રીતે નબળાં કુટુંબોને તબીબી સારવાર માટે આર્થિક સહાય આપવાના ઉદ્દેશથી સંસ્થાએ આરોગ્ય નિધિ શરૂ કરેલ છે, જેમાંથી ૪ વર્ષથી જરૂરિયાતમંદ કુટુંબોને સહાય આપવામાં આવે છે.

**સાહિત્ય પ્રકાશન :**

સંસ્થા દ્વારા માતાજીના ગુણગાનની કેસેટો, પુસ્તિકા, સીડી વગેરે સાહિત્ય પણ પ્રકાશિત કરાય છે અને રાહતદરે તેનું વેચાણ પણ કરાય છે.

# વાંઢાયની સંતપરંપરા

વાંઢાયની પુનિત ભૂમિ પર આજે જે સંસ્થાઓ વિદ્યમાન છે તે હરિહર સંપ્રદાયની સંતપરંપરાએ આ ભૂમિ પર કરેલા તપ અને પુરુષાર્થનાં પ્રત્યક્ષ કે પરોક્ષ પરિણામરૂપ છે. હમલાના પૂજ્ય દેવાસાહેબે પ્રેરેલા વૈદિક સનાતનધર્મની એક ધારા સમાન હરિહર સંપ્રદાયના સંતોએ આવીને આ ભૂમિ પર નિવાસ કર્યો અને તે સંતપરંપરાનો નિર્વાહ કરી આ ધરતીને પાવન કરી.

વિક્રમ સંવત ૧૭૫૫થી આજ લગી જે સંતોએ વાંઢાયની ભૂમિને તપોભૂમિ બનાવી છે, તે પૈકી પ્રથમ સંતબાવાશ્રી વિહારી સાહેબ હતા, જેઓ હરિહર સંપ્રદાયના પ્રણેતા ગુરુ દેવાસાહેબના શિષ્ય હતા. તેમણે હમલાથી વાંઢાય આવીને હરિહર સંપ્રદાયની આહ્લેક જગાવી, તેમના પછી તેમના ચાર શિષ્યો પૈકી મહારાજ શ્રી ક્ષેમસાગરજીએ તેમની આ વાંઢાય પરંપરાને જારી રાખી.

એ જ સંતપરંપરામાં ત્યાર બાદ એક બ્રહ્મવેત્તા અને સિદ્ધપુરુષ એવા સંત શ્રી ઈશ્વરરામજી મહારાજ આવ્યા કે જેમના નામથી વાંઢાયનું નામ ''ઈશ્વરનગર'' રખાયું અને અહીં ચાલતી લગભગ તમામ સંસ્થાઓ સાથે તેમનું નામ આજે પણ જોડાયેલું રહ્યું છે. તેમના સમયમાં મુંબઈના એક શ્રેષ્ઠીએ સંવત ૧૯૪૮માં ઈશ્વરનગર નામે સરોવર બંધાવી આપ્યું, જે આજે પણ વિદ્યમાન છે. સંવત ૧૯૫૩માં તેઓશ્રી મોક્ષધામ પધાર્યા અને ત્યાર પછી થોડાં વર્ષો સુધી વાંઢાયની ગાદી પર કોઈની ''ચદરવિધિ'' થઈ શકી નહિ. છેક ૧૯૭૧માં તેમના શિષ્ય મહારાજ શ્રી લાલરામજીની ''ચદરવિધિ'' કરી, ગાદીપતિ તરીકેની નિયુક્તિ કરવામાં આવી. મહારાજશ્રી લાલરામજીએ હાલે જ્યાં ઈશ્વર આશ્રમ છે તે સ્થળે નવો દ્વારો બંધાવ્યો અને ત્યાં ગુરુ ઈશ્વરરામજીની સમાધિ તેમજ શિવમંદિરનું નિર્માણ પણ તેઓશ્રીએ કરાવ્યું. એ પહેલાં અગાઉના સંતો આજે જ્યાં પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર છે, તે સ્થાને જૂનો દ્વારો હતો ત્યાં રહેતા. મહારાજશ્રી ઈશ્વરરામજીએ પણ ત્યાં સાધના કરેલી. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં આજે પણ તેમનો ઢોલિયો સંભાળીને રાખવામાં આવ્યો છે, જેનાં દર્શન કરીને દર્શનાર્થીઓ કૃતકૃત્ય બને છે.

મહારાજશ્રી લાલરામજીનું શરીર પાટીદારનું હોવાથી પાટીદાર જ્ઞાતિને સનાતનધર્મના માર્ગે વાળવાના પ્રયત્નનો પ્રારંભ તેઓશ્રીએ કર્યો અને તેમનું

 શરીર શાંત થયું તે પહેલાં તેમણે પોતાનાં પ્રિય શિષ્ય ઓધવરામજીને બોલાવી તેમનું અધૂરું રહેલું કામ તે (ઓધવરામજી) પૂરું કરે એવી ઈચ્છા વ્યક્ત કરી. સંવત ૧૯૭૧ના મહા માસમાં સંત શ્રી લાલરામજી બ્રહ્મલીન થયા. મહારાજશ્રી ઓધવરામજીએ તેમની પાછળ મોટો ભદ્રા ઉત્સવ કર્યો અને તે સમયના હમલા ગાદી પરના સંત શ્રી બાવા પૂરણદાસની ઈચ્છાથી વાંઢાયગાદી મહારાજ શ્રી ઓધવરામજીને ''ચદરવિધિ'' કરી સોંપવામાં આવી. મહારાજ શ્રી ઓધવરામજી સંત હોવાની સાથે એક અચ્છા સમાજસુધારક હતા. તેમણે પોતાના જીવનકાળ દરમ્યાન કરેલી અનેકવિધ પ્રવૃત્તિઓ આ વાતની પ્રતીતિ કરાવે છે. તેઓશ્રીએ ઈશ્વર આશ્રમમાં વિદ્યાભ્યાસ માટે ગુરુકુળ સ્થાપ્યું અને તેમાં અંધજનોના શિક્ષણ માટે અંધશાળા શરૂ કરાવી, જે ૧૯૬૨ સુધી વાંઢાયમાં રહી અને મહારાજશ્રીના દેહવિલય પછી ભુજ ખસેડવામાં આવી, જે આજે પણ સરકારશ્રી તરફથી ચલાવવામાં આવે છે. તેમણે ગુરુકુળમાં હરિજન છાત્રાલય શરૂ કરીને તે સમયમાં ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું. શ્રી ઉમિયા માતાનું મંદિર નિર્માણ કરવાની પ્રેરણા પણ તેમની જ હતી અને તેમને જ વરદ્ હસ્તે ઉમિયા માતાજીની મૂર્તિ પધરાવવામાં આવી હતી. સંવત ૨૦૦૯માં હરિદ્વારમાં કચ્છી લાલરામેશ્વર આશ્રમની સ્થાપના કરી પાટીદારો, મિસ્ત્રી, ભાનુશાળી, આહીર વગેરે જ્ઞાતિઓને ધર્મનો સાચો રાહ બતાવ્યો, એટલું જ નહિ કેળવણી વિશે સુવિધા ઊભી કરવામાં પણ મદદરૂપ બન્યા. સદનવાડી ખાતે ગાંધીજીપ્રેરિત નવી તાલીમ માટેની સંસ્થા શરૂ થયેલી, જેમાં મહારાજશ્રીનું મહત્ત્વનું યોગદાન રહ્યું હતું. વાંઢાયમાં પાછળથી ખેતીશાળા પણ શરૂ કરાવી.

ઓધવરામજી મહારાજશ્રીએ પોતાની હયાતીમાં પોતાના શિષ્ય મહારાજ શ્રી દયાલદાસજીને વિ.સં. ૧૯૯૭ના કારતકસુદ-૧ના રોજ 'ચદરવિધિ'થી ગાદી આપી અને ''દયાળદાસજી'' એવું નામાભિધાન કર્યું. ગુરુઆજ્ઞાથી સંત શ્રી દયાળદાસજી પાટીદાર જ્ઞાતિના પ્રચાર અર્થે નીકળેલા અને એ પ્રચારકાર્યને વેગવંતું બનાવવા અને તેમને કુળદેવી શ્રી મા ઉમિયાના મંદિરની આવશ્યકતા જણાઈ અને સંવત ૨૦૦૦માં તેમના ગુરુ શ્રી ઓથવરામજીની પ્રેરણાથી અને તેમના વરદ્ હસ્તે શ્રી ઉમિયા માતાજીનું મંદિર બંધાવી અને તેમાં પાનમૂર્તિ પધરાવી. સંવત ૨૦૦૩માં પાટીદાર ભાઈઓની મદદથી શ્રી ઉમિયા માતાજીના મંદિરમાં પાકી મૂર્તિ પધરાવી, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કર્યો અને હાલે જ્યાં ઉમિયા માતાજી સંસ્થાન છે, ત્યાં જૂનો દ્વારો હતો. તેનાં કેટલાંક મકાનો પણ મહારાજ શ્રી ઓધવરામજી અને શ્રી દયાળદાસજીના સમયમાં કચ્છ બહાર વસતા પાટીદાર દાતાઓના સહયોગથી બાંધવામાં આવ્યાં હતાં.

 મહારાજ શ્રી દયાળદાસજી સંવત ૨૦૧૯ના આસો સુદી-૩ને ગુરુવારના બ્રહ્મલીન થતાં તેમના પછી તેમના પટ્ટશિષ્ય શ્રી શાંતિદાસજી મહારાજને વાંઢાયની ગાદી સોંપવામાં આવી. તેઓશ્રીએ પોતાના સમયમાં ઈશ્વર આશ્રમમાં પાણીની કાયમી મુશ્કેલી નિવારવા દેશલપરમાંથી પાણી આશ્રમ સુધી પહોંચાડ્યું. ઉપરાંત, આશ્રમમાં ગૌશાળા, ખેતીવાડી વગેરે વ્યવસ્થા પણ સુચારુરૂપે ચલાવી. તેઓ સંસ્કૃતના અભ્યાસી હતા એટલે અવારનવાર ભક્તોને ભાગવતનું રસપાન કરાવતા. તેમનો પિંડ પાટીદારનો હોવાથી જ્ઞાતિજનોમાં સનાતનધર્મના ઉપદેશ માટે પણ તેઓશ્રી ગામડાંઓમાં નીકળતા તેમને આશ્રમના વિકાસ માટે ઘણું-ઘણું કરવાની ઈચ્છા હોવા છતાં ઈશ્વરના ધામનું તેડું આવતાં તેમની ઈચ્છા પૂરી થઈ શકી નહિ. પરંતુ તે પહેલા ઈ.સ. ૧૯૬૪માં તેમણે ઉમિયા માતાજી મંદિર અને ઠાકર દ્વારાનો વહિવટ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને વિધિવત સોંપી દીધો હતો.

મહારાજશ્રી શાંતિદાસજીનો દેહ સંવત ૨૦૩૬ના કારતક વદી ૧ને સોમવારે શાંત થતાં તેમના પછી તેમના શિષ્ય કરશનદાસજીને ''ચદરવિધિ''થી ઈશ્વર આશ્રમ વાંઢાયની ગાદી સોંપવામાં આવી. તેમના સમયમાં આશ્રમમાં એટલાં બધાં નવાં બાંધકામ અને એટલા બધા ફેરફારો થયા કે લાંબા સમય પછી આવેલો માણસ થાપ ખાઈ જાય. મહારાજશ્રી કરશનદાસજીએ ભક્તો, ભાવિકો અને દાતાઓની સહાયથી શિવમંદિરની બાજુમાં ઉમિયાજી તેમજ હિંગળાજ માતાનાં મંદિરોનું નિર્માણ કરી પ્રાણપ્રતિષ્ઠા કરી, એટલું જ નહિ પણ જૂનાં નળિયાવાળાં મકાનોનો જીર્ણોદ્ધાર કરી પાકાં મકાનો બનાવડાવ્યાં. જેમાં લાલરામ ભવન, ઓધવરામ ભવન, દયાળ ભવન, શાંતિભવન વગેરે ઈમારતો બાંધવામાં આવી. અહીં દર્શને આવનાર દર્શનાર્થી ભક્તજનો માટે ઊતરવાની સુંદર વ્યવસ્થા છે, ભોજનશાળા છે અને અન્નક્ષેત્ર ચાલે છે. તેઓ વિ. સં. ૨૦૬૮, મહા વદ ૩૦ ને તા. ૨૦-૦૨-૨૦૧૨ ના બ્રહ્મલીન થયા. ત્યાર બાદ તેમના પટ્ટ શિષ્ય સંતશ્રી મોહનદાસજી મહારાજ હાલમાં ઈશ્વર આશ્રમના મહંત પદે રહીને આશ્રમનો વહીવટ સંભાળી રહ્યા છે.

મહારાજશ્રી દયાળદાસજીના શિષ્ય મહારાજ શ્રી સેવાદાસજીનું શરીર પાટીદારનું અને પોતે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં તેમણે વર્ષોથી ઈશ્વર આશ્રમમાં રહીને આશ્રમવાસીઓની, સંતો-મહંતોની અને એનાથીયે વિશેષ તો આશ્રમની ગાયોની જે સેવા કરી છે તે તેનાં નામ ''સેવાદાસ''ને સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે. પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં કોઈનીયે સેવા લેવાને બદલે સૌને પોતાની સેવા આપવાનો જ ગુણ તેમનામાં હતા, તે જોઈને આપણને વંદન કરવાનું મન થાય તેવા સરળ 

અને સાલસ સ્વભાવના સંત હતા. તેઓશ્રી આસો સુદ - ૮, તા. ૦૨-૧૦-૨૦૧૪ ના બ્રહ્મલીન થયા.

મહારાજશ્રી ઓધવરામના બીજા શિષ્ય મહારાજશ્રી વાલદાસજીને ઓધવરામજીએ કચ્છી લાલરામેશ્વર આશ્રમ હરિદ્વારની જવાબદારી સોંપી હતી. મહારાજશ્રી વાલદાસજી મિતભાષી અને સૌમ્ય પ્રકૃતિના સંત હતા. તેમણે ગૌસેવાના કાર્યમાં ઊંડો રસ દાખવેલો અને કન્યા-કેળવણીને પ્રોત્સાહન આપવા પણ તેઓ જરૂર પડ્યે મદદરૂપ બનતા. તેઓશ્રી તેમના ગુરુ શ્રી ઓધવરામજીની જેમ પાટીદાર જ્ઞાતિમાં નવનિર્મિત શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કે એવા જ કોઈ ધાર્મિક, સામાજિક સભાઓમાં અચૂક ઉપસ્થિત રહેતા. તેમની જ પ્રેરણાથી ઉમિયા માતાજી સંસ્થાનમાં અન્નક્ષેત્ર ૧૯૭૮માં શરૂ કરવામાં આવ્યું.

આજે વાંઢાયની પાવન ધરતી પર સોમનાથ મંદિરની પ્રતિકૃતિસમું અને પ્રાચીન સ્થાપત્યકલાની યાદ અપાવે એવું ભવ્ય રામમંદિર પણ તેમની જ પ્રેરણાથી નિર્મિત પામ્યું અને તા. ૧૨-૩-૧૯૯૩ ફાગણ વદ-૫ રંગપંચમીના શુભ દિને એ કલાત્મક રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી અને ત્રણ માસ બાદ જ તા. ૧૫-૬-૧૯૯૩ના રોજ મહારાજ શ્રી વાલરામજી બ્રહ્મલીન થયા. તા. ૩૦-૦૬-૧૯૯૩ના તેમનો ભદ્રા ઉત્સવ થયો અને તે જ દિવસે તેમના સ્થાને તેમના પટ્ટશિષ્ય પ. પૂ. સંત શ્રી હરિદાસજી મહારાજની ‘‘ચદરવિધિ’’થી નિયુક્તિ કરવામાં આવી.

હાલમાં હરિદાસજી મહારાજ કચ્છી લાલરામેશ્વર આશ્રમ હરિદ્વારના મહંત પદે બિરાજમાન છે. તેમના સમયમાં આશ્રમનો નોંધપાત્ર વિકાસ થયો છે. યાત્રાળુને મળતી સુવિધામાં પણ સારો એવો વધારો થયો છે. હરિદાસજી મહારાજે તેમના ગુરુ વાલરામજી મહારાજની જન્મભૂમિ મૂરચબાણ ગામે પ્રકૃતિની ગોદમાં વાલરામ તીર્થનું નિર્માણ કર્યુ છે ને યાત્રિકો માટે સગવડ પણ ઊભી કરવામાં આવી છે. માતાના મઢ નજીક આવેલા આ તીર્થધામમાં પણ ઘણા ભાવિકો દર્શને જાય છે.



# વાંઢાયની પાવન ધરાના પ્રથમ સંત પૂજ્ય શ્રી વિહારી સાહેબ

વાંઢાયની પાવન ધરા પર હરિહર સંપ્રદાયની આહલેક જગાવનાર વિહારી સાહેબ પ્રથમ સંત હતા. તેમના પછી આવનારા આ પરંપરાના સંતોએ વાંઢાયને પોતાની તપોભૂમિ બનાવીને વિહારી સાહેબે જલતી કરેલી જયોતને આજ પર્યંત અખંડ જલતી રાખી છે. બાવા શ્રી વિહારી સાહેબનો જન્મ વાંઢાયનાં જ ધલક્ષત્રિય કુટુંબમાં સંતસેવક મેઘરાજજીને ત્યાં સવંત ૧૮૦૪માં થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ વેરાજી હતું. જન્માંતરીથી મળેલા સંસ્કારોને કારણે બાવા સાહેબ બાલ્યાવસ્થાથી જ પ્રભુભજનમાં પ્રીતિ રાખતા અને તે સમયમાં જેનું વધુ પ્રચલન હતું. એવા માતાપંથના અનુયાયી ભકતો સાથે પણ બેસીને ભજન સત્સંગ કરતા. પરંતુ ત્યાં તેમના મનને તૃપ્તિ ન થઇ. તેમના મનમાં સતત એક વિચાર ઘોળાયા કરતો હતો કે મનુષ્યને આ ભવાટવિમાંથી મુકત કરીને પરમ કલ્યાણનો માર્ગ બતાવનાર મહાપુરુષનું શરણું લીધા વિના પરમાનંદ અને પરમપદની પ્રાપ્તિ શકય નથી અને અંતરના ઊંડાણમાંથી પ્રગટેલી ઈચ્છા હંમેશા ફળતી હોય છે. વેરાજીને પણ જીવનમુકિતનો માર્ગ બતાવનારા સંતાત્મા અંતે મળી જ ગયા અને તે હતા હમલાપુરીના નિઃસ્પૃહિ સંતાત્મા પૂજયપાદ શ્રી દેવા સાહેબ.

હમલાપુરી અને પૂજય દેવા સાહેબ માટે કહેવાયું છે કે,

'હમલા ગંગ ગોદાવરી, હમલા હૈ હરદ્વાર
અડસઠ તીરથ નિત વસે, ગુરુ દેવા કે દરબાર'

વેરાજી બાવા શ્રી દેવાસાહેબના શરણમાં ગયા અને તેમની પાસેથી કંઠી ધારણ કરી તેમના શિષ્ય બન્યા. તેમની જ્ઞાન પિપાસા અને જિજ્ઞાસાવૃતિ એટલાં તો ઉત્કટ હતાં કે તેઓ દિવસે વાંઢાયમાં પોતાનું ખેતીવાડીનું કામ કરતા અને રાત્રે વાંઢાયથી સાત ગાઉ દૂર હમલાપુરી જઇ શ્રી ગુરુના ચરણોમાં બેસી વેદાંતનું જ્ઞાન મેળવતાં. તેમના પિતાજીને આ વાતની ખબર પડી. તેમનો પુત્ર સત્સંગના રંગે રંગાઇને સાધુના સંગમાં સાધુ બની જશે એ બીકે તેમણે વેરાજીને સાંસારિક બંધનોમાં બાંધવાનું નકકી કર્યું. પણ વેરાજીનું વિરકત મન સંસારના બંધનોને સ્વીકારવા તૈયાર ન હતું. તેમને ઓ ગુરુના ચરણોમાં બેસીને ગુરુભકિત કરતાં કરતાં પરમનામની પ્રાપ્તિ કરી જીવન મુકિત મેળવવી હતી. તેમણે ગુરુના શ્રી ચરણોમાં મસ્તક મુકી અશ્રુભીની આંખે પોતાની આ વ્યથા તેમના સમક્ષ વ્યકત કરી. પૂજયપાદ ગુરુ દેવા સાહેબે વેરાજીને પિતાની આજ્ઞાને શિરોધાર્ય ગણીને ગૃહસ્થાશ્રમ શરૂ કરવા જણાવ્યું અને એક પુત્ર રત્નની પ્રાપ્તિ સુધી ગૃહસ્થાશ્રમમાં જ રહેવાની આજ્ઞા કરી. ગુરુઆજ્ઞાને માથે ચડાવીને વેરાજીએ સંસારની ધુંસરી ખાંધે લીધી. પરંતુ તેમનું મન તો સંસારથી પર જ હતું. તેમને એક પુત્રી નામે 'હરીબા' અને એક પુત્ર નામે 'જેઠુજી' થયા. અને ગુરુના આદેશ અનુસાર તેમનું પ્રથમ કર્તવ્ય પૂર્ણ થયું અને પુત્રને ગૃહસ્થધર્મનું સહસ્ય સમજાવી સંસાર વ્યવહારનો સઘળો ભાર સોંપીને ગુરુચરણોમાં જઇ ગુરુદીક્ષા મેળવી વેરાજીમાંથી બાવાશ્રી વિહારી સાહેબ બન્યા.

થોડો સમય ગુરુદેવ સાનિધ્યે રહીને સંત સેવા કરી. ત્યારબાદ આજ્ઞા મેળવી

તીર્થયાત્રાઓ કરીને પુનઃ હમલા આવી ગુરુદેવની તીર્થજળથી અભિષેક કરી યાત્રાનો સફળતાનો સંતોષ અનુભવ્યો. બાદમાં કુટુંબયાત્રા માટે વાંઢાય જવાની ગુરુઆજ્ઞા થઈ એટલે વિહારી સાહેબ વાંઢાય આવી શરીરના સર્વ સંબંધીઓને મળ્યા ત્યારે વાંઢાયના ગરાસદારો બાપુજી, માનસંગજી, મેઘજી વગેરેએ મળી બાવા શ્રી વિહારી સાહેબને અહીંજ વાંઢાયમાં આશ્રમ બાંધવા વિનંતી કરી, જમીન, ખેતર વગેરે અર્પણ કર્યા. વિહારી સાહેબે પણ ભજન માટે અનુકૂળ સ્થાન જોઈને ત્યાં જ આશ્રમ બાંધવા ઈચ્છા વ્યકત કરી. હમલાથી ગુરુઆજ્ઞા મેળવી શ્રી વિહારી સાહેબે વાંઢાયમાં આશ્રમ બાંધ્યો અને સાધન-ભજન ત્યાં રહીને કર્યા.

બાવા શ્રી વિહારી સાહેબ વિદ્વાન વેદાંતજ્ઞાની હોવાની સાથે સાથે એક અચ્છા કવિ પણ હતા. તેમનાં પદો વાંચતા તેમનું કવિત્વ ઝળકયા વગર રહેતું નથી અને પાછળથી ભુજની પાઠશાળામાં પિંગળ, સાહિત્યનો અભ્યાસ પણ કર્યો હતો. વિહારી સાહેબના ચાર શિષ્યો ક્ષેમદાસજી, હરિદાસજી, નારાયણદાસજી અને રાઘવદાસજી મુખ્ય હતા. તેમના જ્ઞાન અને ભકિતના પ્રભાવથી ધીરે ધીરે વાંઢાય આશ્રમમાં સંતમંડળ એકત્રિત થવા લાગ્યું અને આ મંડળ આસપાસના ગામોમાં લોકોના ભાવને કારણે સત્સંગ ભજન માટે પણ નીકળતું.

બાવા શ્રી વિહારી સાહેબ તેમના સેવકોના આગ્રહને વશ થઈને મુંબઈ ગયા. ને ત્યાંથી પાછા ફરે તે પહેલા સદ્‌ગુરુ દેવા સાહેબનો દેહવિલય થયો. આ સમાચાર સાંભળતાં જ વિહારી સાહેબ શૂન્ય મસ્ક બની ગયા. ગુરુજીના અંતિમ દર્શનથી વંચિત રહ્યાનું તેમને પારાવાર દુઃખ હતું. વ્યથિત હૃદયે તેઓ વાંઢાય આશ્રમમાં પરત આવ્યા અને એમ કહેવાય છે કે ધૂપ લેવા વાંઢાયથી હમલા જતાં માર્ગમાં એમના ભાવપૂર્ણ અંતરમાંથી એક પદ સરી પડ્યું.

'સ્વામી આયે તુમ શરણં,
ગુરુ તુમ હો જગ તારણ તરણં
સ્વામી આયે તુમ શરણં'

આ પદ પુરું થતાં તેમને સદ્‌ગત ગુરુ શ્રી દેવાસાહેબનાં દર્શન થયાં અને પરમ આશિષ સાંભળ્યા. હમલા પહોંચીને તેઓ તેમના જયેષ્ઠ ગુરુબંધ જેઠીરામજીને અશ્રુભીની આંખે ભેટી પડ્યા અને તેમની ગુરુઆજ્ઞા માગી અને ગુરુતુલ્ય અને ગુરુબંધની ઈચ્છાનુસાર તેઓએ વાંઢાય આશ્રમ છોડી હમલાપુરીમાં નિવાસ કર્યો અને આશ્રમનો સઘળો વ્યવહાર સંભાળ્યો સાથે સાથે બાવા રામસિંહજીને શાસ્ત્રાભ્યાસ પણ કરાવતા.

વિહારી સાહેબને પોતાનો અંત સમય નજીક આવ્યાનું જ્ઞાન થઈ જતાં તેમણે પોતાના પ્રિય શિષ્ય ક્ષેમદાસજીને વાંઢાયથી બોલાવી બાવા શ્રી રામદાસજીને અભ્યાસ કરાવવાનું અધૂરું કાર્ય તેમને પૂર્ણ કરાવવાની આજ્ઞા આપી પોતે વાંઢાય આશ્રમ પધાર્યા અને જીવનનાં અંતિમ દિવસો પ્રભુ ધ્યાનમાં અને પ્રભુ ભજનમાં વાંઢાય આશ્રમમાં જ વ્યતિત કરી વાંઢાયની ભૂમિ પર જ સ્થૂળ દેહનો ત્યાગ કરી બ્રહ્મલિન થયા. પૂજયપાદ દેવાસાહેબે પ્રગટાવેલી જ્ઞાન જયોતને વાંઢાયમાં લાવી તેના દિવ્ય પ્રકાશથી આ ભૂમિને પાવન કરનાર આદ્યગુરુ બાવાશ્રી વિહારી સાહેબને આપણાં કોટિ કોટિ વંદન.

# બ્રહ્મનિષ્ઠ સંત શ્રી ક્ષેમદાસજી

બ્રહ્મનિષ્ઠ પૂજ્યપાદ શ્રી ક્ષેમદાસજીનો જન્મ નખત્રાણા તાલુકાના મંજલ ગામે એક ચારણ કુટુંબમાં થયો હતો. તેઓશ્રીનાં ચર્મચક્ષુ બંધ હોવા છતાં આંતરચક્ષુ ખુલ્લાં હતાં અને તેઓ પ્રજ્ઞાચક્ષુ હોવાથી જ્ઞાની અને વિદ્વાન હતા. ક્ષેમદાસજીએ બાવા વિહારી સાહેબને પોતાના ગુરુપદે સ્થાપીને તેમનું શરીર શાંત થયું ત્યાં સુધી ખુબ જ ભાવથી ગુરુ સેવા કરી અને ત્યારબાદ ગુરુની આજ્ઞાનુસાર તેઓ બાવા રામસિંહજીને શાસ્ત્રાભ્યાસ કરાવવા હમલા રહેવા લાગ્યા. જયાં શ્રી ઈશ્વરરામજી તેમના સર્વપ્રથમ શિષ્ય બન્યા. ત્યાર પછી તેમના બીજા પણ ઘણા શિષ્યો થયા.

બાવા રામસિંહજીનો વિદ્યાભ્યાસ પૂરો થતાં પોતાના પ્રિય શિષ્ય ઈશ્વરરામજીને સાથે લઈને મહારાજશ્રી ક્ષેમદાસજી નાગરેચા પધાર્યા. ત્યાંથી ભ્રમણ કરતાં કરતાં મોથાળા પાસેના ભીમપર ગામે પહોંચ્યા ત્યારે ત્યાંના ભાવિકોના આગ્રહથી તેમણે ત્યાં શ્રી ભગવાન રામનું નાનકડું મંદિર પણ બંધાવ્યું અને ત્યાંના ગરાસદારોએ એ મંદિરના નિભાવ માટે વ્યવસ્થા પણ ગોઠવી આપી. થોડો સમય રોકાયા બાદ સાધુ તો ચલતા ભલા એમ પોતાના એક શિષ્યને એ મંદિરનો વહીવટ સોંપીને તેઓ શ્રી પાછા લોકસંગ્રહાર્થે વિચરણ કરવા નીકળી પડયા અને વાંઢાયથી વેકરા અને આંસંબિયા, કાનપુર વગેરે ગામોમાં ફરીને લોકોને સત્સંગ લાભ આપ્યો. મહારાજશ્રી ક્ષેમદાસજીના આશીર્વાદથી વેકરાના ગજણજીને ત્યાં પારણું બંધાયું અને તેમણે તે સમયે એક હજાર કોરી મહારાજશ્રીના ચરણોમાં ધરી જેનો સદ્‌ઉપયોગ મહારાજશ્રીએ એક તલાવડી બનાવવામાં કર્યો જેનું પાછળથી ઈશ્વરસાગર તરીકે નિર્માણ કરાવામાં આવ્યું.

મહારાજશ્રી ક્ષેમદાસજીએ પોતાના માતા-પિતાની સદ્‌ગતિ માટે એકાંત ઓરડામાં છ મહિના માટે રામનામના મંત્ર સાથે તપ આદર્યું અને એમ કહેવાય છે કે તેના માતા-પિતાએ સદેહે તેમને દર્શન આપ્યાં અને તેમના આ ભજનના પ્રભાવથી તેઓનાં માતા-પિતાને ઉત્તમ ગતિ પ્રાપ્ત થઈ.

કાનપુરમાં દેવલબાઈ મા સાક્ષાત દેવીનો અવતાર હતો અને અંત સમયમાં મહારજશ્રી ક્ષેમદાસજી કાનપુરમાં રહીને તેમને સવાર સાંજે કથા સંભળાવતા. તેમનાં દેહ છૂટવાનો સમય નજીક આવતાં તેમણે પોતાના શિષ્ય ઈશ્વરરામજીને બોલાવીને કહ્યું કે જયાં સુધી દેવલમાનો દેહ રહે ત્યાં સુધી તેમને સવાર સાંજ કથા સંભળાવવાનો ક્રમ તેમના ગયા પછી ચાલુ રાખવો. થોડા દિવસોમાં જ આ સ્થૂળ દેહને છોડી તેમની આત્મ જયોત પરમ જયોતમાં વિલીન થઈ ગઈ.

# મંગલમૂર્તિ શ્રી ઈશ્વરરામજી

**''જગમંગલ મૂર્તિ અતિ પ્યારી ગુરુ ઈશ્વર કર અવતારી''**

પ. પૂ. સંતશ્રી લાલરામજી મહારાજે ઉપરોક્ત પંક્તિમાં જેને ઈશ્વરના અવતાર સમા ગણાવ્યા છે અને જેમના પાવનકારી નામ સાથે આજે વાંઢાયની પુનિત ભૂમિ પર વિદ્યમાન લગભગ તમામ સંસ્થાઓ જોડાયેલી છે, એવા પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજશ્રી ઈશ્વરરામજી હરિહર સંપ્રદાયની સંતપરંપરાના મુકુટમણિ છે. જેવું તેમનું નામ પવિત્ર અને કલ્યાકારી છે તેવું જ તેમનું જીવન પણ પતિતપાવન છે.

વિ.સં. ૧૮૯૫ના આસો સુદ-૨ના પવિત્ર દિને કચ્છમાં અબડાસા તાલુકાના નાનકડા ગામ નાંદરામાં ભાનુશાળી પરિવારમાં માતા કુંવરબાઈની કુખેથી મહારાજશ્રી ઈશ્વરરામજીના સ્થૂળ શરીરનો આવિર્ભાવ થયો. વિદ્વાન જ્યોતિર્વેત્તાઓએ વિધાન કર્યું હતું કે આ બાળક અલૌકિક પુરુષ થશે અને તેઓશ્રીનાં માતા-પિતાએ ઈશ્વરના અનુગ્રહથી તેમને આ પુત્રરત્ન પ્રાપ્ત થયું છે એમ વિચારી તેમનું નામ ''ઈશ્વર'' પાડ્યું. તેઓશ્રી બાળપણથી જ ઈશ્વરપરાયણ હતા અને ભજનાનંદી પણ હતા. પિતા હંસરાજ નિર્મળ હૃદયના ભક્ત હતા. ખેડૂતનું સાદું જીવન ગાળતા અને આંગણે આવેલા સાધુસંતોની સેવા કરતા.

મહારાજશ્રી ઈશ્વરરામજીને ચાર વર્ષની વયે દુષ્કાળ પડતાં માતા-પિતા સાથે જીવનનિર્વાહ અર્થે કચ્છ છોડીને સિંધમાં જવાનું થયું. ત્યાં જુરડા ગામમાં જઈને રહ્યાં અને ત્યાં જ તેમનાં માતા-પિતાનો દેહવિલય થયો. તેઓશ્રીની ફોઈએ તેમને પોતાની સાથે રાખ્યા. બાળપણમાં રેંટ ચલાવતાં તેમનો પગ તેમાં આવી જતાં પગે ખોડ આવી અને તેમને અનાયાસે ઈશ્વરે સંસારની ઉપાધિમાંથી મુક્ત થવાની અનુકૂળતા કરી આપી અને તેનો તેઓશ્રીને આનંદ હતો. સંતશ્રી સેવારામજીના શિષ્ય મહાત્મા અરજણદાસજીએ તેમનામાં પડેલી અલૌકિક શક્તિને પારખી અને શાસ્ત્રીય અક્ષરોનું લેખન-વાચન અને શબ્દ સાખીનું જ્ઞાન આપવાનું શરૂ કર્યું.

મહારાજશ્રીનાં ફોઈ તેમજ અન્ય સંબંધીજનો તેમને સાંસારિક સંબંધોમાં બાંધવાની ઈચ્છા રાખે છે એવું જાણીને મહાત્મા અરજણદાસજીએ મહારાજશ્રીને મોહપાશમાં ન બંધાવા અને કચ્છ હમલાપુરીમાં દેવાસાહેબના દિવ્યધામમાં જઈ બ્રહ્મવેત્તા મહાપુરુષની પાસેથી ગુરુદીક્ષા ગ્રહણ કરી, સાધુ બની સર્જનહાર પરમાત્માનું ભજન કરી, આ મનુષ્યદેહને સફળ કરવા જણાવ્યું. મહારાજશ્રી કચ્છ આવતા કેટલાક મહાત્માઓ સાથે હમલાપુરી પધાર્યા. એ વખતે પૂજ્યપાદ

મહારાજશ્રી ક્ષેમદાસજીબાવા શ્રી રામસિંહજીના આગ્રહથી ત્યાં રહી તેઓશ્રીને વેદાંતશાસ્ત્રનો અભ્યાસ કરાવતા હતા. જેઓ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં પણ ''શ્રી પંચદર્શ જેવા વેદાંત વિષયના મોટા ગ્રંથો જેમને જિહ્વાગ્રે હતા, એટલું જ નહિ પરંતુ તેઓ પૂર્ણ ભજનાનંદી હતા અને જેમણે પોતાના સ્વરૂપનો હસ્તકમલવત્ અપરોક્ષ અનુભવ હતો એવા બ્રહ્મવેત્તા મહાપુરુષનાં દર્શન કરી મહારાજશ્રીના બધાં મનોરથો એકાએક પૂર્ણ થયા. મહારાશ્રીએ ગુરુ ધારણ કરવા પોતાની ઈચ્છા દર્શાવી. મહારાજશ્રી ક્ષેમદાસજીએ મહારાજશ્રીને પૂર્ણ અધિકારી તેમજ પૂર્ણ સંસ્કારી જાણી શ્રી ગુરુમંત્ર સહિત 'તત્ત્વમસિ' મહાવાક્યનો ઉપદેશ આપી કૃતાર્થ કર્યા અને તેઓશ્રીનું ''ઈશ્વરદાસ'' એવું નામ નિયત કર્યું. ત્યાર બાદ તેઓશ્રી આશ્રમમાં રહીને ગુરુસેવા કરતા અને ત્યાં આવનાર સંતો, મહાત્માઓની પણ બનતી સેવા કરતા, તેમની નવું શીખી લેવાની જિજ્ઞાસાવૃત્તિ એટલી તો તીવ્ર હતી કે રસોઈ બનાવતાં બનાવતાં પણ શ્લોકો કંઠસ્થ કરતા અને ગુરુનાં ચરણોમાં બેસીને પણ તત્પરતાથી વિદ્યા ગ્રહણ કરતા.

મહારાજશ્રીને સંતસેવામાં એટલી બધી પ્રીતિ હતી કે પોતાના પગે ખોડ હોવાના કારણે તેઓ સંતોની સેવા સારી પેઠે કરી શકતા નથી, તેનું તેમના હૃદયમાં સદૈવ દુઃખ રહેતું. જેમના તેઓ પ્રીતિપાત્ર હતા એવાં એક માત્ર સંબંધી તેમનાં ફોઈનો સ્વર્ગવાસ થતાં એમની પાછળ તેમણે ઉત્સવ કર્યો અને સાધુ સંતોને જમાડ્યા, ત્યાર બાદ મહારાજશ્રી પોતાના ગુરુ સાથે હમલાપુરી છોડી કાનપુર આવીને રહ્યા. ભગવત્કથા શ્રવણમાં જેમને અનહદ પ્રીતિ હતી એવાં દેવલબાઈ માને ગુરુ ક્ષેમદાસજી કથાનું રસપાન કરાવતા અને તેઓશ્રી બ્રહ્મનિર્વાણ પામ્યાં પછી તેમની આજ્ઞાનુસાર મહારાજશ્રી ઈશ્વરદાસજીએ પણ તેમનો આ ક્રમ ચાલુ રાખ્યો હતો. તેઓ ભજનાનંદી હોવાને કારણે ઘણા સંત મહાત્માઓ તેઓશ્રીનાં દર્શને આવતા અને ત્યાં રહીને સત્સંગ કરતા. તેમના ભક્તિના રંગે સમસ્ત ગામનું વાતાવરણ પણ ભક્તિમય બની ગયું હતું.

મહારાજશ્રી તેમજ તેમના કાકાગુરુ હરિદાસજી કે જેઓ તે સમયે વાંઢાય રહેતા એ બન્ને વચ્ચે પરસ્પરને માટે ઘણો પ્રેમ હતો. એટલે મહારાજશ્રીના કાકાગુરુને જોઈતી વસ્તુઓ કાનપુરથી વાંઢાય મોકલી આપતા અને અવારનવાર વાંઢાય તેઓશ્રીનાં દર્શને પણ જતા.

મહારાજશ્રીના એક શિષ્ય શામદાસજી કે જેઓ પાછળથી શામ ભગવાનના નામે ઓળખાયા, તેઓ શરૂઆતમાં મહારાજશ્રી ઈશ્વરરામજી પાસે બેસીને વેદાંતનું જ્ઞાન મેળવતા. કહેવાય છે કે શરૂઆતમાં તેઓશ્રી મંદબુદ્ધિવાળા હતા. પણ ઈશ્વરરામજી મહારાજના આશિષથી તેમની બુદ્ધિ ખીલી ઊઠી અને તેમને તત્કાળ મહારાજશ્રીની સ્તુતિ માટે જે દોહરા બનાવ્યા, તે આજે પણ

ઈશ્વર આશ્રમમાં મહારાજશ્રીની સ્તુતિ રૂપે ગવાય છે.



મહારાજશ્રી ગુરુના આદેશ અનુસાર મા દેવલબાઈની સેવામાં વીસ વર્ષ લગી કાનપુરમાં જ રહ્યા અને દેવલબાઈ મા બ્રહ્મલીન થયાં. ત્યાર બાદ તેઓ ''બહુજનહિતાય'' પ્રવૃત્તિ અને ભક્તિ માટે કચ્છનાં ગામડે ગામડે વિચરવા લાગ્યા. તેઓશ્રી જ્યાં-જ્યાં પધારતા ત્યાં-ત્યાં ભાવિકજનોને તેમનાં દર્શન માત્રથી પણ ઘણો જ આનંદ થતો અને તેમનું જ્યારે એક ગામથી બીજે ગામ પધારવાનું થતું ત્યારે શ્રોતાજનોનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુઓની ધારા વહેતી. તેઓશ્રીનું વક્તૃત્વ પણ એટલું તો અદ્ભુત અને સુંદર હતું કે તેઓશ્રીના કથા-પ્રવચનમાં કેવલ શ્રવણ માત્રથી પણ શ્રોતાજનોની શંકાઓનું આપોઆપ સમાધાન થઈ જતું. સજ્જનનો સંગ અને દુર્જનથી દૂર રહેવું એ મહારાજશ્રીના ઉપદેશનો મુખ્ય મુદ્દો હતો. પ્રવાસમાં મહારાજશ્રીના અનુક્રમે લાલરામજી, બાપુરામજી, લીલારામજી અને પ્રેમદાસજી એમ ચાર શિષ્યો થયા અને તેઓ પણ શ્રી ગુરુદેવની સેવામાં તત્પર રહી તેઓશ્રીની સાથે વિચરતા. સતત પ્રવાસમાં રહેતા હોવા છતાં મહારાજશ્રીએ બાર મહિનામાં એક વખત જન્માષ્ટમી પર બાવાશ્રી રામસિંહજીના દર્શને હમલાપુરી જવાનો નિયમ રાખ્યો હતો.

કચ્છ અને કચ્છ બહાર ઘણાં ગામોનો પ્રવાસ કર્યા બાદ મહારાજશ્રીને એવું લાગ્યું કે ''વાંઢાયમાં રહી એકાંતમાં ઈશ્વર ભજન કરવા આ શરીરનું પ્રારબ્ધ છે.'' એમ ધારી તેઓશ્રી બધાની સાથે પોતાના ગુરુસ્થળે વાંઢાય પધાર્યા. ત્યાં બીજા પણ મહારાજશ્રીના મૂલદાસજી, પ્રેમદાસજી, દયારામજી અને નારાયણદાસજી વગેરે શિષ્યો થયા.

તેઓશ્રી સંતોને ઉપદેશ આપતાં કહેતા કે,

''જપ તપ શીલ સંતોષ ચાર ખેતર ખેડે
રિદ્ધિસિદ્ધિ સંપદા હાલી આવે હેંડે''

તેઓની દ્રષ્ટિમાં ધર્મ કે સંપ્રદાયનો કોઈ ભેદભાવ ન હતો. તેમના માટે તો સમસ્ત વિશ્વ બ્રહ્મમય હતું. તેથી તેઓ કોઈ પણ પંથ કે સંપ્રદાયના સંતોને આવકારતા અને સત્કારતા. મહારાજશ્રી પોતાનો મોટા ભાગનો સમય પોતાના ઓરડામાં એકાંતમાં બેસીને જ પ્રભુભજનમાં ગાળતા. સાંજના સમયે તેઓશ્રી કથા-સત્સંગ દ્વારા આશ્રમે આવનાર ભક્તો અને સજ્જનોને પ્રભુપ્રેમના દિવ્યજ્ઞાનનું રસપાન કરાવી અલૌકિક આનંદ પ્રદાન કરતા.

પૂજ્યપાદ મહારાજશ્રી પોતે સમર્થ હતા તેમજ તેઓશ્રીના શિષ્યો અને સેવકો સંખ્યાબંધ હતા, તો પણ તેમને ગુરુપણાનું લેશમાત્ર પણ અભિમાન જેવું ન હતું. એક વેળા તેમના આશ્રમમાં પધારેલા એક સ્વામીજીએ તેમને પ્રશ્ન કર્યો કે, ''પ્રભુ, જેઓ શિષ્ય બનીને પોતાના ગુરુમાં શ્રદ્ધા રાખતા નથી તેઓને કેવાં

દોષ અને પાપ લાગતાં હશે ?

ત્યારે તેઓશ્રીએ કહ્યું કે, ''જ્યારે આપણે પોતાને ગુરુ માનીએ ત્યારે જ આવી ઉપાધિ અને વિપેક્ષ ઊભો થાય છે. માટે આ મારા શિષ્યો છે અને હું એમનો ગુરુ છું એમ પોતાને માનવું જ શા માટે જોઈએ ?'' એ સાંભળી સ્વામીજીના મનનું ઘણું સારું સમાધાન થઈ ગયું.

મહારાજશ્રીના એક સેવક શ્રીમાન વાલજીભાઈએ તેઓશ્રીના કહેવાથી અને પ્રેરણાથી પોણો લાખ કોરીઓનું દાન તે સમયે એકત્ર કરીને ત્યાં જે તળાવ હતું, તેમાં ખાણેતરું કરાવી, તેના ઘાટ બંધાવી, વિ. સં. ૧૯૪૮માં પૂર્ણ કર્યું અને તેનું ''ઈશ્વરસાગર'' એવું પાવન નામ આપવામાં આવ્યું.

પૂજ્યપાદ મહારાજશ્રીના આશીર્વાદથી જે શ્રી સાધ્વી મેયાજી મંજલગામે શ્રી ગુરુ ઈશ્વરરામજીના નામથી એક કન્યાશાળા અને એક વિધવાશ્રમ ખોલી કન્યાઓને તેમજ કેટલી બહેનોને જીવનનો સાચો માર્ગ બતાવ્યો છે અને પોતાનું પરોપકારી, સદાચારી અને ઈશ્વર ભજનાનંદી એવું ઘણું સાદું અને સારું જીવન વ્યતિત કર્યું છે.

મહારાજશ્રી પ્રત્યેના પ્રેમને કારણે હિંગરિયાના સંતશ્રી હરિદાસજી મહારાજ પણ વાંઢાય આશ્રમે પધારતા અને રોકાણ પણ કરતા. તેમણે પોતાના ''હાલો હાલો તો વાંઢાય હાલીએ રે, મળી સંતોને મહાસુખ માણીએ રે'' એ બનાવેલા રાસપદ્યમાં પૂજ્યપાદ મહારાજશ્રીના પાવન મહિમાનું ઘણું સુંદર વર્ણન કરેલું છે.

પૂજ્યપાદ મહારાજશ્રીનો જે હેતુસર મંગલમય અવતાર થયો હતો તે બધું કામ હવે પૂરું થયું, કારણ કે જેમણે પ્રવાસે વિચરી અનેક જનોનાં કલ્યાણ કર્યાં અને ત્યાર પછી જેમણે એકાંતમાં નિવૃત્તિપરાયણ રહી ઈશ્વરભજન કરવા છતાં પણ અનેક જનોનાં કલ્યાણ કર્યાં પછી તો તેઓશ્રી પોતાના શેષ પ્રારબ્ધને જ વ્યતિત કરતા હતા અને પછી તેઓશ્રીની પ્રકૃતિ પણ બરાબર રહેતી નહીં. તેઓશ્રીના શરીર છૂટવાનો સમય જ્યારે અતિ સમીપ આવી ગયો ત્યારે તેઓશ્રી પોતાના શિષ્યોને પાસે બોલાવી કહેવા લાગ્યા કે, ''આ સંસારમાં શરીરથી કોઈ પણ અમર નથી. કારણ કે જેનો ઉદય છે, તેનો અસ્ત છે. આમ હોવાથી જે શરીરનો જન્મ થાય તે શરીરનો અંતે અવશ્ય નાશ છે. પરંતુ અજરઅમર તો એક જ આનંદરૂપ આત્મા છે કે જે ઉદય અને અસ્તથી રહિત છે. માટે આત્માનો દૃઢ નિશ્ચય કરી નિરંતર વૃત્તિને અંતર્મુખ કરવી અને આત્માનું અભેદ ચિંતન કરવું. એવી રીતે નિરંતર બ્રહ્માભ્યાસ કરતાં કરતાં જ્યારે વૃત્તિ સંકલ્પ અને વિકલ્પના પ્રદેશથી પસાર થાય છે ત્યારે અજ્ઞાનરૂપ આવરણ દૂર થઈ, આનંદરૂપ આત્માનો અપરોક્ષ અનુભવ થાય છે અને મુક્તાવસ્થા પ્રાપ્ત થાય છે. આમ

થવાથી જ ભાવનાં બંધનો તૂટી જાય છે. માટે સંસારના નાશવંત અને બંધન કરનાર એવા તમામ વિષયોથી ઉપરામ રહી જે બને તે આત્માના સંધાનરૂપ ઈશ્વરભજનમાં તન્મય રહેવું, કારણ કે આવો મનુષ્ય દેહ વારંવાર મળતો નથી.''



વળી તેઓશ્રીએ પોતાના બધા શિષ્યોને કહ્યું કે, ''અગ્નિ-સંસ્કાર ન કરતાં આ શરીરને જમીનમાં સમાધિ આપજો'' એમ કહી તેઓશ્રીએ પોતાના બધા શિષ્યો પર પોતાની અમૃતમય દ્રષ્ટિના અમૃતનું અંતિમ અભિસિંચન કર્યું અને બધા શિષ્યોએ તેઓશ્રીને નમસ્કાર કર્યા. પછી વિશ્વમંગલમૂર્તિ પૂજ્યપાદ મહારાજશ્રી સંવત ૧૯૫૩માં અષાઢ વદ-૨ને દિવસે પોતાના સ્થૂળ દેહનો ત્યાગ કરી વિદેહ કૈવલ્ય બ્રહ્મનિર્વાણ પામ્યા.

મહારાજશ્રીના શિષ્યો તેમજ મોટી સંખ્યામાં એકત્રિત થયેલ ભાવિકજનો મળીને મહારાજશ્રીના સ્થૂળ શરીરને પાલખીમાં બેસાડી ધૂપદીપથી વાજતેગાજતે સરોવરની સમીપ આવ્યા અને જે જગ્યાએ બેસી ભજન કરવા પૂજ્યપાદ મહારાજશ્રીએ ઈચ્છા દર્શાવી હતી તે જગ્યાએ પાલખી રાખી. પછી મતભેદને લીધે તેઓશ્રીના સ્થૂળ શરીરને સમાધિ ન આપતાં તેને શ્રીફળો, ચંદનના કાષ્ઠો અને ઘૃતમાં જ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. હવે અગ્નિ પ્રગટ થતાં જ તે ચિતામાંથી એક મોટો ભયંકર અવાજ સાંભળવામાં આવ્યો હતો. જે અવાજને સાંભળી જેઓ સમાધિ આપવામાં સહમત ન હતા, તેમના મનમાં એમ થયું હતું કે 'જો સમાધિ આપવામાં આવી હોત, તો ઘણું સારું હતું પણ પછી શું બની શકે ?

હવે કેટલાક સમય પછી પૂજ્યપાદ મહારાજશ્રીના મહારાજ લાલરામજી વગેરે શિષ્યોએ ત્યાં અન્ય એક નૂતન ભવ્ય 'શ્રી ઈશ્વર આશ્રમ' સ્થાપી તેઓશ્રીની ફૂલસમાધિ ઉપર એક શિખરબંધ ભવ્ય મંદિર બંધાવ્યું અને સામે શ્રી શંકરનું પણ બીજું એક શિખરબંધ ભવ્ય મંદિર બંધાવ્યું.

શ્રી ગુરુદેવના મંદિરમાં તેઓશ્રીનાં પાવન પગલાં સ્થાપિત કરવામાં આવ્યાં છે અને તેઓશ્રીની એક સુંદર છબી પધરાવવામાં આવી છે. એ બન્ને મંદિરની સવારે અને સાંજે પ્રતિ દિવસ બે વખત પૂજા થાય છે અને જ્યાં અનેક ભાવિકજનોના મનનાં મનોરથ પોતાની માન્યતા પ્રમાણે આજે પણ પૂર્ણ થાય છે.

શિવ એવં ગુરુ સાક્ષાત્ ગુરુદેવ શિવ સ્વયમ્ ।
ઉભયોરન્તરં કિંચિન્ત જ્ઞાતવ્યં મુમુક્ષુભિઃ ॥

શ્રી શિવ સાક્ષાત્ ગુરુરૂપ છે અને શ્રી ગુરુ પોતે શિવરૂપ જ છે. મુમુક્ષુજનોએ એ બન્નેમાં જરા પણ જુદાઈ જાણવી નહિ.

# સૌજન્યમૂર્તિ શ્રી લાલરામજી

મહારાજશ્રી ઈશ્વરરામજી એક વખત દેશલપર ગુંતલી પધાર્યા હતા, ત્યાંના કડવા પાટીદાર ગોપાળભગતને ઘેર સંતોના ઉતારા હતા. ગોપાળ પટેલનાં પત્ની માનબાઈથી સં. ૧૯૧૩ના વૈશાખ સુદ-૨ના પુત્રજન્મ થયેલ, જેનું નામ લાલજી રાખવામાં આવેલ.

મહારાજશ્રી દેશલપર પધાર્યા હતા, ત્યારે લાલજી ઉંમરલાયક ખરા અને સાધુસેવામાં ભાગ પણ લેતા. મહારાજશ્રીએ એના ચહેરા સામે જોઈને વિધિલેખ વાંચી જોયો અને પૂછ્યું, ''નારાયણ, તમારું નામ શું ?''

છોકરાએ જવાબ આપ્યો, ''મારું નામ લાલજી''

''નામ તો બહુ સારું છે બાપલા, સાયલામાં બાલજી નામે મરજીવો ભગત પાકી ગયો, તમારામાં પણ એ નામ સાર્થક કરવાની શક્તિ અમોને જોવામાં આવે છે. કરશોને ?''

જવાબ મળ્યો, ''આપના આશીર્વાદ હશે તો થઈ શકશે.''

મહારાજશ્રીએ હસીને લાલજીને કહ્યું, ''જો બેટા, તારા નામે લાલજી કરીને એક સુતારનો છોકરો બહુ આળસુ એટલે પ્રમાદી હતો. કામકાજ કરાવવા આવતા ઘરાકોને આજ-કાલ કર્યા કરે અને નિવેડો લાવે નહિ. એના આળસુ-પ્રમાદી જીવન માટે એક કવિએ દુહો કહ્યો છે,

પલ કા દો પખવાડિયા, ઘડી કા દો માસ
લાલ જિસકો કલ કહે, વા-કા કો હવાલ

તમે એવું તો નહિ કહોને ? ભણ્યા છો ?

જવાબ મળ્યો, ''હા''

''બહુ જ સારું. જુઓ, લાલજી આજે રાત્રે તમારે કથા વાંચવી. અમે બધાં સાંભળશું.''

''આપ આજ્ઞા કરશો તો એ પણ વાંચીશ.''

પછી તો લાલજી દરરોજ કથા વાંચે અને મહારાજશ્રી સર્વ કોઈને સમજાવે. એની વાંચવાની, બોલવાની છટાથી મહારાજશ્રી બહુ જ ખુશ થતા. એમને એવી રીતે લાંબા સમય સુધી મહારાજશ્રીનો સત્સંગ મળ્યો, તેમ શાસ્ત્રપઠન પાઠનનો લાભ પણ મળી ગયો. મહારાજશ્રી દેશલપર રોકાઈ ફરી પાછા વાંઢાય પધાર્યા. લાલજીભગતના સંસ્કારો સંતસમાગમથી ખીલી નીકળ્યા. એટલે કુટુંબીઓની સહમતી મેળવી વાંઢાય આવ્યા. પોતાના વિચારો ગુરુદેવ આગળ જાહેર કર્યા. શ્રી ઈશ્વરરામજીએ એનું ભવિષ્ય જાણેલું જ હતું, એટલે દીક્ષા આપી

શિષ્ય બનાવી લાલરામ નામાભિધાન કરાવ્યું.



શ્રી લાલરામજીની ધારણશક્તિ, વેદાંતનું જ્ઞાન, વહેવાર, કુશળતા, ગંભીરતા અને શાંતિ જેવા ઘણા ગુણોથી મૂર્તિ સમાન હતા. કહેવાય છે કે સ્વભાવના તેઓશ્રી એટલા શાંત હતા કે ન પૂછો વાત ! શ્રી ઈશ્વરરામજી મહારાજનું શરીર નિવૃત્તિ પામ્યા બાદ બધા ગુરુભાઈઓએ મળી ઉત્સવ કર્યો, ગુણાન્ સર્વત્ર પૂજયતે ન ચ લિંગઃ ન ચ વયઃ ગુણની પૂજા સર્વ કોઈ કરે છે. એમાં ઉંમર અથવા શરીર જોવામાં આવતું નથી. એ પ્રમાણે લાલરામજી ગાદી માટે એ વખતે યોગ્ય હતા. પરંતુ મહારાજશ્રીનો શિષ્ય સમુદાય બહોળો હોવાને કારણે મતમતાંતરો થાય એમાં નવાઈ પામવા જેવું નથી. શ્રી ક્ષેમદાસજી અને ઈશ્વરરામજીના વખતમાં પણ એવું જ હતું. પરંતુ અપેક્ષા રહિત સંતો હોવાના કારણે પરનું અને પોતાનું કશું બગાડ્યા સિવાય સેવાભાવના બતાવીને, અલિપ્તભાવે રહીને, સમૂહથી દૂર રહીને, મુક્તિથી જીવન પસાર કરી ગયા. આશ્રમજીવન પણ વહેવાર દશામાં જ ગણાય. વિરકત સંત બાવાશ્રી જેઠીરામજીએ હમલાના સુતાર ભક્તે એક મકાન સંત સેવામાં અર્પણ થયું ત્યારે જ આગાહી કરી હતી કે, જંગલમાં થતી એકાંતવાસી ભક્તિ હવે ઝૂપડાં સુધી આવી ગઈ છે, આગળ જે થાય તે ખરું. મહાપુરુષોનાં વાક્યો સત્ય જ હોય છે. અહીં મતમતાંતરે ઉગ્ર રૂપ લીધું. નિવેડો કે નિર્ણય થઈ શક્યો નહિ એટલે મહારાજશ્રીની છબીને જ પછેડી ઓઢાડવામાં આવી.

ત્યાર બાદ પ્રિયાદાસજીની અને મૂળદાસજીની ઈચ્છા થતાં ગામનો આશ્રમ જૂના દ્વારા નામે ઓળખાતો તે એમને સોંપવામાં આવ્યો અને નવા આશ્રમમાં લીલારામજી, બાપુરામજી, દયારામજી, રામદાસજી, નારાણદાસજી, પ્રેમદાસજી, પૂરણદાસજી વગેરે ગુરુભાઈઓ શ્રી લાલરામજી સાથે રહ્યા. સંવત ૧૯૭૧માં સાધુ લીલારામ અને બાપુરામનું શરીર શાંત થતાં શ્રી લાલરામજીએ એની પાછળ ઉત્સવ કર્યો, જેમાં હમલાપુરીના મહંતબાવાશ્રી પૂર્ણરામજી મહારાજે સંતો-સેવકોની સહમતી મેળવી શ્રી લાલરામજીને ચદરવિધિ કરીને ગાદીએ બેસાડ્યા.

મહારાજશ્રી ઈશ્વરરામજીનાં વચનો હતાં કે તમે સાધુતામાં રહીને ભજન કરશો તો રિદ્ધિસિદ્ધિ ઘરબેઠા આવીને તમારા આંગણામાં ઊભી રહેવાની જ છે. એ પ્રમાણે ખરેખર અહીં લાલરામજીને આશ્રમનો વહેવાર ચલાવવા માટે કશી કોઈ જાતની તકલીફ પડી જ ન હતી, મંડળીથી ફરવાનું તો પૂજ્ય મહારાજશ્રીએ પોતાની હયાતીમાં જ બંધ કરાવેલું હતું અને કહેવાય છે કે પાછળથી શ્રી લાલરામજીએ કોઈ દરદના કારણે પગ કપાવવો પડ્યો હતો એટલે અપંગ દશાના કારણે ક્યાંય આવવું-જવું પણ થતું નહિ. છતાં ગુરુકૃપાથી કેવલમ્ આશ્રમ રૂડી રીતે ચાલતો હતો. છતાં તેઓશ્રીના અંતરઆત્મામાં એક મહાવ્યથા

ચાલ્યા કરતી, તે એ જ કે, જે જ્ઞાતિકુળમાં મારો જન્મ એ જ કડવા પાટીદાર સમાજ આજે ધર્મના નામે ભોળપણથી અથવા તો સરળતાથી છેતરાઈને અન્યાશ્રમ સ્વીકાર્યો છે. એ એમાંથી કેમ મુક્ત થાય ? એ બધા મારા ભગવાન છે મારે એમને પાટલે બેસાડીને પૂજવા છે, પરંતુ આજે એ બધા ભગવાનોએ પોતાનો પાટ અલગ માંડ્યો છે.

જ્ઞાતિજનકો પૂજ લે જિનસે તેરા કામ
જિતના જ્ઞાતિજન મિલે ઈતના શાલિગ્રામ

જેના હૃદયમાં સ્વજ્ઞાતિ બાંધવો પ્રત્યે આવી ઉત્તમ પ્રકારની સબળ ભાવના રહ્યા જ કરતી પરંતુ હવે મનનું કહ્યું શરીર કરે એવી સ્થિતિ રહી ન હતી, એના માટે એક જ ઉપાય હતો કે પાછળની પરંપરાના સંતોને આ કામ સોંપાય. અમારો દ્રઢ સંકલ્પ અને એમની શરીરસેવાના બળે આ કાર્ય શ્રી સદ્ગુરૂ મહારાજને કરવું પડશે અથવા તો પોતાને ફરી આવવું પડશે ? અને મને વિશ્વાસ છે કે એક દિવસ મારું સ્વપ્નું સાકાર સ્વરૂપ ધારણ કરીને દિશા ભૂલેલા મારા જ્ઞાતિબાંધવોને ફરી પોતાના અસલ ઘરમાં લાવીને છોડશે. પૂજ્ય શ્રી લાલરામજી મહારાજને વિ.સં. ૧૯૭૧ની સાલમાં ગાદી સોંપાઈ અને એ જ વર્ષમાં એક ઊંડી શુભેચ્છા પોતાના જ્ઞાતિભાઈઓ માટેની લઈ શ્રી લાલરામજી મહારાજ ચિરઃકાળ માટે પોઢી ગયા, એટલે કે એમનું શરીર શાંત થયું.

સંતશ્રી લાલરામજીનો જન્મ જે જ્ઞાતિમાં થયો હતો એ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ હિન્દુ સનાતનધર્મની રાહેથી ભટકી ગઈ હતી. એનું સંતશ્રીને પારાવાર દુઃખ હતું. એમણે જીવનપર્યન્ત પોતાની જ્ઞાતિને ધર્મના સાચા રાહે આણવાની ઈચ્છા સેવી હતી અને તેમનાથી બની શક્યું એ બધું જ કર્યું હતું.પરંતુ આ કાર્ય પરિપૂર્ણ થાય તે પહેલાં જ તેમને આ ફાની દુનિયા છોડવાનો સમય આવી જતાં અંત સમયે તેમનું મન વ્યગ્ર થઈ ગયું હતું.

ગુરુજીની મનોવ્યથાને સમજી જનાર તેમના પટશિષ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજે ગુરુજીને પૂછ્યું હતું કે ''તમારા મનમાં એવી કોઈ વેદના રહી ગઈ છે કે જેમને કારણે વ્યથિત છો. તમારી જે કાંઈ ઈચ્છા બાકી હશે તે હું જરૂરથી પૂરી કરીશ તમે મને આદેશ આપો.''

જીવનની અંતિમ ઘડીએ સંતશ્રી લાલરામજીએ કહેલું કે ''મારી જ્ઞાતિ સનાતનધર્મનો પંથ ભૂલી ગઈ છે. તેને સનાતનધર્મના રાહ પર લાવવાની મારી ઈચ્છા પૂર્ણ થઈ શકી નથી. મારું આ અધૂરું કાર્ય તમે જરૂરથી પૂરું કરજો.''

સંતશ્રી ઓધવરામજી મહારાજે ગુરુજીને તેમનું અધૂરું રહેલું કાર્ય પૂર્ણ કરવાનું વચન આપ્યું અને સંતશ્રી લાલરામજીનું ખિન્ન થઈ ગયેલું મન શાંત થયું અને તેમની જીવનજ્યોત પરબ્રહ્મમાં વિલીન થઈ ગઈ.

# પ્રેરણામૂર્તિ શ્રી ઓધવરામજી

વાંઢાયની ભૂમિને તપોભૂમિ અને તીર્થભૂમિ બનાવનાર હરિહર સંપ્રદાયની સંતપરંપરાના મહાન તપસ્વી બ્રહ્મવેત્તા ''બહુજનહિતાય'' જેમણે પોતાનું જીવન ઘસી નાખ્યું એવા મહાન સંત શ્રી ઓધવરામજી મહારાજનો જન્મ વિક્રમ સંવત ૧૯૪૫ના ચૈત્ર સુદ-૯ રામનવમીના પાવન દિને ભાનુશાલી કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ હેમરાજ ભક્ત અને માતાનું નામ ચાગબાઈ હતું. તેઓ તે સમયે અબડાસા તાલુકાના જખૌ બંદરે નિવાસ કરતા હતા. હેમરાજ ભક્તને મળેલા એક બ્રહ્મવેત્તા મહાત્માએ તેમની સંતસેવા અને પ્રભુ-ભક્તિથી પ્રસન્ન થઈ તેમને ત્યાં એક મહાત્મા પુત્રરૂપે અવતરશે એવા આશીર્વાદ આપેલા.

પૂજ્ય મહારાજશ્રી સમજણા થયા ત્યારથી જ એમની રીતભાત, રમત પણ જુદા પ્રકારની હતી. મંદિરોમાં દેવદર્શને જવું, કથાવાર્તા થતી હોય તો શાંતચિત્તે શ્રવણ કરવું અને તેમાંથી યાદ રહ્યું હોય તો તેને પુનરાવર્તિત કરી ફરી ફરી બોલ્યા કરવું, અન્યને સંભળાવવું, બાળકો એકત્ર કરી પોતે કથાકાર બને અને અન્યને શ્રોતા બનાવી પોતે ઉપદેશો આપવા રૂપી બાળચેષ્ટા એમના ભવિષ્ય માટે શું સૂચવી જાય છે તે આપણે સમજવું રહ્યું.

ખીરસરાના સંતશ્રી શંકરાનંદે બાળક ઓધવરામમાં ભવિષ્યના મહાન સંતનાં દર્શન કર્યાં અને તેને પોતાની સાથે લઈ જઈ આશ્રમમાં રાખ્યા. જ્યાં તેઓ સંતસમાગમનો લાભ લેતા અને સંતસેવા પણ કરતા. આશ્રમમાં અગ્નિથી દાઝી જવાના અને કૂવામાં પડી જવાના બે જીવલેણ પ્રસંગોમાંથી સંત શ્રી શંકરાનંદના તપોબળને કારણે અને ઈશ્વરે તેમના હાથે ઘણાં શુભ ધર્મકાર્યો કરાવવાનાં હોવાથી ચમત્કારિક રીતે બચી જવા પામ્યા અને તેઓ આશ્રમમાંથી ઘેર પાછા ફર્યા.

હેમરાજ ભગતે જીવનનાં અંત સમયમાં પોતાની પત્ની ચાગબાઈને બોલાવીને ભલામણ કરતાં કહ્યું કે, ''યોગીરાજના વચન અનુસાર આ બાળકને સંત થવા દેજો, પરંતુ પુત્રભાવ રાખી એને પરણાવશો નહિ.'' એમ કહી ભક્ત હેમરાજે પ્રાણ છોડ્યા.

સંવત ૧૯૫૯માં મહારાજશ્રી ઓધવરામજી વ્યવસાયાર્થે મુંબઈ ગયા. ત્યાં તેમણે બારદાનનો, મુકાદમનો એમ જુદા જુદા વ્યવસાયો પણ કર્યા. મોહમયી મુંબઈનગરીની મોહિની લાગતાં એક સમયે તેમણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાનું

પણ વિચાર્યું. પરંતુ એક વખત મિત્રો સાથે ફરતાં ફરતાં સત્યવાદી રાજા હરિશચંદ્રનું આખ્યાન સાંભળવાનું થયું અને તેમના પૂર્વના સંસ્કારો જાગી ઊઠ્યા. વિષય-વાસનાને વશ થઈને ઈન્દ્રિય સુખ માટે તેમને બંધનમાં બંધાઈને ઉત્તમ મનુષ્ય અવતાર વેડફી નાખવાનું યોગ્ય ન લાગ્યું. તેમને માતાની પણ મનોમન એ જ ઈચ્છા અને એ જ પ્રાર્થના હતી કે પોતાનો પુત્ર સંસારમાં બંધાઈ ન રહેતાં સંસારીઓને બંધનમાંથી મુક્ત કરનાર સંત બને.

યુવાન ઓધવરામજી મુંબઈનગરીની મોહમાયા છોડી કચ્છ આવ્યા. સંવત ૧૯૬૭ના શ્રાવણ માસમાં દેવધામ હમલાપુરી બાવાશ્રી દેવસાહેબની ગાદી ઉપર વેદવેદાંત પારંગતપૂર્ણ પ્રતાપી મહંત બાવાશ્રી પૂરણદાસજી બિરાજતા હતા. તેમના ચરણમાં મસ્તક નમાવી કંઠી બંધાવી અને આશ્રમમાં રહી સંત સેવા અને બાવા જે બતાવે તે કામ કરતા. બાવાજીનું પાંડિત્ય એટલું અગાધ હતું કે તેઓશ્રીએ મહારાજશ્રીને શબ્દ-રૂપાવલી, ધાતુ- રૂપાવલી, સમાસચક્ર અને પંચસંધિ સુધીનો અભ્યાસ કરાવ્યો.

બાવા સાહેબ જ્યાં જતાં ત્યાં તેઓ ઉદ્ધવદાસને સાથે લઈ જતા પરંતુ ઉદ્ધવદાસની વૈરાગ્ય વૃત્તિને કારણે મુંબઈના બાવા સાહેબના નિવાસ દરમ્યાન આ ભીડવાળું ધમાલિયું જીવન તેમને અનુકૂળ ન આવતાં તેઓશ્રી વિક્રમસંવત ૧૯૭૦માં ઈશ્વર આશ્રમ વાંઢાય પધાર્યા, જ્યાં તેમણે ગુરુ શ્રી લાલરામજી પાસેથી સાધુપદ અને શિષ્યપદની દીક્ષા લઈ ''ઓધવરામ'' એવું નામ ધારણ કર્યું. ગુરુ લાલરામજી પાસેથી તેમના વૈરાગ્ય શતકનું જ્ઞાન તો મળ્યું પણ તેમની સાચા શિષ્ય તરીકેની પાત્રતા જોઈને ગુરુ શ્રી લાલરામજીએ અંત સમયે તેમના ગુરુ સંતશ્રી ઈશ્વરરામજી મહારાજ દ્વારા મળેલું આત્મસાક્ષાત્કારનું ગૂઢ જ્ઞાન આપ્યું.

વિક્રમસંવત ૧૯૭૧માં ગુરુ શ્રી લાલરામજીનું શરીર શાંત થયા બાદ હમલા દ્વારાના ગાદીપતિ સંતશ્રી બાવા પુરનદાસજીએ ઓધવરામજીને ગાદી માટે યોગ્ય ગણીને પસંદ કર્યા અને વિક્રમસંવત ૧૯૭૬માં તેઓશ્રીએ તેમના ગુરુ મહારાજ શ્રી લાલરામજી પાછળ ભંડારો કર્યો અને તે સમયે ''ચદરવિધિ''થી વાંઢાયની ગાદી સોંપવામાં આવી. પરંતુ મહારાજશ્રીની આશ્રમની જવાબદારીમાં બંધાઈ રહેવા કરતાં ભ્રમણ કરીને લોકોને જ્ઞાન લાભ કરાવવામાં વધુ રુચિ હતી. તેઓ તેમની સાથે બે સંતો શ્રી વિઠ્ઠલદાસજી અને શ્રી રામદાસજીને લઈને કચ્છનાં ગામડાંઓમાં લોકસંગ્રહ અર્થે નીકળી પડ્યા. પરંતુ પાછળથી વાંઢાયના દ્વારાની સ્થિતિ અંગેની મંજલવાસી સાધ્વી મૈયા તેમજ દ્વારાના સંતોનો સંદેશો આવતાં વાંઢાય પાછા ફર્યા અને આશ્રમની જવાબદારી સંપૂર્ણપણે ઉઠાવી લીધી.

સંત શ્રી ઓધવરામજી સાચા અર્થમાં એક નિઃસ્પૃહી સંત હતા. તેમને

ધનનો લગીરે મોહ ન હતો. સેવકો તરફથી મળતું દાન પણ તેઓ સાધુઓની પંગત કરાવવામાં, તેમને દાન-દક્ષિણામાં કે પછી ગરીબોને ગુપ્ત રીતે મદદ કરવા જેવા સત્કાર્યોમાં ખર્ચી નાખતા અને તેમ છતાં ધન બચે તો યજ્ઞ કરાવતા. આવો એક મોટો યજ્ઞ તેઓશ્રીએ સં. ૧૯૯૦માં તે સમયે ૯૦ હજાર કોરીને ખર્ચે કરાવેલો. જેમાં દેશ-પરદેશથી આવેલા સાધુસંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહારાજશ્રીને ધર્મકાર્ય ઉપરાંત સમાજસેવા અને શિક્ષણમાં પણ ઊંડો રસ હતો. તેમણે અગાઉ 'સૂર્યા' ગુરુકુળ નિહાળ્યા બાદ એવું જ ગુરુકુળ કચ્છમાં સ્થાપવાની ઈચ્છા તેમના મનમાં ઘોળાયા કરતી હતી, જેમાં કચ્છના વિદ્યાર્થીઓને વૈદિક જ્ઞાનની સાથે સાથે વ્યાવહારિક જ્ઞાન પણ ભણાવવામાં આવે. સં. ૧૯૯૨ના અક્ષયતૃતીયાના શુભ દિને ગુરુકુળના ખાત- મુહૂર્તની સાથે મહારાજશ્રીનું આ સ્વપ્ન સાકાર થયું. તેઓશ્રીએ આ ગુરુકુળનું નામાભિધાન તેમના દાદાગુરુ શ્રી ઈશ્વરરામજીના નામ પરથી ''શ્રી ઈશ્વરરામજી ગુરુકુળ'' કર્યું અને એક વર્ષના ટૂંકા ગાળામાં જ એક ગુરુકુળના મકાનનું બાંધકામ પૂર્ણ થતાં સંવત ૧૯૯૩ની મહા મહિનાની વસંતપંચમીના શુભ દિને તે સમયના કચ્છના નાયબ દીવાન રા. રા. યદુરામ પુરુષોત્તમ ભટ્ટના હાથે ઉદ્‌ઘાટન થયું અને કચ્છના નેત્રહીનો માટે શરૂ થયેલ ગુરુકુળમાં જ શરૂ કરવામાં આવેલ અંધશાળાનું ઉદ્‌ઘાટન પણ તે સમયે જ કચ્છના આરોગ્ય અધિકારી ડો. જાદવજી હંસરાજના હસ્તે કરવામાં આવ્યું, જે સમયમાં કચ્છમાં અંધત્વનું પ્રમાણ સવિશેષ હતું. પણ અંધજનો શિક્ષણ મેળવીને પગભર બની શકે એ કલ્પના પણ લોકો માટે દુષ્કર હતી. તે સમયમાં આ કરુણામૂર્તિ એ આવા લોકોના અંધકારભર્યા જીવનને પ્રકાશ પાથરવાનું જે બીડું ઝડપ્યું તે ખરેખર ક્રાંતિકારી વિચાર જ ગણી શકાય.

કુદરતના ખેલ તો જુઓ, મહારાજશ્રીના વ્યસની શિષ્ય જાનકીદાસના બહેકાવામાં આવીને હજૂર ફરમાનથી આ સંસ્થાનાં મકાનોને સીલ કરવા જેઓ આવવાના હતા, તેઓ જ (રાયના અમલદારો) વાજતેગાજતે આ મકાનોનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા. જાણે આશ્રમને ''સીલ'' કર્યાનો હુકમ આપી કરેલ અપરાધની મૂક ક્ષમાયાચના હતી. ગુરુકુળનાં મકાનોનું કામ પૂર્ણ થતાં મહારાજશ્રીના મુંબઈના સેવકો વરસી પડ્યા. એમણે ગુરુકુળમાં સેવકો માટે નિવાસગૃહ, પરિવારગૃહ, ભોજનશાળા, દવાખાનું, અતિથિગૃહ, વ્યાયામશાળા ઈત્યાદિ મકાનો તૈયાર કરાવ્યાં.

મહારાજશ્રીની કસોટી થવાની જાણે બાકી હોય એમ સંવત ૧૯૯૬ના કચ્છમાં કારમો દુષ્કાળ પડ્યો. મહારાજશ્રી મૂંગાં પશુઓ અને ગાયોની વહારે

થયા. આ કપરા કાળમાંથી ઉગારી લેવા પશુઓ માટેની ઘાસચારાની વ્યવસ્થા અને ગરીબો માટે અનાજની વ્યવસ્થા માટે તેમણે દાનમાં મળેલું લગભગ બધું જ ધન લૂંટાવી દીધું. ગજાબહારનો ખર્ચ કરીને પણ તેમણે જરૂરિયાતમંદોને મદદ કરી. સંવત ૧૯૯૭માં તેઓશ્રી મંજલ આશ્રમમાં બે વર્ષ માટે પ્રભુભજન કરવા એકાંતવાસમાં ચાલ્યા ગયા. સંવત ૧૯૯૯ના માગસર માસની સુદ - ૪ની (તા. ૧૧-૧૨-૪૨)ના રોજ પોતાના એક ગુરુબંધુ સાધુ કેશવદાસને આશ્રમનો વહીવટ સોંપી દીધો. પણ ફાંટાબાજ કુદરત એમને ક્યાં છોડે એમ હતી. સાચા સાધુનું કર્તવ્ય હજુ નિભાવવાનું બાકી હોય તેમ સંવત ૨૦૦૦માં સાધુ કેશવદાસ નિર્વાણ પામ્યા એટલે ગુરુકુળ આશ્રમનો સઘળો વહીવટ મહારાજશ્રીની કાંધ ઉપર આવી ગયો.

મહારાજશ્રી ઓધવરામજી કોઈ સામાન્ય સાધુ નહોતા, તેઓ તો ક્રાંતિકારી સંત હતા. પ્રવાહપતિત થાય એમાંના તેઓ નહોતા. તેઓ તો સામા પ્રવાહે તરનારા મહાપુરુષ હતા. તેમણે તે સમયના હરિજનોની સ્થિતિ જોઈ અને તેમનું હૃદય દ્રવિ ઊઠ્યું. તેઓશ્રી અસ્પૃશ્યતાને હિંદુ સનાતનધર્મનું કલંક માનતા હતા, અને તે દૂર કરવા તેમણે કમર કસી. સેવકોના વિરોધ વચ્ચે પણ તેમણે ગુરુકુળમાં જ હરિજન છાત્રાલય શરૂ કરવાનો નિર્ધાર કર્યો અને ધીરે ધીરે સેવકોએ પણ તેમના આ માનવતાવાદી વિચારને સ્વીકાર્યો અને સંવત ૨૦૦૨માં વાંઢાય ગુરુકુળમાં હરિજન છાત્રાલયની સ્થાપના થઈ. એ જ વર્ષે ચૈત્ર સુદ - ૯ ના શુભ દિને મંજલ (યક્ષ) મુકામે એક વિશાળ વણકર-હરિજન સંમેલન યોજાયું, જેમાં ખાસ ઉપસ્થિત રહેલા પૂ. રવિશંકર મહારાજે તેમના સાચા સંતપણાના ભારોભાર વખાણ કરી તેમને વંદન કર્યાં. આ સંમેલનમાં તેમણે હરિજન કુટુંબો સાથે જ સમૂહભોજન લઈ માત્ર વચનથી નહિ પણ વર્તનથી પણ દાખલો બેસાડ્યો.

કડવા પાટીદારોને શુદ્ધ સનાતનધર્મ તરફ વાળવા મહારાજ શ્રી લાલરામજીએ જેહાદ જગાવી હતી. પોતાનું શરીર જે જ્ઞાતિનું હતું તે જ્ઞાતિ સાચા રાહ પર આવે એવી તેમની અંતરની ઈચ્છા હતી અને અંતસમયે તેમણે તેમના પ્રિય શિષ્ય મહારાજ શ્રી ઓધવરામજીને આદેશ પણ કર્યો હતો. ગુરુ મહારાજનું અધૂરું રહેલું કામ પરિપૂર્ણ કરવા તેઓ પાટીદારોનાં ગામડે ગામડે ફરીને સાચો સનાતનધર્મ શું છે તે ખૂબ જ સરળ છતાં હૃદય સોંસરવી ઊતરી જાય તેવી સચોટ વાણીમાં સમજાવતા અને તેનું ધીરે ધીરે પરિણામ આવવા લાગ્યું. સૌ પાટીદારો એક જ કુળદેવીની છત્રછાયા નીચે સંગઠિત થઈ શકે એ હેતુથી તેઓશ્રીએ સંવત ૨૦૦૦માં વાંઢાયમાં ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના કરી

અને સંવત ૨૦૦૩માં તે જ સ્થળે મા ઉમિયાની આખી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાવડાવી. તેમણે પીરાણાપંથ છોડીને સનાતનધર્મ તરફ વળવા લાગતા પાટીદારોને પોતાના ગામમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરો બાંધવાની પ્રેરણા આપી અને જ્યાં જ્યાં શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરો બંધાતાં અને તેની પ્રાણપ્રતિષ્ઠા થતી ત્યાં ત્યાં મહારાજશ્રી અચૂક પધરામણી કરતા. તેમણે પાટીદારોમાં કેળવણીનો વ્યાપ વધારવા કચ્છમાં અને સાબરકાંઠામાં વિદ્યાર્થી બોર્ડિંગ શરૂ કરવા મદદ કરેલી હતી.



મહારાજશ્રી જેટલા ધર્મપ્રેમી હતા તેટલા જ બલ્કે તેથી વધુ રાષ્ટ્રપ્રેમી પણ હતા. તેમના રોમેરોમમાં રાષ્ટ્રપ્રેમ છલકતો હતો તેના દર્શન મુન્દ્રા ખાતે યોજાયેલ આઝાદીની ચળવળના ભાગરૂપે જવાબદાર રાજ્યની માગણી સાથેના અધિવેશનમાં થયાં. જ્યાં તેમણે આ લડતમાં પોતાનું તેમજ પોતાના ગુરુકુળનું નામ નોંધાવ્યું હતું. તેમણે પોતાના આશ્રમમાં અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિને તો વેગ આપ્યો જ હતો પણ સાથે સાથે ખાદી ગ્રામોદ્યોગ, વર્ધાયોજનાની પ્રવૃત્તિઓ વગેરેને પણ સ્થાન આપ્યું હતું. તેઓશ્રી આધુનિક પદ્ધતિએ ખેતી કરવાના પણ હિમાયતી હતા. એ માટે તેમણે વાંઢાયમાં ઈશ્વરવાડી શરૂ કરી આધુનિક ખેતીના પ્રત્યક્ષ પ્રયોગો બતાવી આસપાસના ખેડૂતોને પ્રેરણા પૂરી પાડી હતી.

મહારાજશ્રી સંવત ૨૦૦૫માં મનની શાંતિ માટે પ્રભુભજન માટે હરિદ્વાર પધાર્યા અને ત્યાંથી તેમણે ઉત્તરભારતનાં તીર્થોનું તીર્થાટન કરી વાંઢાય દ્વારા પધાર્યા. ત્યારે વયોવૃદ્ધ ગુરુબંધુ શ્રી રામદાસજીનો અંતસમય નજીક જોતાં તેઓ તેમની સેવામાં લાગી ગયા. અને તેમનો દેહવિલય થતાં ભંડારો કર્યો. એ જ રીતે મંજલમાં મૈયાંજીની પણ અંતસમયે સેવાશુશ્રૂષા કરવાનો તેમને લાભ મળ્યો અને તેમણે મૈયાંજીને પણ પરધામ વળાવ્યાં બાદ તેમનો પણ ભંડારો કરી શાંતિથી હરિદ્વાર પધાર્યા. જ્યાં તેમણે સપ્તસરોવરને કાંઠે રમણીય સ્થળ પસંદ કરી એક આશ્રમની સ્થાપના કરી, જેમનું નામ પોતાના ગુરુના નામ પર ''કચ્છી લાલરામેશ્વર આશ્રમ'' રાખ્યું. આ આશ્રમની સ્થાપના પાછળનો તેમનો ઉદ્દેશ સાધુસંતો તેમજ ખાસ કરીને તીર્થાટને નીકળેલાં માદરે વતન કચ્છનાં લોકોને હરિદ્વારમાં રહેવા-ઊતરવાની સગવડ મળી રહે તે હતો. આમ દૂર રહે પણ તેમનાં હૈયામાં કચ્છ અને કચ્છીઓનું હિત વસેલું જોઈ શકાય છે.

મહારાજશ્રીએ જ્યાં પાટીદાર, મિસ્ત્રી, આહીર, હરિજન વગેરે જ્ઞાતિઓનાં કલ્યાણ માટે આંતરડું બાળીને કાર્ય કર્યું તેમ જે જ્ઞાતિના પિંડથી તેમનું શરીર બંધાયું હતું તે ભાનુશાળી, જ્ઞાતિ માટે તેમની છેલ્લી અવસ્થામાં ઘણું ઘણું કર્યું, તે ભાનુશાળી જ્ઞાતિની વાડી બાંધવાની પ્રેરણા આપી. એ જ રીતે

સંવત ૧૯૯૧માં માંડવીમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ પણ શરૂ કરાવી.  ત્યાર પછી તેને પગલે પગલે નલિયા, ભુજ અને જામનગરમાં પણ જ્ઞાતિની બોર્ડિંગો શરૂ થઈ. ભાનુશાલી જ્ઞાતિને એક જ ધર્મછત્ર નીચે લાવી સંગઠિત રાખવાના ઉદ્દેશ્યથી કુળદેવી શ્રી હિંગળાજ માતાનાં મંદિરો બાંધવાની પણ તેઓશ્રીએ પ્રેરણા આપી.

જીવનના અંતિમ દિવસોમાં મહારાજશ્રીની તબિયત ઘણી નાદુરસ્ત રહી. પોતાનો અંતસમય કળી જનાર પુરુષે કચ્છના તમામ સાધુસંતોનાં દર્શન કરવાના શુભ આશયથી એક ઉત્સવ કર્યો, જેમાં પધારેલા સૌ સાધુસંતોનાં ચરણસ્પર્શ કર્યા. તેમના અંતસમયે કચ્છનાં જુદા જુદા ગામોમાંથી મહારાજશ્રીના દર્શને આવેલા તેમના સેવકો અને ભક્તો ઉપસ્થિત હતા. સંવત ૨૦૧૩ના પોષ સુદ - ૧૨ (તા. ૧૩-૧-૫૭) રવિવાર ને મકરસક્રાંતિના દિવસે રાત્રે ૮-૧૫ કલાકે મહારાજશ્રી ઓધવરામજીએ છેલ્લા શ્વાસ લઈ મોક્ષપ્રાપ્તિ કરી.

મહારાજશ્રીની અંતિમ ઈચ્છા અનુસાર મહારાજશ્રી ઈશ્વરરામજીની સમાધિ નજીક ઈશ્વરેશ્વર મહાદેવના મંદિરની ઉત્તર બાજુ બપોરના બાર વાગ્યે મહારાજશ્રીના સ્થૂળ દેહને હજારો અનુયાયીઓની હાજરીમાં સમાધિ આપવામાં આવી અને તેમના પટ્ટશિષ્ય સંતશ્રી દયાલદાસજી મહારાજે મહારાજશ્રીનો ભદ્રા ઉત્સવ કર્યો, જેમાં જુદી જુદી જ્ઞાતિના પચાસેક હજાર લોકોએ ભાગ લીધો હતો. તા. ૭-૪-૧૯૫૭ના રોજ મહારાજશ્રીની સમાધિ પર પાનમૂર્તિ તથા ચરણપાદુકા પધરાવવામાં આવી.

કચ્છના મહાન સંતનું જીવન અને કાર્ય આજે પણ અન્ય સાધુસંતો તેમજ સમાજસેવકો માટે દીવાદાંડી રૂપ બની રહ્યું છે. તેમણે પોતાના જીવનકાળ દરમ્યાન કરેલાં અનેકવિધ લોકકલ્યાણનાં કાર્યોને કચ્છ ક્યારેય ભૂલી શકે તેમ નથી. આ પ્રેરણામૂર્તિ પ. પૂ. તીર્થરૂપ સંતશ્રી ઓધવરામજી મહારાજને આપણાં કોટિ કોટિ વંદન.

સંતશ્રી ઓધવરામજી મહારાજે તેમના ગુરુ લાલરામજીને આપેલા વચન મુજબ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સનાતન ધર્મના માર્ગ પર લાવવા જીવનપર્યન્ત અથાગ પુરુષાર્થ કર્યો.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્યસુધારક શ્રી નારણજી રામજી લિંબાણીએ ધર્મ જાગૃતિનો શંખ ફૂંકીને સૌને જાગ્રત કર્યા અને જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. જે જ્ઞાતિજનો સમજ્યા તે જૂનો પીરાણા સતપંથ સંપ્રદાય છોડવા લાગ્યા અને સનાતનધર્મમાં જોડાવા લાગ્યા. પરંતુ તેમને પૂજન અર્ચન માટે ઈષ્ટદેવની જરૂરિયાત જણાઈ. સંતશ્રી ઓધવરામજી મહારાજ લોકોની 

લાગણી અને માંગણી સમજી ગયા અને તેમણે વિદ્વાનો અને સંતો સાથે પરામર્શ કરી ઈષ્ટદેવ તરીકે સનાતનધર્મના મૂળ સમા નારાયણ (લક્ષ્મીજી) સાથે સ્વીકારવાનો નિર્ધાર કર્યો અને ગામેગામ સતપંથ છોડીને સનાતનમાં આવેલા જ્ઞાતિજનોએ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરો બાંધવાના શરૂ કર્યા.

કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના પ્રમુખશ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી અને મંત્રીશ્રી નથુભાઈ નાનજી કેશરાણી અને અન્ય આગેવાનો સાથે સંતશ્રી ઓધવરામજી મહારાજ સનાતનધર્મ જાગૃતિ માટે ગામે ગામ જતા અને સભાઓને સંબોધતાં આશ્રમની વ્યવસ્થાને કારણે તેમને વાંઢાય રોકાવાનું થતું ત્યારે તેમના પર શિષ્ય દયાલદાસજી મહારાજ સનાતનધર્મના પ્રચાર-પ્રસાર માટે આગેવાનો સાથે ભ્રમણ કરતાં.

ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે આ બંને સંતોની ઉપસ્થિતિ અને જ્ઞાનપૂર્ણ પ્રવચનો જ્ઞાતિજનોને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડતાં. સંત શ્રી ઓધવરામજી મહારાજ એવું માનતા કે જેઓ હજુ સનાતન ધર્મમાં નથી આવ્યા તેમને તરછોડવાને બદલે પ્રેમથી સમજાવવા જોઈએ તો ધીરે ધીરે બધા જ સનાતન ધર્મ તરફ વળશે.

સાબરકાંઠાના ભાઈઓના વિચારોને મૂર્તસ્વરૂપ આપવા અને જ્ઞાતિને એક નેજા હેઠળ સંગઠિત રાખવા સંતશ્રી ઓધવરામજી મહારાજે ઉદ્ધવ આશ્રમ વાંઢાયમાં કુળદેવી શ્રી ઉમિયા માતાજી મંદિરનું નિર્માણ કરાવ્યું. જે સનાતનધર્મ જાગૃત્તિનું કેન્દ્રસ્થાન બન્યું.

સંતશ્રી ઓધવરામજી મહારાજ સ્પષ્ટપણે માનતા કે ધર્મ- જાગૃતિ માટે શિક્ષણ પણ અનિવાર્ય છે. એટલે તેમણે વાંઢાયમાં ગુરુકુળ શરૂ કરેલું. તેમની પ્રેરણાથી જ સાબરાકાંઠામાં ધનસુરા ખાતે સનાતની સમાજે વિદ્યાર્થી છાત્રાલય ઈ.સ. ૧૯૫૪માં બાંધ્યું અને તેમના નામ સાથે જ આ વિદ્યાલયને જોડ્યું. તેમને એવી પણ આંતરિક ઈચ્છા હતી કે કચ્છમાં પણ વિદ્યાર્થી છાત્રાલયો બંધાય અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં શિક્ષણનો વ્યાપ વધે, તેમનું આ સપનું ઈ.સ. ૧૯૬૦માં સાકાર થયું. જ્ઞાતિએ નખત્રાણામાં વિશાળ વિદ્યાર્થીભવનનું નિર્માણ કર્યું. પરંતુ તે જોવા તેઓ હયાત નહોતા. પરંતુ તેમની પ્રેરણા તેમના પટશિષ્ય સંત શ્રી વાલરામજી મહારાજના રૂપમાં જ્ઞાતિજનોને મળતી રહી. સંતશ્રી વાલરામજીએ મહારાજનું સનાતનધર્મ જાગૃતિનું કાર્ય આગળ ધપાવ્યું.

# પુ.પૂ. સંત શ્રી દયાળજી મહારાજની જીવન ઝરમર

વાંઢાય સંત પરંપરાના મહાન સંત પ્રેરણા મૂર્તિ શ્રી ઓધવરામજીના પટ્ટ શિષ્ય સંત શ્રી દયાળદાસજીનો જન્મ દેશલપર (વાંઢાય) માં વિ. સવંત ૧૯૫૧ ના અશ્વિન શુકલ પૂર્ણિમા (શરદ પૂર્ણિમા) ના શુભ દિને થયો હતો. તેમના પિતાશ્રીનું નામ શેઠ દામજી ટોકરશી લોહાણા અને તેમના માતુશ્રીનું નામ કેશરબાઇ હતું. સંસ્કારી માતાના સંસ્કારો બાળક દયાળદાસને ઉછેરમાં જ મળ્યા હતા. બાલ્યાવસ્થામાં જ પિતાની છત્રછાયા ગુમાવીને માતાની ગોદમાં જ જેમનું ઘડતર થયું એવા મહારાજ શ્રી દયાળદાસજી પંદર વર્ષની ઉંમરે માતાની સાથે મુંબઇ જઇ રહ્યા હતા ત્યારે માર્ગમાં મહાત્માએ બાળક મોટો થઇને વિરકત સાધુ બનશે એવી આગાહી કરી હતી. મુંબઇમાં જઇને દયાળદાસજીએ મુકાદમીનો વ્યવસાય સ્વીકાર્યો એટલું જ નહી પણ સમય જતાં તેમણે માતાની ઇચ્છાને વશ થઇને સંતોષ આપવા સતાવીશ વર્ષની ઉંમરે ગૃહસ્થાશ્રમ પ્રવેશ પણ કર્યો. થોડા જ સમય બાદ માતા કેશરબાઇનો સ્વર્ગવાસ થયો અને ચાર જ વર્ષના ઘર સંસાર બાદ તેમના ધર્મપત્ની પણ તેમનો સથવારો છોડી પરલોકની વાટે સિધાવ્યાં.

મહારાજ શ્રી દયાળદાસજીને લાગેલા ઉપરાઉપરી આઘાતને કારણે તેમના અંતર મનમાં પડેલું વૈરાગ્યનું સુષુપ્ત બીજ પ્રગટ થયું. તેઓશ્રીએ પત્નીના અંતિમ સંસ્કાર કર્યા પછી દેશલપર ગામમાં પાછા ન જતાં મહારાજ સંત શ્રી ઓધવરામજીના ચરણોમાં બેસી ગયા. મહારાજશ્રીએ તેમને યોગ્ય શિષ્ય જાણીને સૌ પ્રથમ મંત્ર દિક્ષા આપી. થોડો સમય વાંઢાય દ્વારામાં વ્યતિત કર્યા બાદ મહારાજશ્રી ગુરુઆજ્ઞાથી તીર્થાટન માટે નીકળ્યા અને કેટલાક સમય ઋષિકેશમાં રહયા. જયાં તેમને ઘણાં સંતોનો સમાગમ થયો અને ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું. ત્યાંથી પાછા ફરી વાંઢાય પધાર્યા ત્યો વિ. સંવત ૧૯૮૭ ના કારતક સુદ-૧ ના બ્રહ્મનિષ્ઠ સંત શ્રી ઓધવરામજીએ તેમને વિધિસરની દીક્ષા આપી અને દયાળદાસજી એવુ નામાભિધાન કર્યું.

સદ્ગુરુ શ્રી ઓધવરામજી મહારાજના આદેશથી મહારાજશ્રી દયાળદાસજીએ પાટીદારોને શુદ્ધ સનાતન ધર્મ તરફ વાળવાના ઉદેશ્યથી કચ્છ અને ગુજરાતનો પ્રવાસ શરૂ કર્યો. વિ. સં. ૧૯૯૯માં ગુજરાતમાં મોતીસરી ગામે મહારાજશ્રીની પટેલ હરિભાઇ કરમશી સાથે મુલાકાત થઇ અને તેમણે હરિભાઇ સમક્ષ પોતાના મનમાં ઘોળાતા વિચારો વ્યકત કર્યા કે જો વાંઢાયની પાવન ભૂમિ પર કડવા પાટીદારોના કુળદેવી મા ઉમિયાનું મંદિર નિર્માણ થાય તો તે નિમિતે પ્રતિવર્ષ સમસ્ત પાટીદારો જ્ઞાતિ દર્શનાર્થે એકત્રિત થઇ શકે અને સમિષ્ટનો પ્રચાર પણ સરળતાથી થઇ શકે. હરિભાઇએ મહારાજશ્રીના આ વિચારોને સમર્થન આપ્યું એટલું જ નહીં પણ કુળદેવી મા ઉમિયાના મંદિર નિર્માણ માટે રૂા. ૧૦૦૦/- નું પ્રથમ દાન પણ નોંધાવ્યું. તે લઇને મહારાજશ્રી દયાળદાસજી વાંઢાય પધાર્યા અને પટેલ રતનશીભાઇ ખીમજી, પટેલ પરબતભાઇ લખુ, પટેલ જીવરાજ વસ્તા, મુખી કાનજીભાઇ ગોપાલ તથા કરસન ઉકરડા વગેરે આગેવાનોને સાથે રાખીને પ. પૂ. સંતશ્રી ઓધવરામજી મહારાજના વરદ્ હસ્તે મા ઉમિયાના મંદિરનું ખાતમુહૂર્ત વિ.સં. ૨૦૦૦ ને મહાસુદ વસંત પંચમીના શુભ દિને કરાવ્યું અને ગામ શ્રી ગઢશીશાવાળાએ પટેલ રામજી લાલજી, પટેલ વાલજી રામજી, પટેલ કાનજી લુડવાવાળાની દેખરેખ અને ભાવનાથી શ્રી

માતાજીનાં મંદિરનું કામ પૂર્ણ થયું. અને જે પવિત્ર ભૂમિ પણ બ્રહ્મનિષ્ઠ સંત શ્રી ઈશ્વરરામજી મહારાજે પ્રભુ ભજન અને સાધના કરેલા એ જ જૂના દ્વારામાં જગતજનની મા ઉમિયાની પાનમૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા સં. ૨૦૦૦ ના ચૈત્ર સુદી ૯ ને રવિવારના શુભ દિને નવનિર્મિત મંદિરમાં કરવામાં આવી. આ યજ્ઞના મુખ્ય યજમાન પદે સાબરકાંઠાના મોતીસરીના શ્રી હરિભાઈ કરમશીના સુપુત્ર ડાહ્યાભાઈ હરિભાઈ પટેલે રહી યજ્ઞકર્મ કર્યું હતું. વિ.સં. ૨૦૦૩ માં મહારાજશ્રી ઓધવરામજીની પ્રેરણાથી આ મંદિરમાં ઉમિયા માતાજીની પાકી મૂર્તિની પણ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી અને ત્યારથી આજ પર્યંત દર વર્ષે રામનવમીના મહોત્સવમાં ભાગ લેવા પાટીદાર જ્ઞાતિનાં ભાઈ-બહેનો ઉપરાંત સાધુ સંતો પણ એકત્ર થાય છે.

મહારાજશ્રી ઓધવરામજીએ ઈશ્વર આશ્રમનો સંપૂર્ણ વહીવટ મહારાજશ્રી દયાળદાસજીને સોંપ્યો એટલે પોતાને નૂતન આશ્રમમાં રહેવાની ફરજ પડી. શ્રી ઓધવરામજી મહારાજ મહાનિર્વાણ પામ્યા બાદ તેમને બાવાશ્રી વિહારી સાહેબની ગાદીના વિદ્યમાન મહંત તરીકે અપનાવવામાં આવ્યા. મહંત શ્રી દયાળદાસજી મહારાજ તથા પોતાના શિષ્ય શ્રી શાંતિદાસજી સિવાય અન્ય સંત મંડળ સહિત વાંઢાયના નૂતન આશ્રમમાં રહી શ્રી પરમકૃપાળુ ગુરુદેવની સેવા સાથે આશ્રમનો વહીવટ પણ ચલાવતા. ગામનો જૂનો આશ્રમ તેમજ શ્રી માતાજીના મંદિરની વ્યવસ્થા તથા કબજો પોતે સંભાળતા. મહારાજશ્રીએ પોતાના કેટલાક સેવકો પાસેથી દાન મેળવી આશ્રમનાં રંગકામ તેમજ સમારકામ પણ કરાવેલાં.

મહારાજશ્રી દયાળદાસજીની વૃદ્ધાવસ્થાના કારણે અને આંખમાં મોતિયો હોવાથી નજર પણ ન પડવાને કારણે બહુ વિચરી શકતા નહી. આશ્રમના વ્યવહાર કાર્યમાં તેઓશ્રીના શિષ્ય શાંતિદાસજી દેખરેખ રાખતા. આ સિવાય સાધુ મંડળમાં શ્રી સેવાદાસજી, શ્રી કૃષ્ણદાસજી, શ્રી આણંદરામજી, શ્રી કાલિદાસજી, શ્રી લ્હેરદાસજી વગેરે આશ્રમમાં રહી પોતપોતાથી બનતી સેવા બજાવતા હતા. મહંતશ્રી દયાળદાસજી મહારાજનું અંગત જીવન બહુ જ સાદું, ખાનપાન પણ બહુ જ સાત્વિક તેમજ સત્યવકતાપણું એ એમનો મુખ્ય ગુણ હતો.

પ. પૂ. મહંતશ્રી દયાળદાસજી મહારાજે અંત સમય સુધી ધર્મને મહાન ગણી મોટો ભોગ આપેલ છે. તેઓશ્રી અંત સમયે પાછલી અવસ્થામાં પ્રજ્ઞાચક્ષુ થયેલ હતા. તેમનો અસ્થિર દેહ સંવત ૨૦૧૯ના આસો સુદી-૩ ને ગુરુવારના દિવસે પરમાત્મા શ્રી પરમકૃપાળુનો સાનિધ્યમાં ગયેલ. તેઓશ્રીની અંતિમ વિધિ મહારાજ શ્રી ઓધવરામજી બાપુની પર્ણકુટીની ઉતરાદી બાજુમાં અગ્નિ સંસ્કાર કરેલ તે જ જગ્યા ઉપર નાની દેવડી બનાવી પૂજયશ્રીની પાદુકાઓ પધરાવેલ છે. ને હાલમાં મોજુદ છે તેમજ ઈશ્વર આશ્રમમાં પણ પાદુકાઓ પધરાવેલ છે.

પૂજય મહંતશ્રી દયાળદાસજી મહારાજની પાછળ દરેક શિષ્ય તેમજ સૌ, ભકતો, સઘળો, મળીને ભદ્રાઓચ્છવ જયારે કરવામાં આવ્યો ત્યારે કચ્છ હમલાપુરીના મહંત શ્રી ગંગાપ્રસાદના હસ્તે તેમના પટ્ટશિષ્ય શ્રી શાંતિરામજીને મહંત તરીકે વિહારીબાપુના પાછળની સાતમી ગાદીના મહંત તરીકે ચદર વિધિ કરવામાં આવી.

# વાત્સલ્ય મૂર્તિશ્રી વાલરામજી મહારાજ

કરુણા અને વાત્સલ્યની મૂર્તિ એવા આપણા લોકપૂજ્ય ગુરુદેવ બ્રહ્મલીન પરમપૂજ્ય સંતશ્રી વાલરામજી ગુરુ શ્રી ઓધવરામજી મહારાજ (પૂર્વાશ્રમનું નામ શ્રી વાલજીભાઈ) નો જન્મ તા. ૧૬-૪-૧૯૨૬ના કરાંચી શહેર (વર્તમાન પાકિસ્તાનનું કરાચી)માં થયો હતો. પૂજ્ય વાલરામજીના વડીલો મૂળ કચ્છ માતાના મઢવાળા કોટડાની બાજુના મુરચબાણ ગામના વતની હતા. પરંતુ આજીવિકા માટે કરાચીમાં વસ્યા હતા. પૂજ્ય વાલરામજીના પિતા ઠક્કર શ્રી ગાંગજીભાઈ રૂપારેલ તથા માતાજી ગોમામા સતત ઈશ્વરપરાયણ રહેતાં.જેથી પૂજ્ય વાલરામજીના જીવનમાં નાનપણથી જ જ્ઞાન-ભક્તિ અને વૈરાગ્યના સંસ્કારોનું સિંચન થયું હતું.

ભારત-પાકિસ્તાન ભાગલા થતાં આ પરિવારે મુંબઈ વસવાટ કર્યો, જેથી પૂજ્ય વાલરામજીનું શેષ શિક્ષણ મુંબઈમાં પૂર્ણ થયું. બી.એસસી. થયા પછી પૂજ્ય વાલરામજીએ અમદાવાદમાં ડી.એસ.પી. કચેરીમાં દેશસેવા કરી. પરંતુ ઈશ્વરપ્રાપ્તિની તીવ્ર ઝંખનાથી પ્રેરાઈ હિમાલયની ગોદમાં ગંગાના સુરમ્ય કિનારે સ્થિત શિવાનંદ આશ્રમમાં પધાર્યા. પૂજ્ય સ્વામી શિવાનંદજી સાથે સત્સંગ કર્યો. થોડાક દિવસ પંજાબ-સિંધ ક્ષેત્ર ઋષિકેશમાં મેનેજર પદે રહી સેવા કરી પરંતુ ઈશ્વર અનુભૂતિ માટે સાચા સદ્‌ગુરુની જીવનમાં પ્રાપ્તિ અત્યંત જરૂરી છે અને સમજી સદ્‌ગુરુની શોધમાં નીકળી પડ્યા.

શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ સપ્તસરોવર હરિદ્વારની સ્થાપના કર્યા પછી પૂજ્ય ઓધવરામજી મહારાજને સતત ચિંતા રહેતી કે આ પવિત્ર આશ્રમની જવાબદારી કોને સોંપવી ? સત્ શિષ્યની શોધમાં એક દિવસ પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજની ભેટ સદ્‌ગુરુની શોધમાં નીકળેલા પૂજ્ય શ્રી વાલરામજી સાથે થઈ. બન્ને ગુરુ-શિષ્યની કામના પૂર્ણ થઈ. પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજે શ્રી વાલરામજી મહારાજને પવિત્ર રામનવમીના દિવસે સાધુદીક્ષા આપી શિષ્યપદે સ્થાપ્યા. પૂજ્યશ્રી ઓધવરામજી મહારાજે શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમના સંરક્ષણ અને વહીવટી તંત્ર હેતુ ટ્રસ્ટની રચના કરી, આશ્રમનો ભાર પૂજ્યશ્રી વાલરામજી મહારાજને સોંપી કચ્છ પધાર્યા તથા તા. ૧૩-૧-૧૯૫૭ મકરસંક્રાતિના શ્રી ઈશ્વર આશ્રમ, વાંઢાય તીર્થધામ - કચ્છ ખાતે બ્રહ્મલીન થયા.

પૂજ્યશ્રી ઓધવરામજી મહારાજના બ્રહ્મલીન થયા પછી પૂજ્યશ્રી વાલરામજી મહારાજે ત્યાગ, તપસ્યા અને ભજનના પ્રભાવથી શ્રી કચ્છી આશ્રમ,

હરિદ્વારનો ખૂબ જ વિકાસ કર્યો. આશ્રમમાં નિવાસ કરતા સંતો, સાધકો, સેવકો અને હિમાલયની યાત્રાએ આવતા તીર્થયાત્રીઓ માટે વિશાળ અન્નક્ષેત્રની સ્થાપના કરી. સંસ્કૃતિની ધરોહર એવી સંસ્કૃત ભાષાના પ્રચાર અર્થે એક છાત્રાવાસનું નિર્માણ કર્યું. જેના ફળ રૂપે આજે અનેક સ્નાતકો આચાર્યપદની ઉપાધિથી સન્માનિત થઈ ઓસ્ટ્રેલિયા, નેપાલ આદિ દેશોમાં તથા આપણા દેશમાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરી રહ્યા છે. શાસ્ત્રોના અધ્યયન તથા ઉપાસના હેતુ એક પુસ્તકાલય તથા એક શિવ મંદિર અને શ્રી કૃષ્ણમંદિરની સ્થાપના કરી. ભારતીય સંસ્કૃતિનું અંગ એવી આદર્શ ગૌશાળાની સ્થાપના કરી. આવાસીય વ્યવસ્થા હેતુ સંતનિવાસ તથા અતિથિનિવાસ જેવા અદ્યતન વ્યવસ્થા ધરાવતાં વિશાળ ભવનો નિર્માણ કર્યાં.

પરમાર્થસાધન જ જીવનનું લક્ષ હોવું જોઈએ એવો નિશ્ચય કરી શ્રી કચ્છી આશ્રમની સંપૂર્ણ જવાબદારીઓ આશ્રમના ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિ તથા સલાહકાર સમિતિને સોંપી ઈશ્વર આરાધના થઈ લોકસેવાનાં કાર્યો કરતા રહ્યા.

માદરે વતન કચ્છમાં ભીષણ દુષ્કાળથી પીડાતાં મૂંગા પ્રાણીઓની પીડાથી પ્રેરાઈ આપશ્રી કચ્છ પધાર્યા અને અનેક સ્થાનોમાં વાડા, ગૌશાળા અને પાંજરાપોળો બનાવવાની ભક્તોને પ્રેરણા આપી. આજે એ સંસ્થાઓ નિરંતર એ સેવાકાર્યને આગળ ધપાવી રહી છે.

માનવસમાજના ઉત્થાન હેતુ છાત્રાલયો, પાઠશાળાઓ, ઉચ્ચશિક્ષા હેતુ કોલેજો, કન્યાશિક્ષણ હેતુ કન્યાશાળાઓ અને કન્યાછાત્રાલયો તથા જાતપાતના ભેદભાવ ભૂલી સનાતન ધર્મસ્થાપના હેતુ શ્રી લક્ષ્મીનારાયણ, શિવમંદિર આદિ દેવાલયો નિર્માણ કરવાની સેવકોને પ્રેરણા આપી અને આપના કરકમળોથી ભૂમિપૂજન અને પ્રતિષ્ઠા આદિ મહોત્સવો સંપન્ન થયા. જીર્ણ થયેલાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાની સેવકોને પ્રેરણા કરી.

અનેક સમાજોને પ્રેરણા આપી સમાજવાડીઓનું નિર્માણ ભારતનાં એક સ્થાનોમાં કરાવ્યું. ભૂમિપૂજન તથા ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન કરી તથા સંધ્યાપાઠ અને સત્સંગ આદિનાં આયોજનો અનેક વાર કરી સેવકોમાં આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન કર્યું તથા સમાજમાં અંધશ્રદ્ધા, કુરિવાજો આદિ દૂર કરવા સમજાવ્યા.

રામરાજ્યની સ્થાપના સાકાર કરવા વાંઢાય તીર્થધામે શાસ્ત્રીય શિલ્પ પદ્ધતિથી વિશાળ શ્રી રામમંદિરની સ્થાપના કરી. ગુજરાતમાં એક આગવી શૈલીનું શ્રી રામમંદિર આ પ્રથમ છે, જેની કીર્તિનાં ગાન સાંભળી દૂર દૂરથી

દર્શનાર્થીઓ આવી દર્શનનો લાભ લઈ રહ્યા છે.



શ્રી ગુરુભક્તિથી પ્રેરાઈ શ્રી ઈશ્વર આશ્રમ સેવાટ્રસ્ટની પ્રેરણા આપી, શ્રી ઈશ્વર આશ્રમનો જીર્ણોદ્ધાર કર્યો તથા અન્નક્ષેત્ર ટ્રસ્ટની સ્થાપના કરી, અન્નદાનનો મહિમા સેવકોને સમજાવ્યો. પાટીદાર સમાજની કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનનો વિકાસ કરવા શ્રી ઈશ્વરરામજી અન્નક્ષેત્રની પ્રેરણા આપી, જે નિરંતર અન્નદાનની સરિતા પ્રવાહિત કરી રહ્યું છે.

શ્રી નારાયણ સરોવર તીર્થમાં આવતા સંતો તથા દર્શનાર્થીઓની સુવિધા હેતુ અન્નક્ષેત્ર અને ભોજનાલયની સ્થાપના કરી એક ટ્રસ્ટની રચના કરી, જે આજે પણ ગૌસેવા તથા અન્નદાન માટે શિરમોર રહ્યું છે.

અનાથાલયો, અંધપાઠશાળાઓ, કન્યા-કેળવણી સંસ્થાઓ, સંત-મહંતોનાં ધર્મસ્થાનો તથા તીર્થસ્થાનોની અવારનવાર મુલાકાત લઈ યોગ્ય માર્ગદર્શન આપતા રહ્યા. ઠેકઠેકાણે સમાજોનાં નિમંત્રણોને માન આપી પૂજ્ય ઓધવરામજી મહારાજની નિર્વાણતિથિ મહોત્સવનું આયોજન કરી ગુરુભક્તિનો પ્રચાર કર્યો તથા સનાતનધર્મનો પ્રચાર કર્યો.

કચ્છના વિકાસનું એક માત્ર કિરણ નર્મદાનાં નીર કચ્છમાં આવે એ ઝંખનાથી સમય સમય પર જલસંકટ-નિવારણ સમિતિને માર્ગદર્શન તથા આશીર્વચન આપતા રહેતા. સત્ય સંકલ્પ મહાપુરુષનો જરૂર પૂરો થશે, એવી આપણે આશા રાખીએ.

અંતે સમગ્ર રાષ્ટ્રના હિતચિંતક તથા જ્ઞાતિ, શિક્ષણ સંસ્થાઓ, સેવા-સંસ્થાનોની ચાહના મેળવનાર એવા ધર્મ, ભક્તિ અને જ્ઞાનના મૂર્તસ્વરૂપ, રાષ્ટ્રીય સંત ગુરુવર્ય પરમ- પૂજ્ય શ્રી વાલરામજી મહારાજ સંવત ૨૦૪૮ જેઠ વદ - ૧૧ ઈ.સ. ૧૯૯૩ તા. ૧૫ જૂનના સાંજે સાડા આઠ વાગ્યે વાંઢાય તીર્થધામ, કચ્છમાં પંચભૌતિક દેહનો ત્યાગ કરી બ્રહ્મપદમાં લીન થયા.

શિષ્યો, સંતો, સાધુઓ, સાધ્વીઓ તથા સૌ ભક્તો સાથે મળી પૂજ્ય વાલરામજીના શિષ્ય શ્રી હરિદાસજી મહારાજે પૂજ્ય વાલરામજીનાં શ્રીચરણોનું ગંગાજલ દ્વારા અભિષેકપૂજન કર્યું. તત્પશ્ચાત્ વર્તમાન વાંઢાય તીર્થસ્થાન, સાધનાકુટિરમાં સમાધિ મંદિરમાં પૂજ્ય મહારાજશ્રીના પાર્થિવ શરીરને શાસ્ત્રોક્ત વિધિથી સંતોની હાજરીમાં વેદપાઠ તથા જયઘોષ સાથે સમાધિ આપવામાં આવી.

સંવત ૨૦૪૮ અષાઢ સુદ - ૧૧ તા. ૩૦-૬-૧૯૯૩ના સંતો, ભક્તો તથા શિષ્યોએ ઉત્સાહપૂર્વક પૂજ્યશ્રી વાલરામજીનો ભદ્રા ઉત્સવ કર્યો. પૂજ્ય વાલરામજીના ઉત્તરાધિકારી રૂપે એમના શિષ્ય શ્રી હરિદાસજી મહારાજની વરણી કરી. પૂજ્યશ્રી કરશનદાસજી મહારાજે ચાદર ઓઢાડીને ચાદરવિધિ કરી.

વાત્સલ્યમૂર્તિ પ. પૂ. શ્રી વાલરામજી મહારાજે પ્રસરાવેલી જ્ઞાનભક્તિની સુવાસ આજે પણ સૌને પ્રેરણા આપતી રહી છે.

# વાંઢાય દ્વારાના શ્રી લાલરામજી પછીના બીજા પાટીદાર સંતશ્રી શાંતિરામજી મહારાજ




મહારાજશ્રી શાંતિરામજીનો જન્મ નખત્રાણા તાલુકાના અરલ ગામે કડવા પાટીદારના કુટુંબમાં થયો હતો. માતા મેઘબાળ અને પિતા વસરામભાઈ મહારાશ્રીને નાના મૂકીને જ સ્વર્ગે સિધાવ્યાં હતાં. મહારાજશ્રીને પગે કેન્સર હોવાનું નિદાન થતાં તેમનો એક પગ કપાવી નાખવો પડયો હતો અને તેઓશ્રી વાંઢાય દ્વારામાં આવીને ગુરુ દયાળદાસજી મહારાજ પાસેથી દીક્ષા ગ્રહણ કરી તેમના શિષ્ય બન્યા. દાદા ગુરુ ઓધવરામ બાપુ તેમજ ગુરુ શ્રી દયાળદાસજીની પાસેથી સંસ્કૃતનું જ્ઞાન મેળવ્યું. સં ૨૦૦૬ માં દાદા ગુરુના કહેવાથી તેમના સાનિદયમાં ચૈત્ર સુદી એકમથી ચૈત્ર સુદી સાતમ પોતાના સ્વમુખે જનતાને તેમજ સાધુસંતોને ભાગવત કથામૃતનું પાન કરાવ્યું.

મહારાજશ્રી પગે અપંગ હોવા છતાં પણ ગુરુદરબાર અને અતિથિ સાધુ સંતોની સારી સેવા સુશ્રુષા કરતાં. પોતાના ગુરુ દયાળદાસજી મહારાજનો દેહ વિલય થયો (વિ.સં.૨૦૧૯માં) ત્યારે તેમની પાછળ તેમણે તથા અન્ય શિષ્યોએ સાથે મળીને ભદ્રાઉત્સવ કર્યો હતો. અને હમલાપુરીના સંત શ્રી ગંગાપ્રસાદના હસ્તે તેમની મહારાજશ્રી દયાળદાસજી પછીના વાંઢાય દ્વારાના મહંત તરીકે ચદર વિધિ કરવામાં આવી. વિ.સં. ૨૦૨૧માં મહારાજશ્રી શાંતિરામજીએ પોતાના ગુરુજીના નિમિત્તે ચૈત્રસુદ-૧ થી સાતમ દરમ્યાન યોજેલ તે જ વર્ષે એટલે કે વિ.સં. ૨૦૨૧ ના અક્ષય તૃતિયાના દિવસે મહારાજશ્રીએ જુના દ્વારામાં સ્થિત ઉમિયા માતાજી મંદિર અને સંસ્થા કડવા પાટીદારોને વિવિધવત સોંપ્યો તે સમયના કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાનો સર્વ શ્રી પટેલ ડાહ્યાભાઈ હરિભાઈ (મોતીસરી ગુજરાત), પટેલ પરબત લખુ (મથલ), પટેલ ખીમજી નાગજી (મથલ), પટેલ કરસનભાઈ ઉકેડા (દેશલપર), પટેલ રવજી વેલાણી (લુડવા), પટેલ કાનજી ગોપાલ (વેશલપુર) ને ટ્રસ્ટી તરીકે ઉમિયા માતાજી સંસ્થાનનો વહીવટ સોંપવામાં આવ્યો.

વિ.સં.૨૦૨૬ માં મહારાજશ્રીએ દેશલપરની વાડીઓમાંથી ૩૫૦૦ ફુટ જેટલી લાંબી પાઈપ લાઈન નાખી વાંઢાયમાં પાણી પહોંચાડવાનું ભગીરથ કામ પણ કરીતે સમયે પાણીને અભાવે પડતી મુશ્કેલીનું નિવારણ કર્યુ હતું. પૂ. શાંતિરામજી મહારાજને ગૌમાતા માટે અનહદ પ્રેમ હતો અને આશ્રમમાં ગૌશાળા પણ બનાવી હતી અને આશ્રમની

વાડીઓમાં ગાયો માટે લીલો ઘાસચારો ઉગાડવામાં તેઓશ્રી અંગત રસ લેતા. મહારાજશ્રીને પગની તકલીફ હોવા વતાં તેઓશ્રી કચ્છ તેમજ ગુજરાતના પાટીદારોના ગામડાઓનો પ્રવાસ પણ કરતા અને સનાતન ધર્મનો ઉપદેશ લોકો સુધી પહોંચાડવાનું ઉમદા કાર્ય પણ કરતા. મહારાજશ્રીની ઈશ્વર આશ્રમમાં સુધારા વધારા કરવાની ખૂબ જ ઈચ્છા હતી અને તેમણે એ માટેનો સિમેન્ટ માલસમાન પણ લઈ રાખેલો પરંતુ તેમની આ ઈચ્છા પરિપૂર્ણ થાય તે પહેલા તેમનો સ્થૂળ દેહ શાંત થયો અને તેમની આ ઈચ્છા અધૂરી રહી જે તેમના પછી આવનારા શિષ્યોએ મહદ્અંશે પૂરી કરી. મહારાજશ્રી શાંતિરામજીનું અવસાન ૨૦૩૬ ના કારતક વદી-૧ ને સોમવારે થયું. પૂ. મહારાજશ્રીના દેહની અંતિમ વિધિ શ્રી ઓધવરામજી મહારાજની પર્ણકુટીની ઉતર દિશાએ કરેલ ત્યાં પણ નાની દેવડી બનાવી તેમની ચરણ પાદુકાઓ પધરાવેલ છે. તેમજ આશ્રમમાં પણ પધરાવેલ છે. મહારાજશ્રી શાંતિરામજીના ભદ્રાઓચ્છવમાં તેમના શિષ્ય સંત શ્રી કરસનદાસજીને હમલાપુરીના મહંતશ્રી માધવદાસજીએ આશ્રમના નિયમ મુજબ ગુરુ ગાદીના મહંત બનાવ્યા અને ચદર વિધિ કરી. મહારાજશ્રી કરશનદાસજી પોતાના ગુર સંત શ્રી શાંતિરામજીની અને તેમના દાદાગુરુઓની પરંપરાને અનુસરીને ખૂબ જ સારી રીતે આશ્રમમાં આવનાર સંતોની સેવા કરતા.



# વાંઢાય દ્વારાના મહંતશ્રી પૂજય કરશનદાસજી મહારાજ


ઈશ્વર આશ્રમ વાંઢાયના મહંત પૂ. શ્રી કરશનદાસનીમહારાજનો જન્મ ભુજ તાલુકાનાં કુકમા ગામના બ્રહ્મક્ષત્રિય પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ વસ્તારામ પાંચભાઈ અને માતાનું નામ રામબાઈ હતું. તેઓશ્રીની ચોકકસ જન્મ તિથિ પ્રાપ્ત નથી પણ તેના વડીલોના જણાવ્યા અનુસાર તેમનો જન્મ વિ.સં. ૧૯૯૭ના વૈશાખ મહિનામાં થયો હતો. બચપણમાં જ કરશનદાસજીનાં માતુશ્રીનો સ્વર્ગવાસ થતાં તેમના પિતાજી સાત વર્ષની ઉંમરે જ એટલે કે વિ.સં. ૨૦૦૪ ને અખાત્રીજના કરશનદાસજીને ઈશ્વર આશ્રમમાં મૂકી ગયેલાં. બાળક કરશનદાસની હસ્તરેખા અને લલાટને જોઈને ઈશ્વરરામજીના શિષ્ય શ્રી રામદાસજીએ એવું ભવિષ્ય ભાખ્યું હતું કે આ તેજસ્વી બાળક ભવિષ્યમાં જરૂરથી સંતોની સેવા કરશે.

પ. પૂ. સંત શ્રી કરશનદાસની મહારાજે ગુજ રાતી ધોરણ ૪ સુધીનો અભ્યાસ આશ્રમમાં રહીને જ પૂરો કર્યો. પરંતુ ત્યારબાદ ગુરુની સમાધીની સેવા તેમજ આશ્રમમાં અનેક વિધ સેવાકાર્યની જવાબદારીને કારણે તેઓશ્રી આગળ ભણી શકયા નહી. તેમણે ગુરુ શાંતિરામ મહારાજ પાસેથી શિષ્યપદની દીક્ષા લીધા બાદ પ. પૂ. સંત શ્રી ઓધવરામજી મહારાજ પાસેથી પણ સંસ્કૃતનો યથામતિ અભ્યાસ કર્યો અને દાદા ગુર દયાળ પાસેથી પણ યત્‌કિંચિંત જ્ઞાન મેળવ્યું. ગુરુશ્રી શાંતિરામજી મહારાજ વિ. સં. ૨૦૩૬ કારતક વદ-૧ ને સોમવારના રોજ બ્રહ્મલીન થયા અને પરંપરા અનુસાર શાંતિરામજી મહારાજનો ભદ્રાઓચ્છવ કર્યો ત્યારબાદ હમલાપુરીના મહંત શ્રી માધવદાસજી ગુરુ ગંગાપ્રસાદજીએ પુ. પૂ. શ્રી કરશનદાસજી મહારાજની વિધિસર રીતે ચદરવિધિ કરી, વાંઢાય ઈશ્વર આશ્રમની ગાદી સોંપી. પરંતુ એમને એ પદનો જરાપણ મોહ નથી. તેઓશ્રી પહેલાંની પેઠે જ આશ્રમના એક અદના સેવક બનીને સેવા કાર્ય કરી રહ્યા છે અને સૌ ભકતજનોની સાથે બેસીને સાદાઈથી ભોજન લે અને હળેમળે છે.

વિ.સં.૨૦૪૨ માં પ. પૂ. શ્રી કરશનદાસજી મહારાજ ગુજરાત પધાર્યા અને ત્યાંથી તેમને કચ્છ કડવા પટીદાર જ્ઞાતિના કંપાવાળા ભાઈઓએ ફંડ એકત્ર કરી આપ્યું. જેમાંથી તેઓશ્રીએ આશ્રમના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય કર્યો અને કચ્છ તેમજ કચ્છ બહાર વસતા ભકતજનોના સહકારથી તે કાર્ય પૂર્ણ થયું. આશ્રમમાં મા ઉમિયા અને મા હિંગળાજના મંદિરો પણ શિવ મંદિરની બાજુમાં જ નિર્માણ કરાયાં છે. ઈશ્વર આશ્રમમાં સ્થિત આ બંન્ને મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા અનુક્રમે ગોપાલભાઈ યાદવ અને પક્ષાભાઈ હરજી દ્વારા કરાવવામાં આવી. આ પરિસરમાં પ.પૂ. સંત શ્રી વિહારીસાહેબ, પુ.પૂ. ક્ષેમદાસજી, પ.પૂ. દયાળદાસજી અને પ.પૂ. શાંતિરામજીની ચરણપાદુકાઓ વિ.સં.૨૦૪૫ ના શ્રાવણ સુદ-૫ ના દિને પધરાવવામાં આવી. તેના પ્રેરક પ. પૂ. કરશનદાસજી મહારાજ હતા.

તેઓશ્રીએ પોતાના ગુરુની પાછળ ભાવગત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન ભાવિક ભકતોની સહાયથી ૧૯૮૧ માં કર્યુ. જેમાં ૨૫૬ જેટલી ભાગવત પોથીઓ હતી એને તેની વ્યાસપીઠ પર શ્રી કૃષ્ણાનંદજી વલાદવાળા રહ્યા હતા. આ સપ્તાહ પારાયણ દરમ્યાન એકત્રિત થયેલા ફંડમાંથી તેઓએ ભંડારડેલી તેમજ દેશી નળિયાવાળા આઠ રૂમો છતવાળા પાકા બનાવડાવ્યા. પાછળથી તેના પર બીજા સાત રૂમ બનાવી ઈ.સ.૧૯૮૯માં કામ પૂર્ણ કરી તે મકાનનું 'દયાળભવન' એવું નામ આપવામાં આવ્યું. આશ્રમમાં અન્ય મકાનોના જીર્ણોદ્ધાર માટે પ.પૂ. કરશનદાસજી મહારાજે સેવા સમિતિની રચના કરી અને આશ્રમના વિકાસનું કાર્ય જારી રાખ્યું. ઓધવરામજી મહારાજના બંગલાની આથમણી બાજુએ લાલરામ ભવનનું નિર્માણ કરાયું. જયાં જૂની ઈશ્વરરામજી ગૌશાળા હતી તે જગ્યા પર પૂજય ઓધવરામજી મહારાજશ્રીના નામનું ત્રણ માળનું મકાન દાતાઓ તરફથી બનાવવામાં આવેલ જે 'ઓધવરામ ભવન' તરીકે ઓળખાય છે. સવંત ૨૦૪૬ ચૈત્ર સુદ-૧ થી ચૈત્ર સુદ-૯ સુધી પ.પૂ. ડોંગરેજી મહારાજ દ્વારા રામ પારાયણ જ્ઞાનયજ્ઞ પણ યોજાયો હતો. ત્યાર બાદ પ.પૂ. વાલરામજી મહારાજ, પ.પૂ. કરશનદાસજી મહારાજની પ્રેરણાથી અને ભાવિક ભકતોના સહયોગથી ઈશ્વરસાગરની પાળે ભવ્ય રામમંદિરનું નિર્માણ કરવામાં આવ્યું.

મહંતશ્રી કરશનદાસજી મહારાજનું વિ.સં. ૨૦૬૮ મહાવિદ ૩૦ને તા.૨૦-૨-૨૦૧૨ના બ્રહ્મલીન થયા. તેમના પટ્ શિષ્ય સંતશ્રી મોહનદાસજી મહારાજ હાલમાં ઈશ્વર આશ્રમના મહંત પદે રહીને આશ્રમનો વહીવટ સંભાળી રહ્યા છે.



#  વાંઢાયની સંત પરંપરાના ત્રીજા પાટીદાર સંત શ્રી સેવાદાસજી

પ.પૂ. સેવાદાસજી મહારાજ કે જેઓ હાલે વાંઢાય ઈશ્વર આશ્રમમાં નિવાસ કરી રહ્યા છે. તેમનો જન્મ મથલના પાટીદાર કુટુંબમાં થયો છે. તેમના પિતાનું નામ માવજી વાલજી પટેલ અને માતાનું નામ કેશરબાઈ છે. તેઓ બચપણથી જ પ્રજ્ઞાચક્ષુ છે. તેમની ચૌદ વર્ષની ઉંમરે જ તેઓ ઈશ્વર આશ્રમમાં આવેલા. નેત્રજયોતિ ન હોવા છતાં પણ તેઓશ્રીમાં નામ પ્રમાણેના ગુણ છે અને બચપણથી જ તેઓ આશ્રમનાં સેવાકાર્યમાં પ્રવૃત્ત રહયા છે.

વિ.સં. ૧૯૯૭ માં તેઓ આ આશ્રમમાં આવ્યા ત્યારે આશ્રમમાં પાણીની ખૂબ જ મુશ્કેલી હતી ને તેમણે ઘણો વખત ઈશ્વરસાગરમાંથી હાથલારી દ્વારા પાણી ભરીને આશ્રમવાસીઓને તેમજ ગૌશાળાની ગાયોને પીવડાવીને મોટું સેવાનું કાર્ય કર્યુ છે. એટલું જ નહીં પણ ઉમિયા માતાજીના મંદિરનાં નિર્માણ માટે જરૂરી બધું જ પાણી તેઓશ્રીએ ખભે કાવડ લઈને ભર્યું હતું. આનાથી મોટી સેવા બીજી કઈ હોઈ શકે. આશ્રમની ગાયોના છાણ-વાસીદાંથી માંડીને એને દોહવા સુધીની તમામ સેવા શુશ્રુષા પ.પૂ. સેવાદાસની મહારાજ પોતે જાતે જ કરે છે. આશ્રમની ગાયો સાથે તેમની આત્મીયતા પણ બંધાઈ ગઈ હતું. વુદ્ધાવસ્થાને કારણે તેમની તબિયત અસ્વસ્થ હોવા છતાં સેવાનો ક્રમ તેમણે છોડયો ન હતો. સાધુ-સંતો અને ગાયોની સેવાને પોતાના જીવનમાં વણી લીધી હતી. ગૌ સેવા, સંત સેવા અને ઈશ્વરસેવા એજ પ.પૂ. સેવાદાસજી મહારાજનું જીવન કાર્ય છે.

તેઓશ્રી આસો સુદ આઠમ તા. ૨-૧૦-૨૦૧૪ના બ્રહ્મલીન થયા.



# ઈશ્વર આશ્રમ

બાવાશ્રી વિહારીસાહેબ અને શ્રી ઈશ્વરરામજી મહારાજ જેવા સિદ્ધ પુરુષોનું સાધનાસ્થાન તો મૂળ જૂનો દ્વારો હતો કે જ્યાં હાલે ઉમિયા માતાજી મંદિર પરિસર છે. પરંતુ પાછળથી તેમની શિષ્યપરંપરાના સંતો મહારાજશ્રી લાલરામજી અને પ.પૂ. ઓધવરામજીએ આ સ્થાનની પશ્ચિમે ઈશ્વરસાગર સરોવરના તીરે આશ્રમની સ્થાપના કરી અને વિકાસ કર્યો અને તેમનું નામ પણ બ્રહ્મનિષ્ઠ સંત અને ગુરુની સ્મૃતિમાં ઈશ્વર આશ્રમ આપ્યું અને બ્રહ્મલીન મહારાજ શ્રી ઓધવરામજીએ તેમના જીવનકાળમાં ગુરુકુળ, ખેતીશાળા, અંધશાળા જેવી સંસ્થાઓ ચલાવી તે પણ આ ઈશ્વર આશ્રમના આસપાસ નાનાંમોટાં મકાનોમાં જ હતી અને આજે પણ મકાન ઊભાં છે, જેમાં કેટલાંક મકાનોમાં ઈશ્વરભાવના જીવનપ્રજ્ઞા વિદ્યાલય ચાલે છે.

ઈશ્વર આશ્રમમાં સૌપ્રથમ શિવમંદિરની સ્થાપના વિ.સં. ૧૯૫૩માં કરવામાં આવી અને એ જ સ્થાનમાં બ્રહ્મલીન મહારાજશ્રી લાલરામજી અને મહારાજશ્રી ઓધવરામજીના સમાધિ સ્થાન અને સંતોની ચાખડીઓ (પગલાં) છે.

ઈ.સ. ૧૯૮૯-૯૦માં આ સમાધિસ્થાનનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો, એટલું જ નહિ પણ શિવમંદિરની સાથે ઉમિયા માતાજી અને હિંગળાજ માતાજીનાં મંદિરોનાં નિર્માણ કરવામાં આવ્યાં.

આજે ઈશ્વર આશ્રમમાં બંધાયેલાં ભવનોને નિહાળનારને એવો ખ્યાલ પણ ન આવે કે આ અદ્યતન સુવિધાયુક્ત આ ભવ્ય ઈમારતો જ્યાં ઊભી છે ત્યાં એક સમયે જૂનાં-પુરાણાં મકાનો હશે. આ બાંધકામ છેલ્લા એક દાયકામાં જ થયું છે અને ગુરુ પરંપરાના સંતોની સ્મૃતિમાં ભવનોનાં નામ પણ તેમના નામ પરથી લાલરામ ભવન, ઓધવરામ ભવન, દયારામ ભવન અને શાંતિરામ ભવન રાખવામાં આવ્યાં છે.

આશ્રમમાં યાત્રાળુ અને સાધુસંતો માટે કાયમી અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે અને યાત્રાળુઓને ઊતરવા આવાસની સુંદર સુવિધા છે. આશ્રમના ગૌરવને છાજે એ રીતે સત્સંગ ભજન થાય છે, ઉત્સવો ઉજવાય છે. સમય

સમય પર કથા પારાયણના કાર્યક્રમો પણ યોજાતા રહે છે. વર્ષે દહાડે લાખો યાત્રાળુઓ આ આશ્રમના દર્શને આવે છે.



ઈશ્વર આશ્રમની પાછળની તરફ એક વિશાળ સરોવર છે, એમ કહો કે ઈશ્વર આશ્રમ જ એક પવિત્ર સરોવરને કિનારે જ આવેલો છે. આ સરોવર એક સદી પૂર્વે વિ.સં. ૧૯૪૮માં ખોદાયું છે અને તેમ જ તે વિદ્યમાન બ્રહ્મવેત્તા સંત શ્રી ઈશ્વર રામજી મહારાજની સ્મૃતિમાં તે સરોવરનું નામ ''ઈશ્વરસાગર'' રખાયું છે.

આ સરોવરને તીરે એક રામેશ્વર મહાદેવનું મંદિર પણ આવેલું છે, જેને રથમંદિર પણ કહે છે. અહીં એકાંતમાં સાધના માટે નાની-નાની નવ કુટિરો પણ બંધાયેલી છે જેના ''નવધા ભક્તિ-કુટિર''ના નામે ઓળખવામાં આવે છે.

ઈશ્વર આશ્રમનો પાછળનો દરવાજો આ સરોવર તરફ ખુલે છે એ રીતે ઈશ્વર આશ્રમ, રામેશ્વર મંદિર, સાધના કુટિર અને રામમંદિર એકબીજાં સાથે સંકળાયેલાં છે અને એક પવિત્ર તીર્થ પરિસર બની રહ્યું છે.

વાંઢાયની એ પાવન ધરા પર જ્યાં વર્ષો લગી સંતોએ તપશ્ચર્યા કરી હોય અને વિચરણ કર્યું હોય એ ધરાની ધૂળ પણ ધન્ય બની છે. આ ભૂમિની માટીમાં જ્ઞાન અને ભક્તિની મહેક છે અને આ ધૂળને માથે ચડાવનારા યાત્રિકો પણ ધન્ય બની જાય છે.

રામમંદિર

શ્રી ઉમિયા માતાજી મંદિર, ઈશ્વર આશ્રમની જેમ જ શ્રી રામ મંદિર પણ દર્શનીય સ્થાન છે. ''ઈશ્વરસાગર'' સરોવર અને સાધનાકુટિરની પાસે જ પાંચ વર્ષ પહેલાં નિર્માણ કરાયેલું ભવ્ય રામ મંદિર યાત્રાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. પ. પૂ. મહારાજ શ્રી વાલરામજીની પ્રેરણાથી, દાતાઓના યોગદાનથી નિર્માણ પામેલું આ મંદિર ખાસ મંગાવેલા પથ્થરોને કંડારીને તેના દ્વારા બંધાયું છે અને પ્રાચીન અને અર્વાચીન સ્થાપત્ય- કળાનો શુભગ સમન્વય થયો છે.

શિલ્પ અને સ્થાપત્યકલાના ઉત્તમ નમૂના સમા આ મંદિરમાં રામ, લક્ષ્મણ અને જાનકીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા તા. ૧૨-૩-૧૯૯૩, ફાગણ સુદ - ૫ ને રંગપંચમીના શુભ દિને કરવામાં આવી હતી. મંદિરના પ્રવેશદ્વારથી માંડીને સમગ્ર મંદિરની આંતર-બાહ્ય રચના મનોહર છે. કચ્છમાં કદાચ આ ઢબે બંધાયેલું આ એક જ રામમંદિર હશે.

સાધનાકુટિર

ઈશ્વરસાગર સરોવરને તીરે અને રામમંદિરની બાજુમાં આવેલી સાધનાકુટિરમાં હાલે પ. પૂ. મહારાજ શ્રી વાલરામજીનું સમાધિસ્થાન છે. આ

કુટિરનું નિર્માણ પણ મહારાજ શ્રી વાલદાસજીએ કરાવ્યું હતું અને તેઓ શ્રી  હરિદ્વારથી કચ્છ પધારતા ત્યારે આ સ્થાનમાં વિરાજતા અને સાધના કરતા. પ. પૂ. મહારાજ શ્રી વાલરામજી બ્રહ્મલીન થયા અને તા. ૧૭-૬-૧૯૯૩ના દિને આ પાવન સ્થાનમાં તેઓશ્રીને સમાધિ આપવામાં આવી.

મહારાજ શ્રી વાલરામજી પછી તેમના સ્થાને જેમની ચદરવિધિ કરવામાં આવી, એ મહારાજ શ્રી હરિદાસજી આ સ્થાનની વ્યવસ્થા સંભાળે છે અને સાથે સાથે હરિદ્વારમાં ચાલતા કચ્છી લાલરામેશ્વર આશ્રમની વ્યવસ્થા સુચારુરૂપે સંભાળે છે. આ બન્ને સ્થાને સેંકડો યાત્રાળુઓ દર્શને આવે છે. હરિદ્વારની યાત્રાએ જનાર તીર્થયાત્રીઓ માટે કચ્છી લાલરામેશ્વર આશ્રમ આશીર્વાદ સ્વરૂપ છે.

ઈશ્વરભાવના જીવનપ્રજ્ઞા વિદ્યાલય

વિશ્વમાં સ્વાધ્યાયનો મંત્ર ગુંજતો કરનાર અને મનુષ્યને કેન્દ્રમાં રાખી ભક્તિની બેઠક પર અનેક સફળ પ્રયોગ કરનાર પૂ. પાંડુરંગ શાસ્ત્રી (દાદા)એ પણ વાંઢાયને પોતાની પ્રયોગભૂમિ બનાવી છે. સરકાર દ્વારા ચાલતી ખેતી-શાળાઓનાં મકાનો અને જમીન મેળવીને ઈ.સ. ૧૯૬૮માં તેમાં શિક્ષણનો એક નવતર પ્રયોગ શરૂ કર્યો છે. ઈશ્વરભાવના જીવનપ્રજ્ઞા વિદ્યાલય નામની આ શિક્ષણસંસ્થામાં ઋષિઓએ ચીંધેલી પદ્ધતિએ આધુનિક સંદર્ભ સાથે શિક્ષણ અપાય છે. અહીં પ્રમાણપત્રલક્ષી કે પરીક્ષાલક્ષી શિક્ષણ નથી. અહીં તો જીવનલક્ષી Life oriented education અપાય છે. અહીં જીવનમાં અને વ્યવહારમાં ઉપયોગી એવા વિષયોની સાથે સાથે સંસ્કાર અને સદ્ગુણોનું સિંચન થાય એવા વિષયોનું જ્ઞાન અપાય છે. વિદ્યાર્થીશ્રમની ઉપેક્ષા ન કરે અને પગભર બની શકે એ હેતુથી ગૃહઉદ્યોગની તાલીમની વ્યવસ્થા પણ છે. કુલ્લે સાત વર્ષના અભ્યાસક્રમમાંથી ત્રણ વર્ષનો અભ્યાસ જીવનપ્રજ્ઞા વિદ્યાલય, વાંઢાય ખાતે કરાવવામાં આવે છે.

હાલે અહીં કચ્છ અને ગુજરાતના વિદ્યાર્થીઓ પણ જીવનોપયોગી શિક્ષણ મેળવી રહ્યા છે. સંસ્થામાં યોગેશ્વરનું મંદિર છે. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી અવારનવાર વાંઢાય પધારતા હતા અને તેમનાં પ્રવચનો પણ યોજાતા હતા.

અગાઉ જ્યાં સદનવાડી હતી તે સ્થાન પણ આ સંસ્થા પાસે છે અને આ વાડીમાં સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કૃષિવિષયક પ્રાયોગિક તાલીમ પણ શિક્ષણની સાથે સાથે અપાય છે. જ્ઞાનવિસ્તારક સંઘ સંચાલિત ''ઈશ્વરભાવના જીવનપ્રજ્ઞા વિદ્યાલય'' ઈશ્વર આશ્રમની બાજુમાં જ આવેલું છે.

# ઉમિયા માતાજી સ્તુતિ

(છંદ : ભુજંગી)

ઉમા છો તમે વિશ્વની પ્રિય માતા,
સકળ જીવનાં છો તમે શક્તિદાતા.
પોષતાં સર્વને પ્રેમ આણી,
દયા રાખજો ઉમિયા બાળ જાણી.
નામ લીધું નથી કદી મેં તમારું,
કામ કીધું નથી કદી કોઈ સારું.
નથી શાસ્ત્રની મેં કદી વાત માની,
દયા રાખજો ઉમિયા બાળ જાણી.
મોહમાયા મહીં ખૂબ ઝૂલ્યો,
અહંકાર માં અંધ થઈ ભાન ભૂલ્યો.
કરી સ્વાર્થમાં જિંદગી ધૂળ ધાણી,
દયા રાખજો ઉમિયા બાળ જાણી.
નથી મેં કરી માત પૂજા તમારી,
નથી ભાવથી કીધી ભક્તિ તમારી.
ભજ્યાં મેં નહીં પ્રેમથી મા ભવાની,
દયા રાખજો ઉમિયા બાળ જાણી.
ભમે નાવ મારી ન આવે કિનારો,
ગ્રહે કોણ સંકટ મહીં હાથ મારો.
કરો પાર નૈયા તમે શંભુરાણી,
દયા રાખજો ઉમિયા બાળ જાણી
સર્વ જીવને લઈ જજો શિવ પાસે,
ઊભા દ્વાર સૌ આપના એ જ આશે.
અહીં મુક્તિની વાટ તો છે અજાણી,
દયા રાખજો ઉમિયા બાળ જાણી.
ફરે હાથ જો સ્નેહનો મા તમારો,
મટે દુઃખ દર્દ ઘટે સૌ વિકારો.
કરો સર્વને પ્રેમ કેરી લહાણી,
દયા રાખજો ઉમિયા બાળ જાણી.
અસુર સંહારી તમે શાંતિ સ્થાપી,
રહ્યાં ઝૂઝવાં રૂપમાં વિશ્વવ્યાપી.
તમે આદ્યશક્તિ વદે વેદ વાણી,
દયા રાખજો ઉમિયા બાળ જાણી.
કરી પ્રાર્થના માત હું પાય લાગ્યું,
કૃપા રાખજો એ જ આશિષ માગ્યું.
ક્ષમા આપજો મા મને પુત્ર માની,
દયા રાખજો ઉમિયા બાળ જાણી.

# ઉમિયા સ્તુતિ

(છંદ : વસંતતિલકા, ઢાળ : વિશ્વંભરી)

દેવી ઉમા જગતની જનની તમે છો,
શક્તિરૂપે સકલ વિશ્વ મહીં તમે છો,
ભાવે ભજે ઋષિજનો સહુ ભક્ત જ્ઞાની,
લેજો મને શરણમાં ઉમિયા ભવાની.
કીધું નહીં સ્મરણ મેં તવ નામ પ્યારું,
કીધું નહીં ભજન મેં ગિરિજા તમારું,
કીધી નહીં શ્રવણ મેં સત્સંગવાણી,
લેજો મને શરણમાં ઉમિયા ભવાની.
પાપો કર્યા અતિ ઘણાં અભિમાન લાવી,
ભૂલી ગયો ધરમને જગ માહિ આવી,
દીધી નહીં પરમ પુણ્ય તણી કમાણી,
લેજો મને શરણમાં ઉમિયા ભવાની.
માયા મહીં ભટકતાં મુજ માર્ગ ભૂલ્યો,
કામી અને કુટિલ થઇ મદમાં જ ફૂલ્યો,
ચાલી ગઇ રમતમાં મુજ જિંદગાની,
લેજો મને શરણમાં ઉમિયા ભવાની.
આ સૃષ્ટિમાં તમ વિના નહીં કોઇ આરો,
આધાર છે બસ હવે મુજને તમારો,
રાખો દયા હૃદયમાં તમે શંભુરાણી,
લેજો મને શરણમાં ઉમિયા ભવાની.
આવ્યો હવે ચરણમાં મુજ કષ્ટ કાપો,
દુઃખો હરો જગતનાં સુખ શાંતિ આપો,
આપો ક્ષમા ભગવતી તવ બાળ માની,
લેજો મને શરણમાં ઉમિયા ભવાની.
નૈયા ડૂબે ભવજલે નહીં કો કિનારો,
માડી તમે વિપત્તથી મુજને ઊગારો,
પાયે પડી સ્તુતિ કરું તમને શિવાની,
લેજો મને શરણમાં ઉમિયા ભવાની.

## ઉમા વંદના

માત ઉમિયાનું અર્ચન કરું,
તેના ચરણોમાં વંદન કરું.
નભના તે થાળ મહીં આરતી રચું,
ચન્દ્ર સૂરજ તણા દીવડા કરું,
ઉષાના રંગોનાં કુમકુમ છાંટણાં
તારલાના અક્ષત કરું.... માત....

મેઘ તણાં જળથી તવ ચરણો પખાળું
ને વાયુનો વીંઝણો કરં,
વાસંતી ફૂલડાંનો વૈભવ હું પાથરું,
મંદિર તવ તોરણે મઢું.... માત....

હૈયાના નાનકડા આસને બિરાજો મા
પ્રેમ થકી પૂજન કરું,
શિવમ્ સ્વરૂપ બને સૃષ્ટિ શિવાની,
આ એટલી જ કામના કરું.... માત....

## છંદ

ઉમિયા માડી ઊંઝાવાળી દીનદયાળી મમતાળી
જગજનની તું સર્જનહારી પાલનપોષણ કરનારી
ભંડારોને ભરનારી મા મનવાંછિત ફળ દેનારી
અસુરોને તું હણનારી મા ભક્તોની છો રખવાળી.

## ઉમિયા માનો ગરબો

(ઢાળ : છલકાતું આવે બેલડું)

જેમાં જગમગ જગમગ દિવડા તેનો સોનેરી ઉજાસ રે,
મારી અંબે માનો ગરબો મારી ઉમિયા માનો ગરબો.

ગરબો ઘૂમતો ઘૂમતો પહોંચ્યો બ્રહ્મલોક રે,
તેને જોવા આવીયા મા સરસ્વતી સાક્ષાત રે (૨) જેમાં જગમગ

ગરબો ઘૂમતો ઘૂમતો પહોંચ્યો વૈંકુઠ લોક રે,
ગરબો જોવા આવીયા મા લક્ષ્મીજી સાક્ષાત રે (૨) જેમાં જગમગ

ગરબો ઘૂમતો ઘૂમતો પહોંચ્યો સ્વર્ગલોકમાં,
ગરબો જોવા આવીયા મા ઈન્દ્રિયાણ સાક્ષાત રે (૨) જેમાં જગમગ

## માવલડી હરસી રે

(ઢાળ : વાદલડી વરસી રે... સરોવર)

માવલડી હરસી રે ભંડાર સૌના ભરી દીધા,
અમે ખોબો એક માગ્યો રે સમંદર ભરી દીધા.
અમે ચપટી એક માગ્યું રે ઢગલા કરી દીધા. ...માવલડી

સંતાનો પર રે હેત માના વરસી રહ્યા,
માનું મુખડું નિરખીને બાળ સૌ હરખી રહ્યા. ...માવલડી

મા દીનદયાળી રે દુઃખ સૌના હરી લીધા.
માની કૃપાદષ્ટિએ કષ્ટ સૌના હરી લીધા ....માવલડી

માને ખોળે બેસતા રે સુખ સૌ મળી ગયા,
માની ભક્તિ કરતા રે મોહ સૌના ટળી ગયા. ...માવલડી

## દર્શન દેવાને વહેલા આવજો

(ઢાળ : વંદન વંદન આશાપુરા માતને)

ચરણે પડીને માત વિનવે પાટીદારો ઉભા છે તવ દ્વાર રે,
કુળદેવી ઉમા દર્શન દેવાને વહેલા આવજો.

કૈલાસધામથી ઉતર્યા આવ્યા આવ્યા ગેલુડી ગુજરાત રે
કુળદેવી ઉમા દર્શન દેવાને વહેલા આવજો. ...કુળદેવી ઉમા

ઊંઝા તે ધામમાં બેસણા ભક્તો જુએ તમારી વાટ રે. ...કુળદેવી ઉમા
માગ્યા વિના બહુ દઈ દીધું માગે હવે કૃપાનો પ્રસાદ રે. ...કુળદેવી ઉમા
કુળ રહે અમારું ઉજળું એ જ આશિષની છે આસ રે. . ..કુળદેવી ઉમા

## આદ્યશક્તિ મા ઉમિયા

(ઢાળ : આદ્યશક્તિ તુજને નમું રે અંબા)

આદ્યશક્તિ રૂપ એક છે મા ઉમિયા લળી લળી લાગું પાય,
વિધવિધ રૂપે પધારીયા મા ઉમિયા પૃથ્વી લોકની માંય ...આદ્યશક્તિ

ગબરના ગોખમાં બેસણા મા ઉમિયા અંબિકા રૂપે સોહાય,
ગરબે ઘૂમવા નિસર્યા મા ઉમિયા, દિવડા ઝગમગ થાય. ...આદ્યશક્તિ

શંખલપુરમાં બેસણા મા ઉમિયા બહુચરરૂપે સોહાય,
ગરબે ઘૂમવા નિસર્યા મા ઉમિયા, દિવડા ઝગમગ થાય. ...આદ્યશકિત

પાવાગઢ ડુંગરે બેસણા મા ઉમિયા મહાકાળીરૂપે સોહાય,
ગરબે ઘૂમવા નિસર્યા મા ઉમિયા, દિવડા ઝગમગ થાય. ...આદ્યશક્તિ

ચોટીલા ડુંગરે બેસણા મા ઉમિયા ચામુંડા રૂપે સોહાય,
ગરબે ગૂમવા નિસર્યા મા ઉમિયા, દિવડા ઝગમગ થાય. ...આદ્યશક્તિ

## ચરણે રાખજો

(ઢાળ : ચોટીલાવાળી મા ચંડી ચામુંડા)

આદ્યશક્તિ મા ઉમિયા તમને વંદું વારંવાર
મા મને ચરણોમાં રાખજો...

દેવો તમારી સ્તુતિ કરે છે ઋષિમુનિઓ પણ તમને ભજે છે
ગુણલા તમારા ગાય. ...મા મને

ચૌદે બ્રહ્માંડમાં તમારી આણ છે, તમારી શક્તિની સૌ કોઇને જાણ છે,
તવ શક્તિથી સર્જન થાય.. ...મા મને

દાનવ તમારાથી ડરતા ફરે છે, તમારા નામે અસૂર થરથરે છે,
તમે કઇકને કીધા છે મ્હાત... ...મા મને

શુંબ-નિસુંબ ને તમે સંહાર્યા, ચંડ-મુંડને પણ તમે જ માર્યા,
જૂજવા રૂપ લઈ માત. ...મા મને

## ઉમિયા માની ચૂંદડી

(ઢાળ : આસમાની રંગની ચૂંદડી રે માની)

ઉમિયા માતની ચૂંદડી રે રૂડી ચૂંદડી લહેરાય,
ચૂંદડીમાં ચમકે તારલા રે રૂડી ચૂંદડી લહેરાય. ...ઉમિયા
ચૂંદડીના કોરે હીરલા રે રૂડી ચૂંદડી લહેરાય ...ઉમિયા
ચૂંદડી ઓઢી માડીને શોભતા રે માની ચૂંદડી લહેરાય. ...ઉમિયા
શિરે ગરબો લઇને માડી ઘૂમતા રે માની ચૂંદડી લહેરાય. ...ઉમિયા
દેવદેવીઓ ગુણલા ગાતા રે માની ચૂંદડી ...ઉમિયા

## જ્યાં જોઉં ત્યાં ઉમિયા માત

(ઢાળ : જ્યાં જોઉં તયાં જોગમાયા)

માને આદ્યશક્તિ જાણી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા,
માત ઉમિયા ઊંઝાવાળી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા.
માને ચારે દિશામાં ભાળી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા,

માને પૂર્વ દિશામાં ભાળી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા
માડી કામરૂપ દેશમાં બિરાજી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા,
મા કામખ્યા રૂપે પૂજાણી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા.

માને પશ્ચિમ દિશામાં ભાળી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા
મા ગબ્બરના ગોખે બિરાજી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા
માને અંબાજી રૂપે જાણી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા.

માને ઉત્તર દિશામાં ભાળી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા.
મા જમ્મુ પ્રદેશમાં બિરાજી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા.
માને વૈષ્ણાવી રૂપે જાણી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા.

માને દક્ષિણ દિશામાં ભાળી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા.
મા તમિલ પ્રદેશમાં બિરાજી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા
માને મીનાક્ષી રૂપે જાણી હો મા, જ્યાં જોઉં ત્યાં ઉમિયા મા

## મા ગરબે રમવા વહેલા આવજો

(ઢાળ : રૂડે ગરબે રમે છે માત અંબિકા રે)

ઉમા ગરબે રમવાને વહેલા આવજો રે,
સાથે નવ દુર્ગાને લાવજો, મા ગરબે રમવાને વહેલા આવજો રે.
આસાસુરથી અંબા બોલાવજો રે, સાથે બહુચરને પણ લાવજો,
પાવાગઢથી કાળી બોલાવજો રે, સાથે ચામુંડાને પણ લાવજો રે ...મા
મા આશાપુરા બોલાવજો રે, સાથે ચાચરને પણ લાવજો રે. ...મા

## કેસરિયો રંગ તને લાગ્યો

(ઢાળ : કેસરિયો રંગ તને લાગ્યો)

કેસરિયો રંગ તને લાગ્યો અલ્યા ગરબા કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ

કિયા કિયા ગામે ગ્યો'તો અલ્યા ગરબા કયા તે ગામે ગ્યોતો રે લોલ.
ઊંઝા તે ગામે ગ્યો તો અલ્યા ગરબા.

કિયા કિયા ગામે ગ્યો તો અલ્યા ગરબા કિયા તે ગામે ગ્યો તો રે લોલ,
સિદસર તે ગામે ગ્યો તો અલ્યા ગરબા સિદસર ગામે ગ્યો તો રે...

કિયા કિયા ગામે ગ્યો તો અલ્યા ગરબા કિયા તે ગામે ગ્યો તો રે લોલ,
વાંઢાય તે ગામે ગ્યો તો અલ્યા ગરબા વાંઢાય તે ગામે ગ્યો તો રે...

કિયા કિયા ગામે ગ્યો તો અલ્યા ગરબા કિયા તે ગામે ગ્યો તો રે લોલ,
ગાંઠીલા તે ગામે ગ્યો તો અલ્યા ગરબા ગાંઠીલા તે ગામે ગ્યો તો રે...

કિયા કિયા ગામે ગ્યો તો અલ્યા ગરબા કિયા તે ગામે ગ્યો તો રે લોલ,
સુરત તે ગામે ગ્યો તો અલ્યા ગરબા સુરત તે ગામે ગ્યો તો રે...

## માત ઉમિયાજી ગરબે રમે જી રે

(ઢાળ : માત આશાપુરા ગરબે રમે)

માત ઉમિયાજી ગરબે રમે જી રે
માત ગરબે રમે ને તાળી પડે જી રે,
નવખંડમાં ગાજે નાદ માત ઉમિયાજી ગરબે રમે જી રે
સૌ ગાંધર્વો ગરબા ગાય છે જી રે, તેનો ધ્વનિ પહોંચે આકાશ ...માત ઉમિયા
વાગે નોબત નગારા તાલમાં જી રે, તેનો ત્રિભુવનમાં ગૂંજે છે તાલ ...માત ઉમિયા
માના ગરબે દિવડા જગમગે જી રે, તેનો ચૌદે બ્રહ્માંડ ઉજાસ ...માત ઉમિયા
દેવ દેવીઓ રમવા પધાર્યા જી રે, માનો કરે છે જય જયકાર ...માત ઉમિયા

## ઊંઝાની મહારાણી

(ઢાળ : પાવાગઢ તે ઉતર્યા)

કૈલાસધામથી ઉતર્યા મા ભવાની રે,
મા આવ્યા ઊંઝાધામ, ઊંઝાની મહારાણી રે.

મા નંદી ઉપર શોભતા મા ભવાની રે,
માએ સોળે સજ્યા શણગાર, ઊંઝાની મહારાણી રે.

માના શિરે મુકુટ શોભતો મા ભવાની રે,
માના કુંડળ ઝગમગ થાય, ઊંઝાની મહારાણી રે.

માના નાકે નથડી ઝૂલતી મા ભવાની રે,
માને કંઠે મોતીનો હાર, ઊંઝાની મહારાણી રે.

માને બાંહે બાજુબંધ બેરખા મા ભવાની રે,
માની પાયલનો ઝણકાર, ઊંઝાની મહારાણી રે.

માડી ગરબે રમવા નિસર્યા મા ભવાની રે,
મા નવદુર્ગા લીધા સાથ, ઊંઝાની મહારાણી રે.

દેવદેવીઓ જોવા નિસર્યા મા ભવાની રે,
કરે ભક્તો જય જયકાર, ઊંઝાની મહારાણી રે.

## ઉમિયા છે જોગમાયા

(ઢાળ : ખોડિયાર છે જોગમાયા)

ઉમિયા છે જોગમાયા ઊંઝાવાળી ઉમિયા છે જોગમાયા
માતા ચરણે વાંઝિયા આવતા, માએ એના પારણા બંધાવ્યા ...ઊંઝાવાળી
માને ચરણે નિર્ધનિયા આવતા, માએ દીધી એને માયા. ...ઊંઝાવાળી
માને ચરણે કોઢિયા આવતા, નિર્મળ કીધી છે એની કાયા. ...ઊંઝાવાળી
માને ચરણે પાટીદારો આવતા, માના એ લાડકવાયા. ...ઊંઝાવાળી

# ઉમિયાના દર્શન

ઢાળ : માડી તારા આવવાના એંધાણા થયા...

ઉમિયાના પગલાં થયાં, હૈયા હરખાઈ રહ્યાં
ભક્તો સૌ ધન્ય થયા રે, માડીના આજ સૌને દર્શન થયાં.
માત ઊંઝાવાળી, માત વાંઢાયવાળી, માત સિદસરવાળી
મારી ઉમિયા મા, મારી ઉમિયા મા
માત ત્રિશૂલધારી, માત ખડગધારી, માની નંદી સવારી
મારી ઉમિયા મા, મારી ઉમિયા મા
દૈત્યોને તેં સંહાર્યા, દેવોને તેં ઉગાર્યા
ભક્તો ભવ પાર કર્યા રે, માડીના આજ સૌને દર્શન થયાં ઉમિયાના...
દક્ષના યજ્ઞ મહીં માની અવગણના થઈ
માએ વ્યથિત થઈ હોમી કાયા, હોમી કાયા
પુત્રી પર્વતની થઈ રૂપ પાર્વતીનું લઈ
શિવ સંગે રહી થઈ જોગમાયા, મા જોગમાયા
બાવન શક્તિ પીઠે, જૂજવાં નામરૂપે ઉમિયા પ્રગટ થયાં રે
માડીના આજ સૌને દર્શન થયાં ઉમિયાનાં...
• બાળ આવે માની પાસ, દિલમાં રાખી વિશ્વાસ
પૂરણ કરશે સૌની આશ, માત મમતાળી, માત મમતાળી
માડી હાજરાહજૂર, કરે સૌના દુઃખ દૂર
એનો નેહ છે મધુર, માત તું દયાળી, માત તું દયાળી
માડીના દ્વારે આવ્યાં, મનોરથ જે કોઈ લાવ્યાં
માના આશિષ પામ્યા રે, માડીના આજ સૌને દર્શન થયાં. ઉમિયાનાં...
આવી આવી નવરાત, ગરબે ઘૂમે છે માત
સૌ સખીઓ સંગાથ, લઈ રંગતાળી, લઈ રંગતાળી
માના રૂપ છે અપાર, જોવા આવ્યાં નરનાર
વંદે આખો સંસાર, કૈલાસવાળી, ઊંઝાવાળી
ઉમિયા મા મા ગરબે રમે, નિરખવા સૌને ગમે
મુખડાં મલકાઈ ગયાં રે, માડીના આજ સૌને દર્શન થયાં ઉમિયાના ....

# ઉમિયા વંદું હું વારંવાર

ઢાળ : ભેડિયો ઓઢ્યો ખોડલ માત

ઉમિયા વંદુ વારંવાર
હો ઊંઝાવાળી, હો વાંઢાયવાળી
હો સિદસરવાળી....
કરજે તું બેડો પાર

શુભ સૌનું કરનાર, દુઃખ સૌનું હરનાર
કૃપા સૌ પર કરનાર કલ્યાણી
અસુરોને હણનાર, સૌનું રક્ષણ કરનાર
જગજગની તું માતા ભવાની
માડી ભકતોની કરજે વહાર
હો ઊંઝાવાળી...

નોંધારાનો આધાર, સૌની તું તારણહાર
તું શાંતિ દેનાર શંભુરાણી
તારો દિવ્ય અવતાર, તને વંદે નરનાર
સૌ હૈયાંમાં ભક્તિભાવ આણી
માત કરજે તું સૌની સહાય
હો ઊંઝાવાળી...

હું તો નાનેરો બાળ, માત લેજે સંભાળ
પ્રેમ રાખીને ગોદમાં લેજે
જન્મોજન્મથી ઝંખું છું મળવાને
દયા રાખીને દર્શન તું દેજે
તું તો જગદંબા છો સાક્ષાત
હો ઊંઝાવાળી...

શ્રદ્ધાના શ્રીફળ લઈ આવે રે સૌ કોઈ
તારે મંદિરીયે માતા
પ્રેમનો પ્રસાદ લઈ પાવન થાય છે સૌ
હૈયા સૌના હરખાતા
દ્વારે ઊભા કડવા પાટીદાર
ઓ ઊંઝાવાળી, ઓ વાંઢાયવાળી
ઓ સિદસરવાળી, કરજે તું બેડો પાર
ઉમિયા વંદું વારંવાર...

# ઊંઝા મંદિર સોહામણું રે

(ઢાળ : શંખલપુર સોહામણું રે)

ઊંઝા મંદિર સોહામણું રે તેમાં તમારો વાસ માત ઉમિયા
ઊંઝા મંદિર સોહામણું રે
કૈલાસધામથી ઉતર્યા રે તમે આવ્યા ઊંઝાને ધામ માત ઉમિયા
...ઊંઝા મંદિર
ત્યાં નોબત નગારા ને ઘંટારવ થાતા ત્યાં ઝાલરનો ઝણકાર માત ઉમિયા
...ઊંઝા મંદિર
ત્યાં આરતીના દીવડા ઝગમગે રે સૌ આસ્થા લઈ ધન્ય થાય માત ઉમિયા
...ઊંઝા મંદિર
ત્યાં હોમહવન નિત્ય થાય છે રે ત્યાં લક્ષચંડી યજ્ઞ પણ થાય માત ઉમિયા
...ઊંઝા મંદિર
સૌ પંચમીના મેળામાં મહાલતા રે ના રહે કોઈનો ભેદભાવ માત ઉમિયા
...ઊંઝા મંદિર
સૌ નોરતામાં ગરબે ઘૂમતા રે સૌને નિહાળી માત હરખાય માત ઉમિયા
...ઊંઝા મંદિર

# ઉમિયા પધારો મારે આંગણે

(ઢાળ : કાનો રમે છે મારી કેડમાં)

સૈયર મોરી રે આંગણે કુમકુમના સાથિયા પુરાવી દઉં,
પગલાના પાડનાર રે ઉમિયા પધારે મારે આંગણે ... સૈયર મોરી

સૈયર મોરી રે ગંગાના નીર મગાવી દઉં,
નાવણ કરનાર રે ઉમિયા પધારે મારે આંગણે...

સૈયર મોરી રે પાટણથી ચૂંદડી મગાવી દઉં,
ચૂંદડીના ઓઢનાર રે ઉમિયા પધારે મારે આંગણે...

સૈયર મોરી રે ભાતભાતના ભોજન બનાવી દઉં,
ભોજન જમનાર રે ઉમિયા પધારે મારે આંગણે...

સૈયર મોરી રે ઢોલિયા ને ગાદલા બિછાવી દઉં,
પોઢણ કરનાર રે ઉમિયા પધારે મારે આંગણે...

## માત અમને આશિષ દે જો

(ઢાળ : દાદાઓ દીકરી દાદા ઓ દીકરી)

ઉમિયા પધાર્યા ને શિવજી પધાર્યા, લળીલળી લાગીએ પાય,
માત અમને આશિષ દે જો, તાત અમને આશિષ દેજો.
માતા તમે છો મમતાની મૂરત, પિતાનો પ્રેમ પારાવાર ...માત અમને

પૂજન ન જાણીએ, અર્ચન ન જાણીએ
ભક્તિ કરીએ દિનરાત... માત અમને... ઉમિયા પધાર્યા

સંકટ પડે ત્યારે તમને પોકારીએ,
કરજો અમારી તમે વ્હાર ...માત અમને

સુખમાં ને દુઃખમાં તમે સંગાથ છો,
એક જ તમારો આધાર. ...માત અમને

તમારો ખોળો શાંતિનું ધામ છે,
ચરણે રાખો ને સદાય. ...માત અમને

## ઓ માત ગરબે રમાડો

(ઢાળ : માથે મટુકડી મહીની રે)

શિર પર સોનાનો ગરબો લઈ હું ગરબે રમવા હાલી રે ઉમાપુરમાં,
ઓ મોરી માત મુજને ગરબે રમાડો.
આરાસુરમાં મુને અંબિકા મળિયા દર્શન કરવાની ઘણી હામ ...ઉમાપુરમાં
ઓ મોરી માત... શિર
શંખલપુરમાં મુને બહુચરાજી મળિયા પાયે પડવાની ઘણી હામ ...ઉમાપુરમાં
ઓ મોરી માત... શિર
ચોટીલામાં મને ચામુંડા મળિયા, પૂજન-કર્યાની ઘણી હામ ...ઉમાપુરમાં
ઓ મોરી માત... શિર
પાવા તે ગઢમાં મહાકાળી મળિયા રાસ રમ્યાની ઘણી હામ ...ઉમાપુરમાં
ઓ મોરી માત... શિર

# ઘૂમે ઘૂમે મા ગરબે ઘૂમે

ઢાળ : રમે રમે મા માટેલવાળી...

ઘૂમે ઘૂમે મા ગરબે ઘૂમે રે રંગતાળી
એના તાલે ત્રણે લોક ઝૂમે રે રંગતાળી
અંબા ઘૂમે, બહુચર ઘૂમે, કાળી ઘૂમે, ચાચર ઘૂમે
માએ ગગનને ગરબો કીધો રે રંગતાળી
એણે રમવા શિર પર લીધો રે રંગતાળી
વાંઢાયમાં ઉમિયા ઘૂમે રે રંગતાળી (૨)
ઘૂમે ઘૂમે મા....

માના ગરબે તારલાં ટમકે રે રંગતાળી
એમાં સૂરજ ને ચંદ્રમા ચમકે રે રંગતાળી
અંબા ઘૂમે, બહુચર ઘૂમે, કાળી ઘૂમે, ચાચર ઘૂમે
સિદસરમાં ઉમિયા ઘૂમે રે રંગતાળી
ઘૂમે ઘૂમે મા....

ગરબે હીરલા ઝળહળે રંગતાળી
જાણે આખાયે આભમાં દીવા બળે રંગતાળી
અંબા ઘૂમે, બહુચર ઘૂમે, કાળી ઘૂમે, ચાચર ઘૂમે
લિલિયામાં ઉમિયા ઘૂમે રે રંગતાળી
ઘૂમે ઘૂમે મા....

માના ગરબે ઉષા રંગો પૂરે રંગતાળી
માના માના ગરબે સંધ્યા સાથિયા પૂર્વે રંગતાળી
અંબા ઘૂમે, બહુચર ઘૂમે, કાળી ઘૂમે, ચાચર ઘૂમે
ગાઠીલામાં ઉમિયા ઘૂમે રે રંગતાળી
ઘૂમે ઘૂમે મા....

# માને સંદેશો

ઢાળ : ઓલ્યા માટેલ ગામે બોલે કળાયેલ મોરલા

ઓ મોરલિયા સંદેશો માને આપજે
ઉમિયા મા, ઉમિયા મા, ઉમિયા મા, ઉમિયા મા
માતા આવજે વાઢાંચધામ
મારી ઉમિયા મા તું દર્શન દેવા આવજે
મંદિરે પદયાત્રીની આવે છે વણઝાર
આવે છે વણઝાર
દર્શન કરવા તલસે માના સઘળાં નર ને નાર
સઘળાં નર ને નાર
મુખ મલકાય મન હરખાય
ઉમિયાના દર્શન થાય ...ઓ મોરલિયાં...
મંદિરની શોભા જોઈ દેવો પણ હરખાય
દેવો પણ હરખાય
મંદિરની ધજા નિરખીને દૈત્યો નાસી જાય
દૈત્યો નાસી જાય
ઉમિયા માત સૌની સાથ
હસતાં રમતાં ગાય ....ઓ મોરલિયા....
ઉમિયા માતની આરતી ટાણે ઝાલરનો ઝણકાર
ઝાલરનો ઝણકાર
ઉમિયા માના મંદિરમાં ગુંજે જયજયકાર
ગુંજે જયજયકાર
નોબત વાગે શરણાઈ વાગે
દીવડા ઝગમગ થાય ....ઓ મોરલિયા....
સુખિયા આવે, દુઃખિયા આવે ઉમિયાને દરબાર
ઉમિયાને દરબાર
પ્રેમામૃત માનું સૌ કોઈ પામે મીઠો છે આવકાર
મીઠો છે આવકાર
દલડાંની વાત સાંભળે માત
શાતા હૈયે થાય ...ઓ મોરલિયા...

# ગરબો

## ખમ્મા ઉમિયાને....

ખમ્મા ખમ્મા ઉમિયા મારી માવડીને,
માને લળી લળી લાગું પાય મોરી માત.
ખમ્મા ઉમિયા મોરી માવડીને...

માડી ઊંઝા તે ધામમાં બિરાજતાં રે,
વાંઢાય ને સિદસર જાય મોરી માત.
ખમ્મા ઉમિયા મોરી માવડીને...ખમ્મા...

દીન દુઃખિયાના દુઃખડા કાપતાં રે,
તમે નોંધારાનો આધાર મોરી માત.
ખમ્મા ઉમિયા મોરી માવડીને...ખમ્મા...

ભીડ પડે ત્યારે ભકતો પોકારતા રે,
તમે કરતા અચૂક એની સહાય મોરી માત
ખમ્મા ઉમિયા મોરી માવડીને...ખમ્મા...

તમે દેવોનું સંકટ નિવાર્યું રે,
અસુરોનો કર્યો સંહાર મોરી માત.
ખમ્મા ઉમિયા મોરી માવડીને...ખમ્મા...

# ઉમિયા એ શિર લીધો

(ઢાળ : સોનલ ગરબો ઘૂમે ચાલો ધીરે ધીરે)

ગગનનો ગરબો કીધો ઉમિયા માએ રમવા શિર પર લીધો,
સૂરજ-ચંદ્રના દિવા કર્યા છે, ઝળહળ કરી એને દીધો ...ઉમિયા માએ ગગનનો

તારલા સમ એમાં હીરલા ઝડ્યા છે, વીજળીના ફોરે મઢી દીધો...ઉમિયા માએ ગગનનો
મેઘધનુષના રંગો પૂર્યા છે નથી એવો ગરબો દીઠો ...ઉમિયા માએ ગગનનો

ચૌદે બ્રહ્માંડમાં ગરબો ઘૂમીને પહોંચ્યો એ દેવલોક સીધો,
દેવ-દેવીઓને માએ ગરબે રમાડ્યા, આનંદરસ સૌએ પીધો. ...ઉમિયા માએ ગગનનો

# ઉમિયા માવડી

ઢાળ માટેલ ગામમાં રે...

ઉમિયા માવડી રે, તુજને વંદન વારંવાર
આશિષ આપજે રે દ્વારે ઊભા છે નરનાર
કચ્છની ધન્ય ધરા રે, જેમાં વાંઢાય તીરથધામ
માના બેસણા રે, સંતે તપ કર્યા જે ઠામ
માના મંદિરીયે રે થાય ઝાલરનો ઝણકાર . ...ઉમિયા...

ઈશ્વરરામજી રે જાણે ઈશ્વરનો અવતાર
ભક્તિ બહુ કરી રે સંતે વાઢાંયની મોજાર
સંત લાલરામ રે એનું હૃદય ઘણું જ વિશાળ ....ઉમિયા...

ઓધવરામજી રે સેવાની મૂર્તિ સાક્ષાત
વાંઢાયધામમાં રે લાવ્યા ઊંઝાવાળી માત
સનાતન ધર્મની રે સંતે હાથ ધરી મશાલ ....ઉમિયા...

સંત વાલરામે ખોલ્યાં અન્નતણાં ભંડાર
ભોજન પામતા રે નિત્ય યાત્રાળુ અપાર
માની ગોદમાં રે નાના મોટાનો સત્કાર ....ઉમિયા...

ધરતી ધણધણી રે કચ્છમાં વ્યાપ્યો હાહાકાર
ડોલ્યાં ડુંગરા રે ડોલ્યાં મંદિર ને ઘરબાર
માનું મંદિરિયું રે બાંધ્યું રુડું નવું વિશાળ ....ઉમિયા...

# ઊંઝા તે ધામને મંદિરીયે...

ઢાળ : ભેડિયો ઓઢીને શોભે ખોડલ માત

ઊંઝા તે ધામને મંદિરીયે બેઠાં ઉમિયા મા
વાંઢાયધામના મંદિરીયે બેઠાં ઉમિયા મા
એની શોભા અપરંપાર

ચુંદડી ઓઢીને શોભે ઉમિયા મા
કૈલાસધામથી ઉતર્યા મારી ઉમિયા મા
માડી આવ્યા છે ગુજરાત
ચુંદડી ઓઢીને શોભે ઉમિયા મા ... ઊંઝા...

વ્રજપાલજીએ સ્થાપિયા મારી ઉમિયા મા
સંવત બસ્સો બાર
ચુંદડી ઓઢીને શોભે ઉમિયા મા ... ઊંઝા...

કડવા તે કુળના દેવી થયા મારી ઉમિયા મા
કીધો ઊંઝામાં વાસ
ચુંદડી ઓઢીને શોભે ઉમિયા મા ... ઊંઝા...

સંત ઓધવરામની પ્રેરણાથી મારી ઉમિયા મા
માડી આવ્યા વાંઢાયધામ
ચુંદડી ઓઢીને શોભે ઉમિયા મા ... ઊંઝા

કડવા પાટીદાર પાય પડે મારી ઉમિયા મા
દેજો આશિષ સૌને માત
ચુંદડી ઓઢીને શોભે ઉમિયા મા ... ઊંઝા...

# હાલો હાલો ઊંઝાધામ જઈએ

ઢાળ : ચપટી ભરી ચોખા...

ઉમિયા માતાજી ઊંઝા પધાર્યા
દર્શન કરવા જઈએ રે
હાલો, હાલો, ઊંઝાધામ જઈએ રે...ઉમિયા

માના મંદિરની શોભા છે ન્યારી,
માડી બેઠાં છે નંદી સવારી,
માને મોતીડે વધાવીએ રે
હાલો, હાલો, ઊંઝાધામ જઈએ રે...ઉમિયા

માડીનો મંડપ કેવો સોહાતો,
આનંદ ઓછવ અહીં ઉજવાતો,
સૌ અબીલ ગુલાલ ઉડાવીએ રે
હાલો, હાલો, ઊંઝાધામ જઈએ રે...ઉમિયા

માડીના ગરબામાં લાખ લાખ દીવડા,
નભના તારલિયા અવનિ પર ઊતર્યા,
સૌ ગરબે ઘૂમવા જઈએ રે,
હાલો, હાલો, ઊંઝાધામ જઈએ રે...ઉમિયા

માડીની કરુણા તો સૌ પર વરસે,
સૌ પર માના આશિષ ઊતરશે,
માના ગુણલા હરખે ગાઈએ રે,
હાલો, હાલો, ઊંઝાધામ જઈએ રે...ઉમિયા

# ઉમિયા માને દ્વારે..

ઢાળ : મહી સાગરને આરે.....

મારી ઉમિયા માને દ્વારે સૌ કોઈ આવે છે.
આવે છે શ્રીફળ લાવે છે,
મારી માની ચુંદલડી લાવે છે,
મારી ઉમિયા માને દ્વારે સૌ કોઈ આવે છે

માને દ્વારે દુ:ખિયા આવે છે,
એના દુ:ખડા કહી સંભળાવે છે,
માડી સૌનાં દુ:ખને મિટાવે છે;
મારી ઉમિયા માને દ્વારે સૌ કોઈ આવે છે

માને દ્વારે સુખિયાં આવે છે,
માને હીરા મોતીથી વધાવે છે,
અહીં આનંદ ઓચ્છવ મનાવે છે,
મારી ઉમિયા માને દ્વારે સૌ કોઈ આવે છે

માને દ્વારે વાંઝિયા આવે છે,
માની આગળ ખોળો બિછાવે છે,
માડી એમને પારણાં બંધાવે છે,
મારી ઉમિયા માને દ્વારે સૌ કોઈ આવે છે

માને દ્વારે ભકતો આવે છે,
માના ચરણે શીશ નમાવે છે,
માના પ્રેમ ધરી ગુણલા ગાવે છે;
મારી ઉમિયા માને દ્વારે સૌ કોઈ આવે છે

# ગરબો

ઉમિયા ગરબે ઘૂમે છે
આવી આવી નવલી નવરાત
ઉમિયા ગરબે ઘૂમે છે
આવી આવી સખીઓ સંગાથ,
ઉમિયા ગરબે ઘૂમે છે

સોનાનો ગરબો શિરે ધર્યો છે,
ગરબાને ઝગમગતા હીરે મઢ્યો છે,
તારલે મઢી છે, જાણે રાત,
ઉમિયા ગરબે ઘૂમે છે....આવી....

નાકે છે નથડી ગળામાં હાર છે,
નવરંગ ચૂંદડી ને ઝાંઝર ઝણકાર છે,
કેવી શોભે છે, મોરી માત,
ઉમિયા ગરબે ઘૂમે છે....આવી....

આરાસુરથી મા અંબિકા આવ્યાં,
પાવા તે ગઢથી મહાકાળી આવ્યાં,
રમવાને ઉમા સંગાથ,
ઉમિયા ગરબે ઘૂમે છે....આવી....

વહાલાં બાલુડાને દર્શનિયા દેવા,
સૌને અંતરના આશિષ દેવા,
કૈલાસથી આવ્યા ગુજરાત,
ઉમિયા ગરબે ઘૂમે છે....આવી....

# મા ઉમિયા રમે

ઉમિયા રમે મા ઉમિયા રમે
ઊંઝાને આંગણે ઉમિયા રમે.

ઉમિયા રમે મા ઉમિયા રમે
વાંઢાયને આંગણે ઉમિયા રમે

ગિરજારૂપે મા અવનિ પર આવ્યા
ભોળા શંભુને બહુએ ગમે.

ઊંઝાને આંગણે ઉમિયા રમે
નંદી સવારી માડી ત્રિશૂલધારી

માના પગલે ધરતી ધમધમે
ઊંઝાને આંગણે ઉમિયા રમે.

કૈલાસ મૂકી મા આવ્યા ગુજરાતમાં
કડવા પાટીદાર માને ગમે.

ઊંઝાને આંગણે ઉમિયા રમે...ઉમિયા...
નવરાત્રિમાં માડી નવા નવા રૂપમાં

નવદુર્ગા સંગ માડી ગરબે ઘૂમે
ઊંઝાને આંગણે ઉમિયા રમે.

દર્શન કરીને માના ધન્ય બને છે
ભકતો આવી માને ચરણે નમે.
ઊંઝાને આંગણે ઉમિયા રમે...ઉમિયા...

# ગરબો

## ગરબે ઘૂમવા આવો

ગરબે ઘૂમવા આવો, ઉમિયા મા ગરબે ઘૂમવા આવો,
સૌના હૈયાં હરખાવો, ઉમિયા મા ગરબે ઘૂમવા આવો.
ગગન મંડળનો ગરબો બનાવ્યો,
ઝગમગતા તારલાથી એને સજાવ્યો,
એમાં ચંદાનો દીવડો મેલાવ્યો,
ઉમિયા મા ગરબે ઘૂમવા આવો...ગરબે...

આખું બ્રહ્માંડ આજ ગરબે ઘૂમે છે,
શક્તિ તમારી લઈ હરખે ઝૂમે છે,
તમે પણ રમવાને આવો,
ઉમિયા મા ગરબે ઘૂમવા આવો...ગરબે...

તમે આવો માત અંબાને લાવો,
મા કાળી ચાચર ને બહુચર બોલાવો,
રાસ રમો ને રંગ જમાવો,
ઉમિયા મા ગરબે ઘૂમવા આવો...ગરબે...

નિરખવા રાસ સર્વ દેવો પધાર્યા,
ભક્તોએ માડી તમને કુલડે વધાવ્યા
સૌ કોઈને ધન્ય બનાવો,
ઉમિયા મા ગરબે ઘૂમવા આવો...ગરબે...

# માડી કેરું મંદિર

માડી કેરુંમંદિર છે ભકિતનું ધામ,
ગુંજતુ સદાયે માત ઉમિયાનું નામ;
માડી કેરુ મંદિર છે ભકિતનું ધામ

કડવા પાટીદારો આવે માને દ્વારે,
કુળદેવી ઉમિયાની આરતી ઉતારે;
ગુર્જર ભૂમિ પર જ્યાં ઊંઝા રૂડાં ધામ.... માડી કેરું

તાળિયોને તાલે રૂડા ગરબા ગવાય છે,
નયનોમાં નેહને હૈયા હરખાય છે;
સોરઠમાં લિલિયા ને સિદસર મુકામ.... માડી કેરું

ઉમિયાને આંગણે ઓચ્છવ ઉજવાય છે,
ભાવ ધરી ભકતો જ્યાં દર્શને જાય છે,
કચ્છની ધરા પર જ્યાં વાંઢાય માનું ધામ.... માડી કેરું

ઊંઝામા ઉમિયા ને પાવે મહાકાળી,
આરાસુરે અંબા ને કચ્છમાં મઢવાળી,
રૂપ ધર્યા જૂજવા પણ એક માનું નામ.... માડી કેરું

## ગરબો

(ઢાળ : એક વાર એક વાર એક કાના મારા)

એક વાર એક વાર ઉમિયા મારે મંદિરીયે આવો ને,
મારે મંદિરીયે આવો ને માડી મારે મંદિરીયે આવો ને.

અબીલ ગુલાલના સાથિયા પુરાવ્યા પગલાં કરવાને તમે આવો રે,
ગંગાના નીરથી ચરણ પખાળું પાવન કરવાને ઘર આવો રે. ... એક વાર

સોના રૂપાના બાજઠ ઢાળું બેસણા કરવાને તમે આવો રે,
ઝગમગ દીવડાની આરતી ઉતારું, આશિષ દેવાને માત આવો રે ...એક વાર

બત્રીસ ભાતના નૈવેદ્ય ધરાવું, ભોજન કરવાને માત આવો રે,
રૂડા રૂપાળા ગાદલા બિછાવું, પોઢણ કરવાને માત આવો રે ...એક વાર

# ગરબો - આભલામાં ઊડે રે : ગુલાલ

આભલામાં ઊડે રે ગુલાલ માડી આજ ગરબે ઘૂમે
રે વાંઢાય ધામે ઊડે રે ગુલાલ, માડી આજ ગરબે ઘૂમે રે

ગબ્બરના ગોખથી અંબિકા ઊતર્યા
ઊંઝાધામેથી મા ઉમાને નોતર્યા
આરાસુરમાં ઊડે રે ગુલાલ માડી આજ ગરબે ઘૂમે રે
આભલામાં...

બૌચરમાં આવ્યા ને ચાચરને લાવ્યાં
વાંઢાયધામેથી મા ઉમાને બોલાવ્યાં
સંખલપુરમાં ઊડે રે ગુલાલ, માડી આજ ગરબે ઘૂમે રે
આભલામાં ....

ખેલે મહાકાળી લઈ રંગતાળી
રમવા આવી સિદસરવાળી
પાવાગઢમાં ઊડે રે ગુલાલ, માડી આજ ગરબે ઘૂમે રે
આભલામાં...

ઉમિયામાં આવ્યા ને રિદ્ધિસિદ્ધિ લાવ્યાં
સર્વે દેવીઓને રમવા બોલાવ્યાં
ઊંઝાધામે ઊડે રે ગુલાલ માડી આજ ગરબે ઘૂમે રે
આભલામાં....

## ગરબો રંગ ભર્યો

ગરબે ઘૂમવા આવોને ઉમિયા
ઊંઝાવાળી માત.... ગરબો રંગ ભરિયો રે
ગરબે ઘૂમવા આવોને ઉમિયા
વાંઢાયવાળી માત.... ગરબો રંગ ભરિયો રે
સરખી સાહેલી ભેગી મળી છે,
શિર પર ગરબો લઈ નિસરી છે
સોળ સજી શણગાર.... ગરબો રંગ ભરિયો રે
કુમકુમ કેસરના પૂર્યા છે સાથિયા,
સોના રૂપાના મૂકયા બાજોઠિયા
પગલાં પાડોને અમ દ્વાર.... ગરબો રંગ ભરિયો રે
ગરબો કોરીને મહીં મૂકયા છે દીવડા,
પલકે છે આજ જાણે નભના તારલિયા
જાણે તેજે મઢયું આકાશ.... ગરબો રંગ ભરિયો રે
હૈયેથી હેત ભરી વરસે છે હેલી,
તમ સંગ રમવાની આશ છે ઘણેરી
કરશો ન માડી તમે વાર.... રંગ ભરિયો રે

## ઉમિયા માની ચુંદલડી

ઢાળ : એક રાજપરા ગામે મંદિરીયું

માએ ઓઢી નવરંગ ચુંદલડી
એની શોભા અપરંપાર રે
ઉમિયા માની ચુંદલડી
માની ચુંદલડીમાં હીરા જડયા
એની કોરે કસુંબલ ભાત રે
ઉમિયા માની ચુંદલડી....માએ ઓઢી...
એમાં ટમકે નવલખ તારલાં
એમાં ચમકે સૂરજ, ચાંદ રે
ઉમિયા માની ચુંદલડી....માએ ઓઢી...
માની ચુંદડીએ માણેક રત્ન જડ્યા
એમાં ગુંથ્યા હીરના તાર રે
ઉમિયા માની ચુંદલડી....માએ ઓઢી...
મા ચુંદડી ઓઢી ગરબે ઘૂમે
જોવા આવ્યા નર ને નાર રે
ઉમિયા માની ચુંદલડી....માએ ઓઢી...

## :: સને ૧૯૭૭ થી સને ૨૦૨૪ સુધીના ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયના મંત્રીશ્રીઓ ::



**શ્રી નારાણભાઈ વિશ્રામ ભગત**
ખેડોઈ–મુંબઈ



**શ્રી છગનભાઈ પ્રેમજી અમૃતિયા**
કલ્યાણપર–ભુજ



**શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી**
વિરાણી મોટી–મુંબઈ



**શ્રી કરસનભાઈ પચાણ ચૌહાણ**
આણંદસર–ભુજ



**શ્રી માધવજી પ્રેમજી અમૃતિયા**
કલ્યાણપર–ભુજ



**શ્રી શિવજીભાઈ નાનજી કાનાણી**
કલ્યાણપર–ભુજ



**શ્રી જયેશભાઈ સોમજી છાભૈયા**
રાજપર–ભુજ




**શ્રી બાબુભાઈ સામજી ચોપડા**
જીયાપર

## વાંઢાયની હરિહર પરંપરાના બ્રહ્મલીન થઈ ગયેલ સંતો અને મહંતો


સંતશ્રી વિહારીસાહેબ


સંતશ્રી ક્ષેમસાગર



સંતશ્રી ઈશ્વરરામજી મહારાજ



સંતશ્રી લાલરામજી મહારાજ


સંતશ્રી ઓધવરામજી મહારાજ


સંતશ્રી દયાળદાસજી મહારાજ


સંતશ્રી શાંતિરામજી મહારાજ


સંતશ્રી વાલરામજી મહારાજ


સંતશ્રી કરશનદાસજી મહારાજ